RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 07-06-2026 I VOL : 12 I Issue : 82 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN   Contact :- MO : 9662420070   E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

બીજાનું ભલું કરશો તો તમારું પણ ભલું થશે. મન જીતશો તો જગ જીતશો.

3  કરજણમાં તંત્રની ઘોર નિદ્રા કે મીલીભગત? ગણપતપુરાથી કુરાલી ચોકડી સુધી...

4  પડદા પાછળનો ખેલ, મતાધિકાર માત્ર હાથીનો દાંત? દેશના સત્તા પલટા પાછળ કોનું રિમોટ કંટ્રોલ?

6  ટીવી સિરિયલમાં પાર્વતીનો રોલ કરનારી એક્ટ્રેસનો બિકિની અવતાર

7  પહેલા દિવસે જ અફઘાન સામે ભારત ડ્રાઈવિંગ સીટ પર: કેએલ રાહુલ અને...

## એક નજર...

### નિકિતા શર્માએ લિફ્ટમાં આપ્યા ગ્લેમરસ પોઝ



નિકિતા શર્માએ શોર્ટ્સમાં તસવીરો શેર કરી છે,અભિનેત્રી લિફ્ટમાં એક બાદ એક ગ્લેમરસ પોઝ આપી રહી છે. એક્ટ્રેસની આ કિલર તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. તેમજ તેના ફેન્સ તેની હોટનેસના વખાણ કરતા થાકતા નથી. નિકિતા શર્મા સોશિયલ મીડિયા પર ખુબ એક્ટિવ રહે છે,દરરોજ અભિનેત્રી તેની સિઝલિંગ તસવીરો શેર કરતી રહે છે.

### શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે સંગ્રામ તેજ

# દિલ્હીના જંતર-મંતર પર યુવાનોનો ભારે આક્રોશ

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી.

દેશના પાટનગર નવી દિલ્હીનું ઐતિહાસિક વિરોધ પ્રદર્શન સ્થળ જંતર-મંતર આજે ફરી એકવાર રાજકીય સંગ્રામનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. શિક્ષણ વ્યવસ્થા અને યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દે દેશભરમાં ભારે



આક્રોશ ફાટી નીકળ્યો છે. આ કટોકટીની સ્થિતિ વચ્ચે કૉક્રોચ જનતા પાર્ટી એટલે કે સીજેપીના સંસ્થાપક અભિજિત દીપક પોતે તમામ મોરચાઓને બાજુ પર મૂકીને જંતર-મંતરના મેદાનમાં રૂબરૂ પહોંચી ગયા છે, જેના કારણે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે.

સીજેપીના નેતૃત્વમાં એકત્રિત થયેલી યુવાનોની ભારે ભીડ અત્યારે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની એક જ જીદ પર અડી ગઈ છે. જંતર-મંતર પરથી સીધા શિક્ષણમંત્રી પર આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે અને તંત્ર સામે આરપારની લડાઈનું રણશિંગું ફૂંકી દેવામાં આવ્યું છે. દેશભરમાંથી આવેલા યુવા આંદોલનકારીઓની ભીડ સતત કાળઝાળ ગરમી વચ્ચે પણ વધી રહી છે. હજારોની સંખ્યામાં ઉમટી પડેલા આ યુવાધનના પૂરને રોકવા માટે દિલ્હી પોલીસ અને સુરક્ષા એજન્સીઓ પણ એક્શનમાં આવી ગઈ છે. હાલમાં જંતર-મંતર અને તેની આસપાસના સમગ્ર વિસ્તારને છાવણીમાં ફેરવી દઈને લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

પરિસ્થિતિ પળેપળે વધુ ઉગ્ર અને સંવેદનશીલ બની રહી છે.

યુવાનોની આંખોમાં દેખાતો ગુસ્સો અને અભિજિત દીપકની મેદાનમાં એન્ટ્રીએ કેન્દ્ર સરકારની ઊંઘ ઉડાવી દીધી છે. હવે આ આંદોલન કઈ દિશામાં આગળ વધશે, સત્તાધારી પક્ષ આ યુવા શક્તિ સામે ઝૂકશે કે કેમ, અને સીજેપીના સંસ્થાપક આગળ શું મોટો નિર્ણય લે છે તેના પર સમગ્ર દેશની નજર ટકેલી છે. પાક્કો ગુજરાત ન્યૂઝની ટીમ જંતર-મંતરના મેદાનમાંથી પળેપળની લાઈવ અપડેટ આપ સુધી પહોંચાડતી રહેશે.

## આ દેશનું રાજકારણ બદલાવા જઈ રહ્યું છે: આશુતોષ રાંકાનો મોટો દાવો

નવી દિલ્હી

દેશના પાટનગર નવી દિલ્હીના ઐતિહાસિક વિરોધ પ્રદર્શન સ્થળ જંતર-મંતર પર આયોજિત આંદોલન પૂર્વે જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. દેશભરની નજર આ પ્રદર્શન પર ટકેલી છે, ત્યારે કૉક્રોચ જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંકાએ એક અત્યંત મોટું અને ચોંકાવનારું નિવેદન આપીને સનસનાટી મચાવી દીધી છે. જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનની શરૂઆત થાય તે પહેલાં પત્રકારો સાથે વાતચીત કરતા પ્રવક્તા આશુતોષ



રાંકાએ દાવો કર્યો છે કે આજે આ દેશનું રાજકારણ બદલાવા જઈ રહ્યું છે. તેમણે પોતાના આ નિવેદન દ્વારા વિપક્ષી છાવણી અને સત્તાધારી પક્ષો બંને તરફ સીધો ઈશારો કર્યો છે. રાંકાના આ આત્મવિશ્વાસથી ભરેલા નિવેદન બાદ દિલ્હીના રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જાગી છે કે આખરે એવું તે શું થવાનું છે જેનાથી દેશના રાજકારણનો પ્રવાહ બદલાઈ જશે. જંતર-મંતર પર યોજાનારા આ પ્રદર્શનને લઈને કૉક્રોચ જનતા પાર્ટી દ્વારા આક્રમક રણનીતિ તૈયાર કરવામાં આવી હોવાનું જણાય છે. આશુતોષ રાંકાએ જણાવ્યું હતું કે પ્રજાના પ્રશ્નો અને વર્તમાન વ્યવસ્થા સામેનો આ વિરોધ માત્ર એક પ્રદર્શન નથી, પરંતુ દેશની રાજનીતિમાં એક નવા અધ્યાયની શરૂઆત સાબિત થશે. હવે જોવાનું એ રહેશે કે જંતર-મંતરના મંચ પરથી આશુતોષ રાંકા અને તેમની પાર્ટી કયા મુદ્દાઓ ઉઠાવે છે અને તેમના આ દાવા મુજબ દેશના રાજકારણમાં ખરેખર કોઈ મોટો બદલાવ આવે છે કે પછી આ માત્ર એક રાજકીય નિવેદનબાજી બનીને રહી જાય છે.

# વૈશ્વિક સંકટ વચ્ચે PM મોદીની ઈકોનોમિક કાઉન્સિલ સાથે હાઈ-લેવલ બેઠક

### આ બેઠકમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની ભારત અને વિશ્વના અર્થતંત્ર પર શું અસરો પડી શકે છે તેનું ઊંડું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

નવી દિલ્હી

આખી દુનિયા અત્યારે ભારે આર્થિક અસ્થિરતા અને ભૌગોલિક-રાજકીય તણાવમાંથી પસાર થઈ રહી છે. ખાસ કરીને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક બજારો ડગમગી



રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિઓ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આર્થિક સલાહકાર સમિતિ (PM-EAC) સાથે એક મહત્વની બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતની આર્થિક ગતિને કેવી રીતે જાળવી રાખવી અને બાહ્ય આંચકાઓ સામે દેશને કેવી રીતે મજબૂત કરવો તે અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી.

મિડલ ઈસ્ટ સંકટ અને તેલ બજાર પર મોટો ખતરો સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ બેઠકમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની ભારત અને વિશ્વના અર્થતંત્ર પર શું અસરો પડી શકે છે તેનું ઊંડું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. સપ્લાય ચેઈન: વૈશ્વિક માલસામાનની હેરફેરમાં અવરોધો. મોંઘવારી: આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવો વધવાનું જોખમ. વૈશ્વિક વેપાર: આંતરરાષ્ટ્રીય વ્યાપારી માર્ગો પ્રભાવિત થવાની આશંકા. ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું ઈંધણ વિદેશથી આયાત કરતો દેશ હોવાથી સરકાર આ ક્ષેત્રમાં ઉર્જા પુરવઠાની અનિશ્ચિતતા પર ખૂબ જ બારીકાઈથી નજર રાખી રહી છે.

આ દાયકો આફતોનો દાયકો છે: PM મોદી આ આર્થિક ચર્ચાઓ એવા સમયે થઈ રહી છે જ્યારે વડાપ્રધાન મોદીએ તાજેતરમાં જ વિશ્વ સામે આવી રહેલા અભૂતપૂર્વ પડકારો વિશે મોટી ચેતવણી આપી છે. ગઈકાલે શુક્રવારે સુરતમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના અવસરે એક સભાને સંબોધિત કરતી વખતે વડાપ્રધાને વર્તમાન દાયકાને 'આફતોનો દાયકો' ગણાવ્યો હતો. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં વૈશ્વિક કટોકટીઓનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આ વર્તમાન દાયકો વધુને વધુ આફતોનો દાયકો બની રહ્યો છે, જે કોવિડ-19 મહામારી અને સશસ્ત્ર સંઘર્ષોથી લઈને ઉર્જા બજારો અને સપ્લાય ચેઈનમાં ભંગાણ સુધીની શ્રેણીબદ્ધ વૈશ્વિક કટોકટીઓ દ્વારા ચિહ્નિત થયેલ છે. વૈશ્વિક સ્તરે બળતણના ભાવોમાં અસ્થિરતા અને ઉર્જા પુરવઠા નેટવર્ક પરનું દબાણ વિશ્વભરના અર્થતંત્રોને પ્રભાવિત કરી રહ્યું છે.

## NEWS TRACK

### અમેરિકા-ઈરાનના સામસામે હુમલા, ખાડી દેશોમાં સાયરન વગાડી લોકોને છુપાઈ જવા નિર્દેશ

પશ્ચિમ એશિયામાં યુદ્ધવિરામની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું છે. સીઝફાયરની ચર્ચાઓ અંગે વિરોધાભાસી નિવેદનો આપ્યાના ગણતરીના દિવસોમાં જ, શનિવારે વહેલી સવારે અમેરિકા અને ઈરાને એકબીજા પર સીધા સૈન્ય હુમલા કર્યા છે. બીજી તરફ, લેબેનોનમાં પણ ઈઝરાયલ અને ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ વચ્ચેની લડાઈ સીઝફાયર કરાર હોવા છતાં વધુ હિંસક અને તીવ્ર બની ગઈ છે. શનિવારે સવારે આખા ક્ષેત્રમાં જે તબાહી મચી છે. હોર્મુઝની ખાડીમાં ભારે સંગ્રામ યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું છે કે અમેરિકાની સેનાએ ઈરાન દ્વારા હોર્મુઝની ખાડી અને ખાડી વિસ્તાર તરફ છોડવામાં આવેલી મિસાઈલો અને ડ્રોનની મોટી લહેરને હવામાં જ તોડી પાડી છે. આ ચાર આત્મઘાતી ડ્રોનને તોડી પાડ્યા બાદ, અમેરિકી સેનાએ ઈરાનની અંદર ઘૂસીને તેના દરિયાકાંઠાના સર્વેલન્સ રડાર સાઈટ્સ પર બોમ્બમારો કર્યો છે.

### શાંતિ વાટાઘાટો અટકી! ઈરાને અમેરિકા પાસે માંગ્યા 24 અબજ ડોલર, યુદ્ધ થયું તો મોટા હુમલાની ધમકી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી ભારે અશાંતિ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચેની રાજકીય વાટાઘાટો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. તેહરાને સ્પષ્ટ શરત મૂકી છે કે જ્યાં સુધી અમેરિકા દ્વારા ફ્રીઝ કરાયેલા તેના અબજો ડોલર મુક્ત કરવામાં નહીં આવે, ત્યાં સુધી કોઈ પણ પ્રકારની સમજૂતી શક્ય નથી. અમે યુદ્ધ જીતી ગયા છીએ: ઈરાનનો દાવો ઈરાનના સર્વોચ્ચ નેતા મોહમ્મદ મોહતબા ખામેનેઈના સૈન્ય સલાહકાર મોહસેન રેઝાઈએ તેહરાનમાં CNNને આપેલા એક ઈન્ટરવ્યુમાં મોટો ધમાકો કરતા કહ્યું છે કે, હાલમાં આ વાટાઘાટો ગતિરોધમાં છે અને હવે નિર્ણય ટ્રમ્પે જ લેવાનો છે. ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે જ્યારે ઈરાન યુદ્ધોમાં વિજયી બનીને ઉભરી આવ્યું છે. ઈરાને અમેરિકા પાસે 24 બિલિયન ડોલર માંગ્યા આ આખા વિવાદના કેન્દ્રમાં ઈરાનનું ફ્રીઝ થયેલું ફંડ છે. ઈરાન માંગ કરી રહ્યું છે કે અમેરિકા તેના જપ્ત કરાયેલા 24 અબજ ડોલર તાત્કાલિક મુક્ત કરે. મોહસેન રેઝાઈએ આ રકમ મેળવવા માટેનો આખો પ્લાન રજૂ કર્યો છે. જે અનુસાર બંને દેશો વચ્ચે પ્રારંભિક કરાર પર હસ્તાક્ષર થતાં જ અમેરિકાએ 12 બિલિયન ડોલર મુક્ત કરવા પડશે.

# મહેસાણા પોલીસ તંત્રમાં સડો: ખાખી શરમ અનુભવે તેવો મહાવિસ્ફોટ!

## મહેસાણાના 'બીજા SP' તરીકે વટ પાડતો લાંગણજનો કોન્સ્ટેબલ તરુણસિંહ ડાભી; આખા જિલ્લામાં કરોડોનું સમાંતર હપ્તા-રાજ!

મહેસાણા:

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે તે સાબિત કરતો વધુ એક સનસનાટીપૂર્ણ કિસ્સો મહેસાણા જિલ્લામાંથી સામે આવ્યો છે. લાંગણજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો સામાન્ય કોન્સ્ટેબલ તરુણસિંહ ડાભી આજે આખા મહેસાણા જિલ્લાનો અઘોષિત 'બાપ' બનીને બેઠો છે. જિલ્લા પોલીસવડા (SP)ના કથિત 'વહીવટદાર' તરીકે ઓળખાતો આ કોન્સ્ટેબલ મહેસાણા, કડી અને નંદાસણમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવી રહ્યો છે.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ના આ સીધા પ્રહારો જુઓ, જે મહેસાણા પોલીસની આબરૂ ધૂળમાં મેળવી દેશે:

૧. આખા જિલ્લામાં ગુનાખોરીના અડ્ડા: ખાખીની છત્રછાયામાં મોતનો સામાન!

તરુણસિંહ ડાભીના સીધા પ્રોટેક્શન હેઠળ મહેસાણાના ખૂણે-ખૂણે જુગારધામો અને દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે:

લાંગણજ પંથક: ગોઝારીયામાં બેચર ઠાકોર, લીંચમાં સુરેશ ઠાકોર અને વિરસોડા-મંડાલીમાં મોસીન ખુલ્લેઆમ વિદેશી દારૂ વેચી રહ્યા છે.

નંદાસણ વિસ્તાર: રાજપુર ગામમાં ઈમ્તિયાઝ અને સરફરાઝનું હાઈપ્રોફાઈલ આલીશાન જુગારધામ ચાલે છે, જ્યારે કાળુસિંહ દારૂનું નેટવર્ક સંભાળે છે.

કડી પંથક: મનોજ, જાવેદ, ઈશ્વરસિંહ અને કિશન ઠાકોર જેવા બુટલેગરો જાણે પોલીસના જમાઈ હોય તેમ બેખોફ ધંધો કરે છે.

બાવલુ પોલીસ મથક: લોર ગામના ઠાકોરવાસ પાસે ખુલ્લા ખેતરમાં રમેશ ઠાકોર નામનો બુટલેગર કરોડો રૂપિયાનો જુગાર રમાડે છે. પી.આઈ. બડવાને વારંવાર જાણ કરવા છતાં સાહેબ 'ગાંધીજીના વાંદરા' બનીને બેઠા છે!

**જિલ્લા પોલીસવડા (SP) અને LCB પી.આઈ. કામડીયાની રહસ્યમય મૌન આંગળી: 'પાક્કો ગુજરાત'ના અહેવાલ પછી પણ એક્શન શૂન્ય, બુટલેગરોએ પતાવટ કરવા ફોન શરૂ કર્યા!**

૨. રાજસ્થાન કનેક્શન: ઈન્ટરસ્ટેટ માફિયાઓ સાથે સીધું સેટિંગ!

એક સામાન્ય કોન્સ્ટેબલનો પાવર એટલો છે કે તે આંતરરાજ્ય ગેંગ ઓપરેટ કરે છે. રાજસ્થાનના કુખ્યાત માફિયાઓ જેવા કે આશુ અગ્રવાલ (આબુ રોડ), ગુલાબસિંહ (દાંતીવાડા), છોટુ બિશ્નોઈ, સુરેશ બિશ્નોઈ અને ભજનલાલ બિશ્નોઈ (સાંચોર) સાથે તરુણસિંહનું સીધું સેટિંગ છે. રાજસ્થાનથી નીકળતા દારૂના આખેઆખા કન્ટેનરો કોઈ પણ રોકટોક વગર મહેસાણાની સરહદમાં ઘુસાડવામાં આવે છે. સ્થાનિક નાના બુટલેગરોને કડક ફતવો બહાર પાડવામાં આવ્યો છે કે, 'દારૂ માત્ર તરુણસિંહના માણસો પાસેથી જ લેવો, જો બહારથી લાવ્યા તો પોલીસ રેડ પાડીને જેલમાં નાખી દેશે!'

૩. તરુણસિંહનો કાળો ઈતિહાસ: સંત્રી ડ્યુટીથી બચવા સુધીનો ખેલ!

આ કોઈ નવો ખેલ નથી, તરુણ ડાભી જૂનો ખેલાડી છે:

ચાલુ નોકરીએ બુટલેગરને મળવા ગયો: ૩ વર્ષ પહેલાં બાવલુ પોલીસ સ્ટેશનમાં હતો ત્યારે ચાલુ નોકરીએ રાજસ્થાનના સાંચોરમાં બુટલેગર આશુ અગ્રવાલને મળવા ગયો હતો. તત્કાલીન એસ.પી.એ લોકેશન ટ્રેક કરીને પકડી પાડ્યો હતો અને સજાના ભાગરૂપે સંત્રી ડ્યુટી પર મૂક્યો હતો.

SMC ની રેડમાંથી આબાદ બચાવ: ૯ મહિના પહેલાં કડીમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ દારૂનું કન્ટેનર પકડ્યું ત્યારે બુટલેગર ઈમરાનનું નામ ખૂલ્યું હતું. આ કેસમાં તરુણ ડાભીનું નામ આવવાનું જ હતું, પરંતુ મહેસાણા જિલ્લા બહારના એક લાલચુ પીએસઆઈ (PSI) અને ઈમરાન વચ્ચે મોટી ગોઠવણ કરાવીને આ વહીવટદારને બચાવી લેવાયો!

૪. LCB પી.આઈ. કામડીયા અને જિલ્લા એસ.પી. (SP) કેમ લાચાર?

જ્યારે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા એલસીબી પી.આઈ. કામડીયાનો સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે અત્યંત બેશરમીપૂર્વક નિવેદન આપ્યું કે, 'જિલ્લામાં કોઈ દારૂ-જુગાર ચાલતો નથી અને તરુણ ડાભી કોણ છે મને ખબર જ નથી!'

સૌથી મોટો સવાલ: આખા જિલ્લાની ગુપ્ત માહિતી રાખતા LCB પી.આઈ.ને પોતાના જ સ્ટાફના કરોડોના આસામી કોન્સ્ટેબલ તરુણ ડાભીની ખબર નથી? એસ.પી. (SP) સાહેબને લેખિત અને મૌખિક જાણ કરવા છતાં હજુ સુધી તરુણ ડાભી પર કોઈ પગલાં કેમ નથી લેવાયા?

શરમજનક બાબત: 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા LCB પી.આઈ. કામડીયાને પુરાવા સાથે માહિતી આપ્યા બાદ, ઉલટાનું ગુનેગારો અને બુટલેગરો અમારા ઓફિસના નંબર પર ફોન કરીને ધમકી અને લાલચ આપી રહ્યા છે કે 'વહીવટ પતાવી દો!' આનો અર્થ એ કે પોલીસ જ બુટલેગરોને પત્રકારોના નંબર લીક કરીને પતાવટ કરવા મોકલે છે!

૫. 'પાક્કો ગુજરાત'નો ગૃહમંત્રી અને ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસને સીધો સવાલ:

1 જિલ્લા એસ.પી. (SP) સાહેબ, તમારા નામે આખો જિલ્લો ઉઘરાવતો આ તરુણસિંહ ડાભી કોન્સ્ટેબલ છે કે મહેસાણાનો સુપર એસ.પી.? એવું તે કયું મોટું સેટિંગ છે કે તમારી નાક નીચે આટલો મોટો કાળો કારોબાર ચાલવા છતાં તમારા હાથ બંધાયેલા છે? 2 LCB પી.આઈ. કામડીયા સાહેબ, બુટલેગરોને અમારા નંબર આપીને પતાવટ કરાવવાના ધંધા ક્યારથી શરૂ કર્યા? જો મહેસાણામાં કેમિકલવાળા ઝેરી દારૂના કારણે કોઈ ભયાનક 'લઠ્ઠાકાંડ' સર્જાયો, તો તેની એફઆઈઆર (FIR) માં પહેલું નામ જિલ્લા એસ.પી. અને તમારું કેમ ન હોવું જોઈએ?

અંતિમ ચેતવણી:

SMC દરોડા પાડે ત્યારે માત્ર નાના જમાદારોને સસ્પેન્ડ કરવાનું નાટક બંધ કરો. મહેસાણાની જનતા અને 'પાક્કો ગુજરાત ન્યૂઝ' રાજ્યના ગૃહ વિભાગને અપીલ કરે છે કે, આ ભ્રષ્ટ સિન્ડિકેટના અસલી માસ્ટરમાઈન્ડ તરુણસિંહ ડાભી, લાચાર પી.આઈ. કામડીયા અને આખી ટોળકી પર તાત્કાલિક કડક ખાતાકીય પગલાં ભરી સસ્પેન્ડ કરવામાં આવે. જો કાર્યવાહી નહીં થાય, તો ગાંધીનગર સુધી આ ભ્રષ્ટાચારના પુરાવાઓ રજૂ કરવામાં આવશે!

**જોતા રહો – પાક્કો ગુજરાત ન્યૂઝ! સચ્ચાઈ અટકશે નહીં, ઝૂકશે નહીં!**




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# પ્રિયંકા ઉર્ફે પીયુની માયાજાળમાં ફસાયા અનેક ધનકુબેરો, મીઠી વાતો કરી જાળમાં ફસાવતી ટોળકીને જેતપુર પોલીસે દબોચી

જેતપુર/રાજકોટ

સૌરાષ્ટ્રના વેપારીઓ, કારખાનેદારો અને ઉદ્યોગપતિઓને પોતાની માયાજાળમાં ફસાવીને લાખો રૂપિયાનો તોડ કરતી શાતિર હની-ટ્રેપ ગેંગનો જેતપુર પોલીસે પર્દાફાશ કર્યો છે. પૈસાદાર આધેડોને ટાર્ગેટ બનાવી, તેમને પ્રેમજાળમાં ફસાવીને બળાત્કાર જેવા ગંભીર પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી લાખો રૂપિયા પડાવતી ટોળકીની મુખ્ય સૂત્રધાર મહિલાને પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દીધી છે. પોલીસની આ કડક કાર્યવાહીથી સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

આ આખી ચોંકાવનારી ઘટનાની વિગતો મુજબ, થોડા દિવસો પહેલા જ જેતપુર સીટી પોલીસ સ્ટેશન અને જામકંડોરણા પોલીસ મથકમાં આ હની-ટ્રેપ ગેંગ વિરૂદ્ધ બે અલગ-અલગ ગુના નોંધાયા હતા. આ મામલાની ગંભીરતાને લઈને પોલીસે ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જેમાં પોલીસે કાવતરાની મુખ્ય આરોપી પ્રિયંકા ઉર્ફે પીયુ હંસરાજભાઈ ગીણોયા (રહે. કાલાવડ, જામનગર) ની ધરપકડ કરી લીધી છે. આ બંને કેસમાં અત્યાર સુધીમાં કુલ ૧૧ જેટલા સાગરીતોની અટકાયત કરવામાં પોલીસને મોટી સફળતા મળી છે.

આ ટોળકીની મોડસ ઓપરેન્ડી એટલી આયોજનબદ્ધ હતી કે કોઈ પણ વ્યક્તિ સરળતાથી તેમની જાળમાં ફસાઈ જાય. ગેંગના માણસો ગૂગલ અથવા દુકાનોના બોર્ડ પરથી કોઈ સુખી સંપન્ન વેપારી કે કારખાનેદારનો મોબાઈલ નંબર મેળવતા હતા. ત્યારબાદ મુખ્ય આરોપી પ્રિયંકા ઉર્ફે પીયુ તે નંબર પર ફોન કરીને મીઠી-મીઠી વાતોથી વેપારીઓને પોતાના પ્રેમમાં અંધ કરતી હતી. વેપારી વાતોમાં આવી જાય એટલે તેને કોઈ એકાંત જગ્યાએ મળવા બોલાવવામાં આવતો હતો.

રાજ્યના નવા ડીજીપી તરીકે સંભાળશે કમાન

# ગુજરાત પોલીસ વડા તરીકે જી.એસ. મલિકની તાજપોશી

## વહીવટી તંત્ર પર પકડ અને કાયદાના કડક અમલીકરણ માટે જી.એસ. મલિક ખાસ ઓળખ છે

ગાંધીનગર

ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ અને પોલીસ પ્રશાસન તરફથી આ સમયના સૌથી મોટા અને મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યના સુરક્ષા તંત્રને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવા માટે સરકારે એક મોટો વહીવટી નિર્ણય લીધો છે. સિનિયર આઈપીએસ અધિકારી જી. એસ. મલિકની ગુજરાત રાજ્યના નવા ડીજીપી એટલે કે ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ તરીકે સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. રાજ્યના કાયદો અને વ્યવસ્થાના સર્વોચ્ચ પદ પર તેમની તાજપોશી થતાં જ પોલીસ બેડા સહિત રાજકીય ગલિયારાઓમાં ભારે ગરમાવો આવી ગયો છે.

નવા પોલીસ વડા તરીકે નિયુક્ત થયેલા જી. એસ. મલિક શિસ્તબદ્ધ, નીડર અને બહોળો વહીવટી અનુભવ ધરાવતા અધિકારી તરીકે જાણીતા છે. ભૂતકાળમાં તેમણે રાજ્યના અનેક સંવેદનશીલ જિલ્લાઓ અને પોલીસના મહત્વના વિભાગોમાં પોતાની શાનદાર સેવાઓ આપીને ગુનેગારોમાં ખાખીનો ખોફ પેદા કર્યો છે. વહીવટી તંત્ર પર પકડ અને કાયદાના કડક અમલીકરણ માટે તેમની ખાસ ઓળખ છે. હવે જ્યારે તેઓ ગુજરાત પોલીસના સર્વોચ્ચ પદની કમાન સંભાળવા જઈ રહ્યા છે, ત્યારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

જી. એસ. મલિક સામે આગામી સમયમાં અનેક મોટા પડકારો પણ રહેલા છે. રાજ્યમાં વધી રહેલા સાયબર ક્રાઈમ, ડ્રગ્સના નેટવર્કને નેસ્તનાબૂદ કરવું, મહિલાઓની સુરક્ષા અને દરિયાઈ સરહદોની લોખંડી ચોકીદારી જેવા મહત્વના મુદ્દાઓ પર તેમની કામગીરી પર સૌની નજર રહેશે. આ ઉપરાંત, પોલીસ પ્રશાસનમાં આધુનિકીકરણ લાવવું અને સામાન્ય જનતામાં પોલીસ પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત કરવો એ પણ તેમની પ્રાથમિકતા રહેશે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી પોલીસ વિભાગમાં એક નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવા ડીજીપીની આગેવાની હેઠળ ગુજરાત પોલીસ ગુનાખોરી સામે કયા કડક પગલાં ભરે છે અને બુટલેગરો તથા માફિયાઓ પર કઈ રીતે કાયદાનો કોરડો વીંઝે છે તે જોવું રસપ્રદ રહેશે. પાક્કો ગુજરાત ન્યૂઝ નવા ડીજીપી જી. એસ. મલિકને આ સર્વોચ્ચ પદ સંભાળવા બદલ શુકાન પાઠવે છે અને આશા રાખે છે કે તેમના નેતૃત્વમાં ગુજરાત સુરક્ષાના ક્ષેત્રે નવા આયામો સર કરશે.




# દેશમાં લોન્ચ થયું 85% ઇથેનોલવાળું પેટ્રોલ : સામાન્ય પેટ્રોલ કરતાં 20 રૂપિયા સસ્તું મળશે

ગાંધીનગર

દેશના કરોડો વાહનચાલકો અને મધ્યમ વર્ગના પરિવારો માટે કેન્દ્ર સરકાર તરફથી મોંઘવારીના આ યુગમાં એક અત્યંત રાહત આપનારા સમાચાર સામે આવ્યા છે. દેશમાં પ્રદૂષણ ઘટાડવા અને ઈંધણના ભાવ પર કાબૂ મેળવવા માટે સરકારે એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે. સરકાર દ્વારા સત્તાવાર રીતે ૮૫ ટકા ઈથેનોલના મિશ્રણવાળું ખાસ પેટ્રોલ લોન્ચ કરી દેવામાં આવ્યું છે. આ નવા ઈંધણની સૌથી મોટી અને ખાસ વાત એ છે કે તે અત્યારે બજારમાં મળી રહેલા સામાન્ય પેટ્રોલ કરતાં પ્રતિ લીટર અંદાજે ૨૦ રૂપિયા જેટલું સસ્તું મળશે. આ જાહેરાતથી વાહનચાલકોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ અંગે કેન્દ્રીય મંત્રીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, આ નવું ઈંધણ પર્યાવરણને અનુકૂળ હોવાની સાથે દેશની આર્થિક પ્રગતિમાં પણ મોટો ફાળો આપશે. આ સાથે જ મંત્રીજીએ વાહનચાલકોની મૂંઝવણ દૂર કરતા એક મોટો ખુલાસો કર્યો હતો કે, જે વાહનો અત્યારે ઈ૨૦ (E20) પેટ્રોલ પર ચાલી રહ્યા છે, તેમને ચિંતા કરવાની કોઈ જરૂર નથી કારણ કે બજારમાં ઈ૨૦ પેટ્રોલ પણ સતત મળતું જ રહેશે. નવીનતમ ટેકનોલોજી આધારિત આ પગલાથી વિદેશથી આયાત થતા ક્રૂડ ઓઈલ પરની ભારતની નિર્ભરતામાં મોટો ઘટાડો થશે. આ નવું પેટ્રોલ શરૂઆતમાં દેશના મુખ્ય શહેરોના પસંદગીના પંપો પર ઉપલબ્ધ કરાવવામાં આવશે અને આગામી સમયમાં તેનો વ્યાપ વધારવામાં આવશે. ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન ધરાવતા વાહનો માટે આ ઈંધણ આશીર્વાદરૂપ સાબિત થશે. પાક્કો ગુજરાત ન્યૂઝ આ ગ્રીન અને સસ્તા ઈંધણના લોન્ચિંગને આવકારે છે, જે સામાન્ય જનતાના ખિસ્સાનો બોજ હળવો કરવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે.

રાજ્યસભાના ચારેય ઉમેદવારો સાવ અજાણ્યા ચહેરા : ત્રણનું નીકળ્યું RSS કનેક્શન

# ભાજપે ફરીથી હાઈકમાન્ડ સ્ટાઈલમાં ચોંકાવ્યા

ગાંધીનગર/દિલ્હી

ગુજરાતના રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા અને દૂરોગામી અસરો છોડનારા રાજકીય સમાચાર સામે આવી રહ્યા છે. હંમેશાં પોતાના નિર્ણયોથી રાજકીય પંડિતોને આશ્ચર્યમાં મૂકી દેનારી ભારતીય જનતા પાર્ટીએ આ વખતે પણ રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારોની જાહેરાત કરીને સૌને સ્તબ્ધ કરી દીધા છે. ભાજપ હાઈકમાન્ડે આ વખતે ગુજરાતમાંથી રાજ્યસભાના જે ચાર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, તે સામાન્ય જનતા અને મીડિયા માટે તદ્દન અજાણ્યા છે. આ આખી યાદીમાં સૌથી મોટો ધડાકો એ છે કે જાહેર કરાયેલા ચારમાંથી ત્રણ ઉમેદવારોનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે કે આરએસએસ સાથે ખૂબ જ મજબૂત કનેક્શન હોવાનું સામે આવ્યું છે. ભાજપની આ નવી સોગઠબાજીએ પક્ષના આંતરિક વર્તુળોમાં પણ ખળભળાટ મચાવી દીધો છે.

આ નવી યાદીના જ્ઞાતિગત સમીકરણો પર નજર કરીએ તો ભાજપે આ વખતે બહુ મોટો પ્રયોગ કર્યો છે. ગુજરાતના રાજકારણમાં જે જ્ઞાતિનો વર્ષોથી દબદબો રહ્યો છે તે પાટીદાર સમાજનું આ વખતે પત્તું કાપી નાખવામાં આવ્યું છે. પાટીદારોના બદલે ભાજપે આ વખતે ઓબીસી કાર્ડ રમ્યું છે અને ઓબીસી વોટબેંકને કેન્દ્રમાં રાખીને ટિકિટોની વહેંચણી કરી છે. આ ઉપરાંત ભાજપે આગામી સમયના સંગઠનને ધ્યાનમાં રાખીને એક આખી યુવા બ્રિગેડને મેદાનમાં ઉતારી દીધી છે. ટિકિટ વહેંચણીની આ પેટર્ન જોઈને પક્ષમાં ૫૦ વર્ષથી વધુની વય વટાવી ચૂકેલા અને સીનિયર હોવાનો દાવો કરતા નેતાઓને હાઈકમાન્ડે બહુ સ્પષ્ટ અને કડક મેસેજ આપી દીધો છે કે હવે પક્ષમાં માત્ર અને માત્ર પરફોર્મન્સ તેમજ સંઘ પ્રત્યેની વફાદારી જ ચાલશે.




આ યાદી પાછળ ભાજપનો એક બહુ મોટો માસ્ટર પ્લાન છુપાયેલો હોવાનું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. ખાસ કરીને સૌરાષ્ટ્રની પ્રતિષ્ઠિત ગણાતી સોમનાથ વિધાનસભા બેઠક અને તેની આસપાસના વિસ્તારોમાં પક્ષને મજબૂત કરવા માટે આ નવીનતમ રણનીતિ ઘડવામાં આવી છે.

ઓબીસી ચહેરાઓને આગળ કરીને ભાજપ સોમનાથ સીટ પર પોતાનું ગણિત સાધવા માંગે છે. ચારેય ઉમેદવારોના નામ એવા છે જેમની ક્યારેય કોઈએ કલ્પના પણ નહોતી કરી, જે દર્શાવે છે કે ભાજપમાં હવે જૂની પેઢીના સ્થાને નવી અને સંઘર્ષશીલ યુવા પેઢીને નેતૃત્વ સોંપવાની સત્તાવાર શરૂઆત થઈ ચૂકી છે. આ ચોંકાવનારી પસંદગી આગામી સમયની ચૂંટણીઓ પર કેવો પ્રભાવ પાડે છે, તેના પર પાક્કો ગુજરાત ન્યૂઝની ટીમ સતત નજર રાખશે.

પાઇપો અને ધોકા ઉછળ્યા

# વડોદરાના રાવપુરા ટાવર ચાર રસ્તા ઉપર જાહેરમાં ધીંગાણું..!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના અત્યંત વ્યસ્ત અને હૃદય સમાન ગણાતા રાવપુરા ટાવર ચાર રસ્તા પર ધોળા દિવસે હચમચાવી મૂકે તેવો એક હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હોવાની વિગતો સામે આવી છે. ટ્રાફિકથી સતત ધમધમતા આ વિસ્તારમાં નજીવી બાબતે બે યુવકો વચ્ચે વાત એટલી હદે વણસી ગઈ હતી કે બંને પક્ષો સરેઆમ રસ્તા પર જ એકબીજા સાથે આખલાની જેમ આખડી પડ્યા હતા. જોતજોતામાં મામલો ઉગ્ર મારામારી પર પહોંચી ગયો હતો અને રસ્તા પર લોખંડની પાઈપો તેમજ લાકડાના ધોકા ઉછળતા વાતાવરણ તંગ બની ગયું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ચાર રસ્તા પર બનેલી આ ઘટનાને પગલે આસપાસના લોકો અને વાહનચાલકોમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જાહેરમાં થઈ રહેલી આ લોહિયાળ જંગને જોવા માટે સ્થળ પર સેંકડો લોકોની ભીડ એકત્ર થઈ ગઈ હતી. રસ્તાની મધ્યમાં જ પાઈપો અને ધોકા સાથે થઈ રહેલી મારામારીના કારણે જાહેર માર્ગ પર વાહનોના પૈડાં થંભી ગયા હતા અને કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. વાહનચાલકો કલાકો સુધી અટવાઈ પડ્યા હતા અને આખી સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી. આ ભયાનક દ્રશ્યો વચ્ચે સંયોગવશાત ત્યાંથી પસાર થઈ રહેલા પાલિકાના ઈન્ચાર્જ સિટી ઈજનેરના સિક્યુરિટી ગાર્ડે અપ્રતિમ હિંમત દાખવી હતી.

# મહેસાણા LCBનો અત્યાર સુધીનો સૌથી મોટો સપાટો, મકતુપુર હાઈવે પરથી 1.01 કરોડનો વિદેશી દારૂ ઝડપાયો

મહેસાણા / ઊંઝા

મહેસાણા જિલ્લામાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાડતા બુટલેગરોના નેટવર્ક પર લોકલ ક્રાઈમ બ્રાન્ચે કાળઝાળ પ્રહાર કર્યો છે.

જિલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીની કડક સૂચના બાદ પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા મેદાને ઉતરેલી એલસીબીની ટીમે ઊંઝા પોલીસ સ્ટેશન વિસ્તારના મકતુપુર ગામ હાઈવે પરથી એક કરોડથી વધુની કિંમતના વિદેશી દારૂના મસમોટા જથ્થા સાથે બે શાતિર તસ્કરોને દબોચી લેવામાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે.

આ આખી ફિલ્મી ઓપરેશનની વિગતો મુજબ, એલસીબી પીઆઈ એ. એમ. કામળીયાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમો વોચમાં હતી. આ દરમિયાન ગત ૫ જૂનના રોજ ચોક્કસ બાતમી મળી હતી કે બનાસકાંઠા તરફથી એક લાલ કલરની ટાટા ટ્રકમાં મોટા પાયે દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પીએસઆઈ બી.એ. પરમાર અને એલસીબીની ટીમે મકતુપુર ગામ પાસે શિવમ માર્બલ ગ્રેનાઈટ હાઈવે પર લોખંડી નાકાબંધી ગોઠવી દીધી હતી. શંકાસ્પદ ટ્રક આવતા જ પોલીસે તેને આંતરીને તપાસ કરી તો પ્રથમ નજરે પોલીસને ગેરમાર્ગે દોરવા માટે ટ્રકમાં કાળી માટી ભરેલી બોરીઓ ગોઠવેલી હતી.

પરંતુ પાક્કો ગુજરાત ન્યૂઝના અહેવાલોની જેમ જ ચાલાક પોલીસે જ્યારે માટીની બોરીઓ હટાવી, ત્યારે નીચેનો નજારો જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. બોરીઓની નીચે ખાના બનાવીને છુપાવેલી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૯૭૪ પેટીઓ મળી આવી હતી, જેમાંથી પોલીસે અંદાજે ૪૧,૬૭૬ બોટલ દારૂ જપ્ત કર્યો છે. પોલીસે સ્થળ પરથી ૮૬ લાખથી વધુની કિંમતનો દારૂ, ૧૫ લાખની ટ્રક, મોબાઈલ ફોન, રોકડ અને નકલી બિલ્ટીઓ સહિત કુલ રૂપિયા ૧,૦૧,૭૩,૭૪૦ નો મુદ્દામાલ જપ્ત કરીને કાયદાનો સકંજો કસ્યો છે.

ડિઝાઇન તૈયાર કરવા રેલ્વે અને AMC બેઠક કરશે

# અમદાવાદના મણિનગર રેલવે ઓવરબ્રિજ બનાવવામાં 260 મિલકતો કપાતમાં જશે..!

અમદાવાદ

અમદાવાદ શહેરને ફાટકમુક્ત બનાવવાના અભિયાન અંતર્ગત રેલવે પ્રશાસન અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સંયુક્ત રીતે ઓવરબ્રિજ અને અંડરબ્રિજ બનાવવાની કામગીરી તેજ કરવામાં આવી છે. આ કડીમાં શહેરના પૂર્વ વિસ્તારના અત્યંત વ્યસ્ત એવા મણિનગર દક્ષિણી રેલવે ક્રોસિંગ પાસે નવો ઓવરબ્રિજ બનાવવા માટેની હલચલ શરૂ થઈ ગઈ છે. બ્રિજની ડિઝાઇનની મંજૂરી અને કપાતમાં જતી મિલકતોના વળતર અંગે આગામી સપ્તાહે રેલવે અને મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાય તેવી શક્યતા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મણિનગર દક્ષિણી રેલવે ફાટક પર ઓવરબ્રિજ બનાવવા માટે રેલવે વિભાગ દ્વારા એક એજન્સી પાસે ડિઝાઇન તૈયાર કરાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંદાજિત રૂ.100 કરોડના ખર્ચે સાકાર થશે. નિયમ અનુસાર આ બ્રિજના નિર્માણનો 50 ટકા ખર્ચ રેલવે વિભાગ અને 50 ટકા ખર્ચ મ્યુનિસિપલ કોર્પોરેશન ભોગવશે. જોકે, આ ડિઝાઇન અને પ્લાનિંગ અંગે રેલવે દ્વારા હજુ સુધી કોર્પોરેશનના સ્થાનિક સત્તાધીશો સાથે સત્તાવાર રીતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી નથી, જે આગામી બેઠકમાં હાથ ધરાશે.




બ્રિજના નિર્માણમાં સૌથી મોટો પડકાર રોડની પહોળાઈનો છે. મણિનગર તરફ હાલમાં 20 ફૂટનો રોડ ઉપલબ્ધ છે, પરંતુ ખોખરા ઈલાજ ક્રોસિંગ તરફ માત્ર ૧૦ ફૂટનો જ રોડ હોવાના કારણે મોટા પાયે મિલકતો કપાતમાં જઈ રહી છે.

# રાજકોટની ધરતી પર ત્રણ વર્ષ બાદ બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનું આગમન

રાજકોટ

દેશભરમાં પોતાના પરચા અને દિવ્ય દરબારને લઈને સતત ચર્ચામાં રહેતા બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ફરી એકવાર રંગીલા રાજકોટની મુલાકાતે આવ્યા છે. અંદાજે ત્રણ વર્ષના લાંબા સમયગાળા બાદ રાજકોટમાં પગ મૂકતાની સાથે જ તેમના ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંતુ, બાગેશ્વર ધામના બાબા જ્યાં પણ જાય ત્યાં વિવાદો તેમનો પીછો છોડતા નથી, અને આ વખતે પણ તેમની આ રાજકોટ મુલાકાત વિવાદોના ઘેરાવમાં આવી ગઈ છે. સૌરાષ્ટ્રના આ આર્થિક પાટનગરમાં બાબાના આગમન સાથે જ એક નવો સળગતો વિવાદ સોશિયલ મીડિયાથી લઈને રાજકીય ગલિયારાઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ મુલાકાત દરમિયાન મુખ્ય વિવાદ તેમના દિવ્ય દરબારના આયોજન, વીઆઈપી પાસની વ્યવસ્થા અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવેલી મંજૂરીઓને લઈને ઊભો થયો છે.

કદવાલના નવાપૂરા પટેલ ફળીયામાં

# તમામ હેન્ડપંપ બંધ થતા પાણી માટે વલખા મારતી મહીલાઓ અને પુરુષો

કદવાલ

જો પાણીની સમસ્યાનુ નિકાલ સમયસર નહી કરવામાં આવે તો આવનાર સમય કદવાલ પંચાયત ખાતેં હલાબોલ કરવાની ધમકી ઉચ્ચારી હતી.

કદવાલ તાલુકાના નવાપુરા પટેલ ફનીયામાં આજે ત્રણ માસ થી મહીલાઓ અને પુરૂષો પાણી માટે વલખા મારી રહીયા છે. નવાપુરા પટેલ ફળીયામાં ભર ઉનાળે. પાણી ની પૂકાર પડી છે. ત્યારે નવાપુરા પટેલ ફળીયામાં એકમાત્ર હેન્ડપંપ ચાલુ છે જે હેન્ડપંપ નવાપુરા પટેલ ફળીયા નાં લોકો માટે આર્શીવાદ રૂપ છે આજે નવાયપૂરા પટેલ ફળીયાનાં લોકો પાણી માટે દર-દર ભટડી રહિયા છે. દુર-દુર સુધી પાણી ભરવા જવા મજબુદ બનીયા છે. નવાપુરા પટેલ ફળીયા ગામજનોએ પાણીની સમસ્યા. ના ઉકેલ માટે કદવાલ પંચાયત વારંવાર રજુઆત કરવા છતા પાણીની સમસ્થાનો કોઈ ઉકેલ ના આપતા ગ્રામજનો દ્વારા જો પાણી સમસ્યાનો સમયસર ઉકેલ ના આવેતો આવનાર સમયમાં



કદવાલ પંચાયત ખાતે હલાબોલ કરવાની ધમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે. અને આચાર્યની વાત તો એ છે કે નવાપૂસ પટેલ ફળિયા ભારતભાઈ નાનસીંગ ભાઈના ઘરની બાજુમાં આવેલ પાણીની મિની પાણીની ટાંકી આવેલ છે જે મિનીપાણી ટાંકીની મોટર ક્યાં છે? કોન લઈ ગયું? તે ગામ લોકોને ખબર નહી, પાણી ટાંકી પણ સ્ટેડ પરથી નિચે ઉતારી લિધી છે. હવે આ પાણીટાંકીની મોટર કિયા છે. તે મોટો પૂરમ ગ્રામજનોમાં ઉભો થાય છે. અને નવાપુરા પટેલ ફળીયા તમામ હેન્ડપંપ બંધ હાલત છે.

# અંબાજી નજીક રીંછડી તળાવમાં નાવા પડેલા ત્રણ બાળકોના કરુંણ મોત

અંબાજી

રીંછડી તળાવમાં નાહવા ગયેલા ત્રણ બાળકોના ડૂબી જવાથી મોત થયા છે. મૃતકોમાં બે સગા ભાઈઓનો પણ સમાવેશ થાય છે. આ ઘટના બપોરના સમયે બની હતી.

મૃત્યુ પામેલા બાળકોની ઉંમર સાત, આઠ અને દસ વર્ષની હતી. આદિવાસી સમાજના આ ત્રણ નાના બાળકોના મોતથી તેમના પરિવારો શોકમાં ગરકાવ થઈ ગયા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, બપોરે લગભગ 2 વાગ્યે ચાર બાળકો તળાવમાં નાહવા ગયા હતા. તેમાંથી એક છોકરીને તરતા ન આવડતું હોવાથી તે કિનારે બેઠી હતી. લાંબા સમય સુધી અન્ય ત્રણ બાળકો બહાર ન આવતા, છોકરીએ ઘરે જઈને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો તળાવ કિનારે દોડી આવ્યા હતા. સરપંચ, તલાટી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે હાજર રહ્યા હતા.

ગામલોકોએ આ ઘટના માટે કોન્ટ્રાક્ટરની બેદરકારીનો મોટો આરોપ લગાવ્યો છે. હાલમાં આ તળાવમાં કરોડો રૂપિયાના વિકાસ કામો ચાલી રહ્યા છે. ગ્રામજનોના મતે, કોન્ટ્રાક્ટર કે કંપની દ્વારા કોઈપણ જગ્યાએ સૂચના બોર્ડ લગાવવામાં આવ્યા નથી અને સિક્યુરિટી પણ હાજર નથી.

ગામલોકોનો દાવો છે કે કોન્ટ્રાક્ટર દ્વારા તળાવમાં ઊંડા ખાડા કરવામાં આવ્યા છે, જેના કારણે બાળકો ઊંડા પાણી મા ફસાઈ ગયા અને ડૂબી ગયા.

# કરજણ પોલીસે નબીરાઓના રોલા પાડતા વાહનોની કાઢી નાખી હવા

## પોલીસે 185 વાહનો પરથી બ્લેક ફિલ્મની પટ્ટીઓ રસ્તા પર જ જાહેરમાં ઉતારી

કરજણ / વડોદરા

પોતાની વૈભવી ગાડીઓના કાચ પર કાળી ફિલ્મ લગાવીને રસ્તાઓ પર કાયદાના લીરેલીરા ઉડાવતા અને રોલા પાડતા નબીરાઓ સામે વડોદરાની કરજણ પોલીસે લાલ આંખ કરી છે. કરજણ હાઈવે અને આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક નિયમોના સરેઆમ ધજાગરા ઉડાવતા વાહનચાલકોને પાઠ ભણાવવા માટે પોલીસે એક મોટું અને સરપ્રાઈઝ મેગા ડ્રાઈવ ઓપરેશન હાથ ધર્યું હતું. આ કડક ઝુંબેશ દરમિયાન પોલીસે સપાટો બોલાવીને એક-બે નહીં પરંતુ પુરા ૧૮૫ વાહનો પરથી બ્લેક ફિલ્મની પટ્ટીઓ રસ્તા પર જ જાહેરમાં ઉતારી નાખી હતી. લાંબા સમયથી કરજણ પંથકમાં કેટલાક માલેતુજાર નબીરાઓ પોતાની લક્ઝુરિયસ કારના કાચ પર પ્રતિબંધિત બ્લેક ફિલ્મ લગાવીને કાયદાને ઘોળીને પી જતા હતા. આ બાબતને ગંભીરતાથી લઈને કરજણ પોલીસની ટીમે અલગ-અલગ પોઈન્ટ્સ પર લોખંડી નાકાબંધી ગોઠવી દીધી હતી. જેવી બ્લેક ફિલ્મ વાળી ગાડી નજરે ચડતી, પોલીસ તેની શાન ઠેકાણે લાવીને સ્થળ પર જ દંડ વસૂલતી હતી અને કાચ પરથી કાળી પટ્ટીઓ ઉખાડી ફેંકતી હતી. પોલીસની આ સિંઘમ બ્રાન્ડ કાર્યવાહી જોઈને કેટલાક વગદાર ચાલકોએ પોતાના ભલામણના ફોન જોડવાના હવાતિયાં માર્યા હતા, પરંતુ ખાખીના કડક વલણ સામે કોઈનું કાંઈ ચાલ્યું નહોતું.

સ્ટેન્ડિંગ ચેરમેન રાજન પટેલના નિવેદનથી ખળભળાટ

# પાલિકાએ હાથ ઊંચા કર્યા તો ગેરકાયદે બુલડોઝર ફેરવનાર શ્રી રામ એજન્સી પર પોલીસ ફરિયાદ કેમ નહીં?

સુરત

ડાયમંડ સિટી સુરતમાં લઘુમતી બહુલ વિસ્તાર એવા નાસિરનગરમાં તાજેતરમાં થયેલા વિવાદાસ્પદ અને મસમોટા ડિમોલિશનના મામલે હવે એક એવો રાજકીય અને વહીવટી વળાંક આવ્યો છે, જેણે આખી સિસ્ટમની મથામણ અને મેલી રમતને ખુલ્લી પાડી દીધી છે. સુરત મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલે એક સનસનાટીભર્યું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે કે, નાસિરનગરનું આ વિવાદિત ડિમોલિશન સુરત પાલિકા દ્વારા કરવામાં આવ્યું જ નથી. સ્ટેન્ડિંગ ચેરમેનના આ એક જ નિવેદને સુરતના વહીવટી ગલિયારાઓમાં ભૂકંપ લાવી દીધો છે અને હવે કાયદાના રખેવાળો સામે ઘાતક સવાલો ઊભા થઈ રહ્યા છે.

રાજન પટેલના આ ચોંકાવનારા ખુલાસા બાદ હવે પાક્કો ગુજરાત ન્યૂઝ તંત્રની આંખમાં આંખ પરોવીને સીધો સવાલ પૂછે છે કે, જો આ ડિમોલિશન પાલિકાએ સત્તાવાર રીતે નથી કર્યું, તો પછી કાયદાના નિયમોને નેવે મૂકીને ગરીબોના આશરા ઉજાડવાની આ હિંમત કોણે કરી? નાસિરનગરમાં જે બુલડોઝરો અને જેસીબી મશીનો ગર્જ્યા હતા, તે શ્રી રામ એજન્સીના હોવાનું સામે આવ્યું છે. જો પાલિકાએ કોઈ સત્તાવાર ઓર્ડર આપ્યો ન હતો, તો પછી કોઈ પણ મંજૂરી વગર જાહેર રસ્તા પર આવીને ગેરકાયદેસર રીતે તોડફોડ કરનાર અને કાયદો હાથમાં લેનાર શ્રી રામ એજન્સીના મશીનો અને તેના માલિકો ઉપર અત્યાર સુધી પોલીસ ફરિયાદ કેમ દાખલ કરવામાં આવી નથી?

આ આખી ઘટના પાછળ કોઈ બહુ મોટું વહીવટી ષડયંત્ર અથવા તો લેન્ડ માફિયાઓ અને અધિકારીઓની મિલીભગત હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. કોઈ ખાનગી એજન્સી સરકારી મંજૂરી વિના આટલા મોટા પાયે ડિમોલિશન કરવાની હિંમત કઈ રીતે કરી શકે? શું તંત્રના આશીર્વાદ વગર બુલડોઝરો રસ્તા પર ફરી શકે ખરા? પાલિકાના સત્તાધીશો હવે ભલે હાથ ઊંચા કરી રહ્યા હોય, પણ જનતા બધું જ સમજી રહી છે.

આ મામલે હવે પોલીસ પ્રશાસનની ભૂમિકા સામે પણ શંકાની સોય ચીંધાઈ રહી છે. આટલી મોટી તોડફોડ થઈ ગઈ, લોકો બેઘર થઈ ગયા, છતાં પણ ગુનાહિત કૃત્ય કરનાર એજન્સી સામે કાનૂની સકંજો કેમ કસવામાં આવતો નથી? પાક્કો ગુજરાત ન્યૂઝ આ ગંભીર મુદ્દા પર સતત લડત ચલાવશે અને ગરીબ પીડિતોને જ્યાં સુધી ન્યાય નહીં મળે અને આ ગેરકાયદેસર ઓપરેશનના અસલી માસ્ટરમાઈન્ડ જેલના સળિયા પાછળ નહીં ધકેલાય, ત્યાં સુધી શાસકોને ચેનથી બેસવા દેશે નહીં.

# કરજણમાં તંત્રની ઘોર નિદ્રા કે મીલીભગત?

## ગણપતપુરાથી કુરાલી ચોકડી સુધી ગેરકાયદેસર લાકડાના કાળા કારોબારની ડેલી સર્વિસ!



- જશુભાઈ નામના લાકડાના વેપારી સામે ઉઠતા સવાલો: દેશી બાવળના ગેરકાયદેસર કટિંગથી પર્યાવરણનું નિકંદન!
- મામલતદાર સાહેબ અજાણ છે કે જાણી જોઈને આંખ આડા કાન કરે છે? જનતા પૂછે છે- વૃક્ષ છેદન ક્યારે અટકશે?

કરજણ

ગુજરાત સરકાર એક તરફ ગ્રીન ગુજરાતના મોટા-મોટા દાવાઓ કરીને પર્યાવરણ બચાવવાની ગુલબાંગો ફૂંકી રહી છે, ત્યારે બીજી તરફ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં સરકારી બાબુઓની નાક નીચે જ પ્રકૃતિનું ખુલ્લેઆમ ખૂન થઈ રહ્યું હોવાનો સનસનાટીપૂર્ણ મામલો સામે આવ્યો છે. કરજણ તાલુકાના ગણપતપુરા ચોકડીથી લઈને કુરાલી ચોકડી તરફના માર્ગ પર જાણે કાયદાનો કોઈ ડર જ ન હોય તેમ ગેરકાયદેસર લાકડા ભરેલા વાહનોની ડેલી સર્વિસ ચાલી રહી છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, ગણપતપુરાથી કુરાલી ચોકડી તરફના રોડ પરથી રોજબરોજ દેશી બાવળ અને અન્ય પ્રતિબંધિત લાકડાઓ ભરેલી ગાડીઓ ધમધમતી નજરે પડે છે. આ વિસ્તારમાં પરવાનગી વગર વ્યાપક પ્રમાણમાં ગેરકાયદેસર વૃક્ષ છેદન કરીને લાકડાઓ સગેવગે કરવામાં આવી રહ્યા છે. આ કાળા કારોબારમાં સ્થાનિક સ્તરે જશુભાઈ નામના લાકડાના મોટા વેપારીની ભૂમિકા શંકાના દાયરામાં આવી છે. ચર્ચા છે કે આ વેપારી તંત્રને ઘોળીને પી ગયો છે અને કોઈના ડર વગર આ ગેરકાયદેસર પ્રવૃત્તિને અંજામ આપી રહ્યો છે.

પાક્કો ગુજરાત ના સીધા સવાલો:

૧. શું કરજણ તાલુકાના મામલતદાર સાહેબને આ ગંભીર બાબતની કોઈ જાણ જ નથી?

૨. જો તંત્ર વાકેફ છે, તો પછી આજ દિન સુધી કોઈ કડક કાર્યવાહી કેમ કરવામાં આવી નથી?

૩. લાકડા માફિયાઓ અને અધિકારીઓ વચ્ચે કોઈ રહસ્યમય સાંઠગાંઠ ચાલી રહી છે?

૪. પર્યાવરણનું નિકંદન કાઢતું આ ગેરકાયદેસર વૃક્ષ છેદન આખરે ક્યારે અટકશે?

દિવસ-રાત લાકડા ભરીને દોડતી આ ગાડીઓ સામાન્ય નાગરિકોની નજરે ચડે છે, તો પછી હપ્તાખોરીની આળસમાં ડૂબેલા વન વિભાગ (ફોરેસ્ટ) અને કરજણ મામલતદાર તંત્રને કેમ દેખાતી નથી? કે પછી ગાડી પસાર કરાવવા પાછળ કોઈ મોટો વહીવટ થઈ રહ્યો છે?

સ્થાનિક જનતામાં અત્યારે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જો કરજણ મામલતદાર અને ઉચ્ચ અધિકારીઓ આ મામલે ત્વરિત પગલાં ભરીને કાયદેસરની કાર્યવાહી નહીં કરે અને તપાસના આદેશ નહીં આપે, તો પર્યાવરણપ્રેમીઓ અને સ્થાનિક રહીશો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

હવે જોવાનું એ રહેશે કે મામલતદાર સાહેબ આ કુંભકર્ણ નિદ્રામાંથી જાગીને લાકડાના ગેરકાયદેસર વેપારીઓ પર ક્યારે લાલ આંખ કરે છે!

# ભાવનગર એલસીબીની મોટી સફળતા, અમદાવાદનો નાસતો ફરતો ચીટર ઝડપાયો

ભાવનગર




કાયદાના લાંબા હાથથી ગમે તેટલું ભાગો, પણ એક દિવસ જેલના સળિયા પાછળ જવું જ પડે છે, તે વાત ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે ફરી એકવાર સાબિત કરી બતાવી છે. અમદાવાદના ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગંભીર ગુનામાં લાંબા સમયથી પોલીસને થાપ આપીને નાસતા ફરતા આરોપીને ભાવનગર એલસીબીની ટીમે ફિલ્મી ઢબે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. મળતી વિગતો અનુસાર, અમદાવાદના ગોમતીપુર પોલીસ મથકમાં ખાલીદખાન રજાકખાન પઠાણ નામના શખ્સ સામે છેતરપિંડીનો ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં પોતાની ધરપકડ ટાળવા માટે આરોપી ખાલીદખાન સતત પોલીસને હાથતાળી આપીને નાસતો ફરતો હતો. ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ અને ખાનગી રાહે બાતમી મળી હતી કે આ ગુનેગાર ભાવનગર શહેરમાં છુપાયેલો છે. બાતમીના આધારે એલસીબીની ટીમે તાત્કાલિક વોચ ગોઠવીને ભાવનગર જિલ્લા પંચાયત નજીકથી આરોપી ખાલીદખાન રજાકખાન પઠાણને દબોચી લીધો હતો. ધોળા દિવસે જિલ્લા પંચાયત જેવા ગીચ વિસ્તારમાંથી આરોપી ઝડપાતા જ ચકચાર મચી ગઈ હતી. ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે આરોપીની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આ અંગે અમદાવાદની ગોમતીપુર પોલીસને પણ જાણ કરી દેવામાં આવી છે. ગુનેગારો ગમે તેટલા શાતિર હોય, પણ પાક્કો ગુજરાત ન્યૂઝના અહેવાલો અને પોલીસની સિંઘમ બ્રાન્ડ કામગીરી સામે તેમનું કંઈ ચાલતું નથી. ભાવનગર એલસીબીની આ સફળ કામગીરીને પગલે નાસતા ફરતા ગુનેગારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# નડિયાદના બે એજન્ટોની કરતૂત : UK હોમ ડિપાર્ટમેન્ટના ફેક સર્ટિફિકેટ ઈશ્યૂ કરી લોકોને છેતર્યા

નડિયાદ

યુ.કે, કેનેડા અને અન્ય દેશોના વિઝાના વર્ક પરમીશનના નામે ઠગાઈ કરતા એજન્ટ ગઠિયાઓ વિઝાના બનાવટી દસ્તાવેજો અને એર ટિકિટ આપતા હોય છે. પરંતુ, નડિયાદમાં રહેતા બે એજન્ટોએ અમદાવાદ તેમજ અન્ય શહેરોમાં રહેતા વ્યક્તિઓને યુ.કેના વિઝા અને નોકરીના સપના બતાવીને યુ. કે હોમ ડીપાર્ટમેન્ટનું બનાવટી ક્લીયરન્સ પ્રમાણપત્ર આપી દીધું હતું. આ અંગે નારોલ પોલીસે તપાસ શરૂ કરી છે. તેમજ નવરંગપુરામાં એક ટ્રાવેલ્સ એજન્ટે નેપાળ ટુરના નાણાં પરત નહી આપીને લાખો રૂપિયા પડાવ્યા હતા.

નડિયાદના બે એજન્ટોની કરતૂત, UK હોમ ડિપાર્ટમેન્ટના ફેક સર્ટિફિકેટ ઈશ્યૂ કરી લોકોને છેતર્યા 2 - imageનારોલ રાણીપુરમાં રહેતા અમન દેસાઈ નામના યુવકને નોકરી કરવા માટે યુ.કેમાં સેટલ થવાનું હોવાથી તેણે નડિયાદમાં ઉતરસંડા રોડ પર આવેલા



કોમ્પ્લેક્સમાં આઈકોનીક ઓવરસીઝ નામની ઓફિસ ધરાવતા દેવાંગ પટેલ અને દેવમ પટેલનો સર્પક કર્યો હતો. બંને એજન્ટોએ તેને યુ.કેમાં વિઝા આપવાનું કહીને ૧૦ લાખની ફી નક્કી કરીને પ્રોસેસ કરી શરૂ કરી હોવાનું જણાવ્યું હતું. જેમાં તેને યુનિવર્સિટી ઓફ ગ્રીનવિચમાં અભ્યાસની સાથે નોકરી મળી જશે. તેવી ખાતરી આપીને તેને પેપર આપ્યા હતા. પરંતુ, લાંબો સમય પસાર થઈ ગયા બાદ પણ કોઈ કાર્યવાહી ન કરતા તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બંને એજન્ટોએ તેમની ઓફિસ બંધ કરી દીધી હતી.

તેમણે અમન અન્ય લોકોને બનાવટી દસ્તાવેજ આપ્યા હતા અને એટલું જ નહી યુ કે હોમ ડિપાર્ટમેન્ટ ક્લીયરન્સનું પ્રમાણપત્ર પણ આપ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે બંને વિઝા, સ્ટડી અને જોબના નામે અનેક યુવકો પાસેથી લાખોની રકમ પડાવી હતી. આ અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. અન્ય બનાવમાં મીઠાખળી અંડરપાસ પાસેના આકાશ એવન્યુમાં ઓફિસ ધરાવતા આશિક પટેલ અને અવધ પટેલે છપૈયા, નેપાળ ટુર બુક કરી હતી. પરંતુ, નેપાળમાં થયેલા તોફાન થતા ગ્રાહકોએ ટુરના નાણાં પરત માંગ્યા હતા. જો કે બંનેએ લાખો રૂપિયા પરત નહી કરીને છેતરપિંડી આચરી હતી.

# ઉમરેઠના આશીપુરામાં નવી ગ્રામ પંચાયતના બાંધકામ મુદ્દે મોટો વિવાદ

ઉમરેઠ / આણંદ

ચરોતરની ધરતી પર આવેલા ઉમરેઠ તાલુકાના આશીપુરા ગામમાંથી આ સમયના એક મોટા અને વિવાદિત સમાચાર સામે આવી રહ્યા છે. આશીપુરા ગામમાં સ્થાનિક વહીવટના મુખ્ય કેન્દ્ર સમાન નવી નકોર ગ્રામ પંચાયત ભવનનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે, પરંતુ આ બાંધકામની શરૂઆત થતાંની સાથે જ ગામમાં શાંતિના બદલે વિવાદનો મધપૂડો છંછેડાયો છે. પંચાયતના આ નવા મકાનના બાંધકામને લઈને સ્થાનિક ગ્રામજનોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે અને લોકો હવે આ મામલે આરપારની લડત લડવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. મળતી વિગતો અનુસાર, વિવાદનું મુખ્ય કારણ પંચાયત ભવનના બાંધકામની જગ્યા, તેની ગુણવત્તા અથવા તો વહીવટી મંજૂરીઓમાં રહેલી ગેરરીતિ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આ મહત્વના સરકારી બાંધકામમાં સ્થાનિક લોકોના હિતો અને તેમની રજૂઆતોને સંપૂર્ણપણે નજરઅંદાજ કરવામાં આવ્યા છે. પ્રજાના પૈસે બનતી આ સરકારી ઈમારતના આયોજનમાં ક્યાંક ને ક્યાંક વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગત હોય તેવી પ્રબળ શંકા પણ લોકો વ્યક્ત કરી રહ્યા છે.

# વિસનગરમાં હેવાનિયતની સીમા પાર : બે સગી બહેનો પર દુષ્કર્મ ગુજારનાર નરાધમ નવીન ચૌધરીને પોલીસે દબોચ્યો

વિસનગર

મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાંથી માનવતાને શર્મસાર કરતી અને કાળજું કંપાવી દે તેવી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. સતલાસણા પંથકના એક વિકૃત માનસિકતા ધરાવતા શખ્સે વિસનગરમાં રહીને અભ્યાસ કરતી બે સગી બહેનોને બ્લેકમેઈલ કરી, તેમના જ પરિવારને ખતમ કરવાની ધમકી આપીને અવારનવાર પોતાની હવસનો શિકાર બનાવી હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે. આ મામલે પીડિતાએ હિંમત દાખવી પોલીસના દ્વાર ખખડાવતા વિસનગર પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. મળતી વિગતો અનુસાર, વિસનગરમાં અભ્યાસ કરતી ૧૮ વર્ષીય યુવતીને તેના જ પંથકનો નવીનભાઈ કાનજીભાઈ ચૌધરી નામનો શખ્સ ગાડીમાં બેસાડી પ્રેમ સંબંધ રાખવા દબાણ કરતો હતો. યુવતીએ ના પાડતા જ આ નરાધમે તેના માતા-પિતા અને ભાઈને જાનથી મારી



નાખવાની ધમકી આપી યુવતી પર કાળું કામ કર્યું હતું. એટલું જ નહીં, આરોપીએ પીડિતાના બિભત્સ ફોટા પાડી લીધા હતા અને તે વાયરલ કરવાની ધમકી આપીને સતત બ્લેકમેઈલ કરતો હતો. આ હેવાનની હવસ અહીં જ ન અટકી, તેણે મોટી બહેનના ફોટા બતાવીને તેની સગીર વયની નાની બહેનને પણ ડરાવી-ધમકાવીને પોતાની હવસનો શિકાર બનાવી હતી. જ્યારે બંને બહેનોએ પરસ્પર વાત કરી ત્યારે આ ભયાનક સત્ય સામે આવ્યું હતું. બંને બહેનોએ હિંમત ભેગી કરીને નરાધમ નવીન ચૌધરી સાથેનો તમામ સંપર્ક તોડી નાખ્યો હતો. જેનાથી ઉશ્કેરાઈને આ શાતિર ગુનેગારે ગત ૩ જૂનના રોજ સમાજના જ એક સોશિયલ મીડિયા ગ્રૂપમાં બંને બહેનોના વાંધાજનક ફોટા વાયરલ કરી દીધા હતા. આ ઘૃણાસ્પદ કૃત્ય બાદ પીડિતાએ જરાય ડર્યા વગર વિસનગર પોલીસ મથકમાં નરાધમ સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતાને સમજીને વિસનગર પોલીસે તાત્કાલિક ધોરણે કાયદાનો કોરડો વીંઝ્યો હતો. પોલીસે દુષ્કર્મ તેમજ સગીરા પર થયેલા અત્યાચાર બદલ કડક પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. વિસનગર પોલીસની ટીમે તાત્કાલિક ચક્રો ગતિમાન કરીને ગણતરીના કલાકોમાં જ આરોપી નવીન કાનજીભાઈ ચૌધરીની ધરપકડ કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પીડિત બહેનોની હિંમતને બિરદાવે છે અને તંત્ર પાસે આશા રાખે છે કે આવા સમાજના કલંક સમાન નરાધમને અદાલતમાંથી કડકમાં કડક સજા ફટકારવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉપાડતા પહેલા ગુનેગારો ધ્રૂજી ઉઠે.

### ગુપ્ત માહિતીના આધારે દરોડા પાડ્યા

# રાણાસણ ગામે જમીનમાં દાટેલો 5,200 લિટર દેશી દારૂનો આથો ઝડપાયો : FIR દાખલ થઇ

ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ-IIએ ગેરકાયદે રીતે થતા દેશી દારૂના ઉત્પાદન અને હેરાફેરી સામે મોટી કાર્યવાહી કરી છે. એલસીબી ટીમે ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા રાણાસણ ગામની સીમમાંથી જમીનમાં દાટીને છુપાવેલા 26 લોખંડ અને પ્લાસ્ટિકના બેરલ ઝડપ્યા છે, જેમાં દેશી દારૂ બનાવવાનો 5,200 લિટર આથો ભરેલો હતો.

મળતી માહિતી અનુસાર, એલસીબી II ના પોલીસ ઈન્સ્પેક્ટર અને તેમની ટીમ પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત ડભોડામાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ચોક્કસ માહિતી મળી હતી કે, રાણાસણ ગામનો એક રહીશ ઘરની નજીક જમીનમાં આથો ભરેલા બેરલ છુપાવીને મોટા પાયે દેશી દારૂ બનાવવાનું ગેરકાયદે નેટવર્ક ચલાવી રહ્યો છે. ચોક્કસ



માહિતીના આધારે પોલીસ ટીમે રાણાસણ ગામના પાદરે આવેલા સંભવિત સ્થળે દરોડો પાડ્યો હતો. આ દરમિયાન આરોપી ઘરે હાજર ન હતો, પરંતુ પોલીસે આસપાસના વિસ્તારમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરતા જમીનમાં દાટેલા બેરલ મળી આવ્યા હતા.

આ દરમિયાન પોલીસે આસપાસની જમીન ખોદવાનું શરૂ કર્યું હતું, ત્યારે લોખંડ અને પ્લાસ્ટિકના કુલ 26 બેરલ બહાર કાઢ્યા હતા. તેમાં આશરે 5,200 લિટર દેશી દારૂ બનાવવાનો રસાયણયુક્ત આથો મળી આવ્યો હતો. જપ્ત કરાયેલા આ મુદામાલની કિંમત અંદાજે 1.3 લાખ રૂપિયા હોવાનું આંકવામાં આવ્યું છે. પોલીસે પ્રોહિબિશનના નિયમોનુસાર આ તમામ ગેરકાયદે જથ્થાનો સ્થળ પર જ નાશ કર્યો હતો.

આ મામલે રાણાસણ ગામના બળિયાદેવ મંદિર નજીક રહેતા જસવંત ઝાલા નામના શખસ સામે ડભોડા પોલીસ મથકમાં 'ગુજરાત પ્રોહિબિશન એક્ટ' હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલ આરોપી પોલીસ પકડથી દૂર હોવાથી તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# સહકારી ક્ષેત્રના શિરમોર દિલીપ સંઘાણીને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડ

## ગુજરાત અને દેશના સહકારી આંદોલનને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ પર લઈ જનારા અગ્રણી નેતા દિલીપભાઈ સંઘાણીના નામે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ જોડાઈ

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

ગુજરાત અને દેશના સહકારી આંદોલનને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ પર લઈ જનારા અગ્રણી નેતા દિલીપભાઈ સંઘાણીના નામે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ જોડાઈ છે. દેશની પ્રભાવક સહકારી પ્રવૃત્તિમાં દેશભરમાં મોટું કાઠું કાઢનાર ગુજકોમાસોલ અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીને નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાયન્સીસ દ્વારા દેશનો અતિ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

કૃષિ અને સહકારી ક્ષેત્રે અપ્રતિમ યોગદાન આપવા બદલ તેમને દિલ્હી ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં આ સન્માન આપવામાં આવ્યું હતું. હાલમાં દિલીપભાઈ સંઘાણી સંયુક્ત રાજ્ય અમેરિકા એટલે કે યુએસએના પ્રવાસે




હોવાથી, તેમના વતી આ ગૌરવશાળી એવોર્ડ દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરિયાએ સ્વીકાર્યો હતો.

આ રાષ્ટ્રીય સન્માન મળવાના સમાચાર વાયુવેગે પ્રસરતા જ સમગ્ર અમરેલી જિલ્લા સહિત ગુજરાતના સહકારી અને કૃષિ ક્ષેત્રમાં ભારે ખુશી અને આનંદનો માહોલ સર્જાયો છે. આ સન્માન માત્ર કોઈ એક વ્યક્તિનું નથી, પરંતુ ભારતીય સહકારી ક્ષેત્ર, ઈફકો પરિવાર અને દેશના કરોડો ખેડૂતો માટે પણ પરમ ગૌરવની ક્ષણ બની રહી છે.

અત્રે એ ઉલ્લેખ કરવો અનિવાર્ય છે કે, દિલીપભાઈ સંઘાણીના કુશળ માર્ગદર્શન હેઠળ દેશભરમાં આધુનિક કૃષિ તકનીકોનો વ્યાપક પ્રસાર થયો છે. સહકારી ક્ષેત્રનું વિસ્તરણ અને ગ્રામીણ વિકાસના ક્ષેત્રે તેમણે કરેલી નોંધપાત્ર કામગીરીના કારણે જ આજે દેશના સહકારી ક્ષેત્રને એક નવી દિશા અને અભૂતપૂર્વ ગતિ પ્રાપ્ત થઈ છે. પાક્કો ગુજરાત ન્યૂઝ તરફથી દિલીપભાઈ સંઘાણીને આ મોટી ઉપલબ્ધિ બદલ ખૂબ-ખૂબ અભિનંદન.

# લોકશાહીનો ચોથો સ્તંભ અને જનતાનો અવાજ, સાચું પત્રકારત્વ કોને કહેવાય?

ગાંધીનગર


આજના આધુનિક અને ડિજિટલ યુગમાં સવાર સવારમાં ચાની ચુસ્કી સાથે ન્યૂઝ પેપર વાંચવું એ દરેક નાગરિકની દિનચર્યાનો એક અતૂટ ભાગ બની ગયો છે. પરંતુ સવાલ એ થાય છે કે, આજે પત્રકારત્વ પોતાનો અસલી ધર્મ નિભાવી રહ્યું છે ખરું? પત્રકારત્વને લોકશાહીનો ચોથો સ્તંભ માનવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સત્તા પર બેઠેલા લોકોને જનતાના પ્રશ્નો પૂછવાનો અને સમાજની સચ્ચાઈને કોઈ પણ ડર વગર સામે લાવવાનો છે. સાચું પત્રકારત્વ એ નથી જે માત્ર સત્તાધીશોના ગુણગાન ગાય કે સનસનાટીભર્યા સમાચારો બતાવીને લોકોમાં ભય પેદા કરે. સાચું પત્રકારત્વ એ છે જે છેવાડાના માનવીનો અવાજ બને. જ્યારે કોઈ ગરીબ, મધ્યમવર્ગીય નાગરિક કે ખેડૂત મુશ્કેલીમાં હોય અને વહીવટી તંત્ર તેની રજૂઆતો સાંભળતું ન હોય, ત્યારે અખબારની કલમ એ લાચાર નાગરિકની ઢાલ બનવી જોઈએ. કલમમાં એ તાકાત હોવી જોઈએ કે તે ભ્રષ્ટાચારીઓ અને કાયદાનો ભંગ કરનારા તત્વોના પ્રપંચોનો પર્દાફાશ કરી શકે. આજના સમયમાં સોશિયલ મીડિયા પર અફવાઓનું બજાર ખૂબ ઝડપથી ગરમ થઈ જાય છે. આવા વાતાવરણમાં પ્રજાનો વિશ્વાસ માત્ર એવા જ માધ્યમો પર ટકે છે જેઓ કોઈ પણ પક્ષપાત વિના, પૂરી ઈમાનદારી અને નીડરતા સાથે ગ્રાઉન્ડ રિપોર્ટિંગ કરે છે. સમાચાર પાછળનું સત્ય શું છે અને તેની સામાન્ય જનજીવન પર શું અસર પડશે, તેનું સચોટ પૃથ્થકરણ કરવું એ જ એક આદર્શ સમાચાર માધ્યમની ઓળખ છે. જનતા હવે જાગૃત થઈ ચૂકી છે. તેને પોકળ વાયદાઓ કે ગોળ-ગોળ વાતોમાં કોઈ રસ નથી. પ્રજાને એવા અહેવાલો જોઈએ છે જે સીધા વહીવટી તંત્રની આંખમાં આંખ પરોવીને પૂછી શકે કે જનતાના હકના કામો ક્યારે પૂરા થશે? પાક્કો ગુજરાત ન્યૂઝ હંમેશાં આ જ સિદ્ધાંતો પર ચાલવા માટે કટિબદ્ધ રહ્યું છે. લોકોની સમસ્યાઓને વાચા આપવી, વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે લાલ આંખ કરવી અને સમાજમાં સકારાત્મક બદલાવ લાવવો એ જ અમારો સંકલ્પ છે.

### મોતનું રહસ્ય ઉકેલવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ

# સ્કૂલના વૃક્ષમાં યુવકે સાડીથી ફાંસો ખાધો :ગાંધીનગરની જે શાળામાં અભ્યાસ કરી બાળપણ કાઢ્યું ત્યાં જ જીવન ટૂંકાવ્યું

ગાંધીનગર

ગાંધીનગરમાં સેક્ટર-6 વિસ્તારમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાના પટાંગણમાંથી એક યુવકે વડના ઝાડ સાથે સાડી વડે ગળેફાંસો ખાધો હતો. યુવકની લાશ લટકતી હોવાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. બનાવની માહિતી મળતાં જ સેક્ટર-7 પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો અને મોતનું રહસ્ય ઉકેલવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ચૌંકાવનારી વાત તો એ છે કે, ગાંધીનગરની જે શાળામાં અભ્યાસ કરી બાળપણ કાઢ્યું ત્યાં જ જીવન ટૂંકાવ્યું છે. માતા-પિતાના મોત બાદ જયદીપ બહેન-બનેવી સાથે વાવોલમાં રહેતો હતો.

સ્થાનિક પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકની ઓળખ જયદીપ રાજેશભાઈ સોલંકી તરીકે થઈ છે. 27 વર્ષીય જયદીપ મૂળ મહેસાણા જિલ્લાના પિલવાઈ ગામનો વતની હતો.


વિશ્વસનીય સુત્રોએ જણાવ્યું કે, જયદીપ સોલંકીએ જે સ્કૂલમાં પ્રાયમરી અભ્યાસ કર્યો હતો એજ સ્કૂલના કેમ્પસમાં વડના ઝાડે સાડી વડે ગળાફાંસો ખાઈ લીધો છે. જયદીપના માતા પિતાનું અવસાન થઈ ચૂક્યું છે. જેના પિતા સરકારી કોલેજમાં પટાવાળા તરીકે નોકરી કરતા હતા. એ વખતે તેમને આજ સ્કૂલને અડીને આવેલ સરકારી ક્વાર્ટ્સ મળ્યું હતું. આજ કવાર્ટસમાં જયદીપનો જન્મ થયા હતો અને આ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. જોકે 10 વર્ષ અગાઉ તેના માતાપિતાનું અવસાન થયું હતું. જે પછી જયદીપ વાવોલ શાલ્વિક શુકનમાં રહેતા તેના બહેન બનેવી સાથે રહી સેક્ટર 21ની મોબાઈલની દુકાનમાં નોકરી કરતો હતો.

જોકે છેલ્લા પાંચેક મહિનાથી જયદીપ દારૂના રવાડે ચડી ગયો હતો એટલે બનેવીએ કાઢી મૂકતા જયદીપ અમદાવાદ તેની માસીના ઘરે રહેવા ગયો હતો. માતા પિતાના અવસાન પછી જયદીપ એકલો પડી ગયો હતો

# ગુજરાતમાં વસ્તી ગણતરીની કામગીરી વચ્ચે શિક્ષકોના પગાર અટવાતા રોષ

ગાંધીનગર

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા 2 લાખ પ્રાથમિક શિક્ષકો માટે નવો મહિનો આર્થિક સંકટ લઈને આવ્યો છે. વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડનારા શિક્ષકોના ઘરનું બજેટ મોંઘવારીમાં ખોરવાઈ ગયું છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સમયસર ગ્રાન્ટ મંજૂર ન થવાને કારણે શિક્ષકોના પગારમાં થઈ રહેલો અસહ્ય વિલંબ હાલ ચર્ચાનો વિષય બન્યો છે. તાજેતરમાં યોજાયેલા વિધાનસભા સત્રમાં રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વિભાગ માટે રેકોર્ડબ્રેક 63,184 કરોડ રૂપિયાનું બજેટ જાહેર કરાયું હતું. મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ અને અન્ય સરકારી યોજનાઓ પાછળ કરોડો રૂપિયા ખર્ચવાની જાહેરાતો તો થઈ, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ ચિંતાજનક છે. બજેટમાં આટલી મોટી રકમની જોગવાઈ હોવા છતાં, જે શિક્ષકો આ આખી વ્યવસ્થાની કરોડરજ્જુ છે, તેમને જ સમયસર વેતન મેળવવા માટે વલખાં મારવા પડી રહ્યા છે. પગાર સમયસર ન થવાથી શિક્ષકોના હોમ લોન, કાર લોનના હપ્તા બાઉન્સ




થઈ રહ્યા છે અને તેમના પરિવારો ભારે આર્થિક માનસિક તાણ અનુભવી રહ્યા છે. વિદ્યાર્થીઓને ભણાવવા ઉપરાંત શિક્ષકોને ડિજિટલ ડેટા એન્ટ્રી, વિવિધ સરકારી સર્વે, મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા અને ચૂંટણીલક્ષી કામગીરી જેવા અસંખ્ય બિન-શૈક્ષણિક કામો સોંપાય છે. આ અતિશય વર્ક લોડને કારણે તેઓ માનસિક રીતે થાકી જાય છે, જેની સીધી અસર શિક્ષણની ગુણવત્તા પર પડી રહી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં એક બાજુ અન્ય વિભાગોમાં કામ કરતા કર્મચારીઓના પગાર સમયસર થતાં હોય છે, જ્યારે માત્ર શિક્ષકોના પગાર ઘણાં સમયથી મોડા થવાના કારણે શિક્ષકો કામના ભારણ વચ્ચે આર્થિક સમસ્યાની સાથે માનસિક તણાવનો પણ અનુભવ કરી રહ્યા છે.

## તંત્રી લેખ...

### જ્યારે માણસ બદલાઈ શકે છે તો કિસ્મત કેમ નહીં? લક્ષ્ય પર ટકેલી નજર જ બદલે છે નસીબનો ભૂગોળ

આ સૃષ્ટિનો સૌથી મોટો અને અટલ નિયમ પરિવર્તન છે. જગતમાં કોઈ પણ વસ્તુ કાયમ માટે સ્થિર નથી હોતી. ઋતુઓ બદલાય છે, કાળી ડિબાંગ રાત પછી સોનેરી સવાર પડે છે અને સૌથી મોટી વાત એ છે કે માણસ પોતે પણ બદલાય છે. જે માણસ ગઈકાલ સુધી પોતાની નિષ્ફળતાઓ પર આંસુ વહાવતો હતો, તે આજે પોતાની કઠોર મહેનતના જોરે સફળતાના શિખર પર બેસી શકે છે. જ્યારે હાડકા અને માંસનો બનેલો એક સામાન્ય માણસ પોતાની વિચારસરણી, પોતાની આદતો, પોતાનું ચરિત્ર અને



આખું વ્યક્તિત્વ બદલી નાખવાની તાકાત ધરાવતો હોય, તો પછી એ નિર્જીવ કિસ્મતની શું વિસાત કે તે ન બદલાય? નસીબ એ કોઈ પથ્થર પર લખાયેલી એવી રેખા નથી જેને ભૂંસી ન શકાય, એ તો વહેતા પાણી જેવું છે જેને તમારી મહેનતની દિશા ગમે ત્યાં વાળી શકે છે.

મોટાભાગના લોકો પોતાની અસમર્થતા અને નિષ્ફળતાનો ટોપલો કિસ્મત પર ઢોળીને બેસી જાય છે. તેઓ એ ભૂલી જાય છે કે નસીબ ક્યારેય આપમેળે ચાલીને ઘરે નથી આવતું, તેને પોતાના કર્મોની એરણ પર ઘસીને ચમકાવવું પડે છે. ઈતિહાસ સાક્ષી છે કે દુનિયામાં જેટલા પણ મહાન પુરુષો થયા છે, તેમની શરૂઆતની કિસ્મતમાં માત્ર અને માત્ર સંઘર્ષ, તકલીફો અને અભાવ જ લખેલા હતા. પરંતુ તેઓ પોતાના ભાગ્યને રોતા બેસી રહેવાને બદલે પોતાના લક્ષ્ય તરફ આગળ વધ્યા. જ્યારે તમે દુનિયાની નકામી વાતો, લોકોના મહેણાં-ટોણાં અને ભૂતકાળની નિષ્ફળતાઓ પરથી ધ્યાન હટાવીને માત્ર અને માત્ર તમારા ધ્યેય એટલે કે ગોલ પર ફોકસ કરો છો, ત્યારે આખી કાયનાત તમારી કિસ્મતને બદલવાની પ્રક્રિયામાં જોડાઈ જાય છે.

લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સીધો અર્થ એ છે કે તમારી પાસે પાછા વળીને જોવાનો કોઈ વિકલ્પ જ ન હોવો જોઈએ. જ્યારે અર્જુનની જેમ માત્ર પક્ષીની આંખ જ દેખાવા લાગે, ત્યારે રસ્તાની તમામ મુશ્કેલીઓ આપોઆપ ગાયબ થઈ જાય છે. લોકો તમારા વિશે શું વિચારે છે, સમય કેટલો કપરો છે કે તમારી પાસે સાધનોની કેટલી અછત છે, આ બધા બહાના ત્યારે દમ તોડી દે છે જ્યારે તમારો સંકલ્પ હિમાલય જેવો અડગ હોય છે. નસીબને દોષ આપવાનું હવે બંધ કરવું પડશે, કારણ કે ઘોડીના સહારાથી ક્યારેય રેસ જીતી શકાતી નથી. પગ ભગવાને આપ્યા છે, તો દોડવું પણ પોતે જ પડશે.

અંતમાં વાત એટલી જ છે કે તમારી આજની પરિસ્થિતિ ગમે તેવી ખરાબ હોય, તે કાયમી નથી. જો આજે ગાઢ અંધકાર છે, તો એ વાતની સાબિતી છે કે સૂર્યોદય બહુ નજીક છે. તમારી ઉર્જા અને સમયને બીજા સાથે સરખામણી કરવામાં વેડફશો નહીં. લોકોનું કામ બદલાવાનું છે, તેઓ સમય સાથે બદલાશે જ. તમારું કામ તમારા લક્ષ્યને વફાદાર રહેવાનું છે. જે દિવસે તમે તમારા ઈરાદાઓને તમારી કિસ્મત કરતાં મોટા કરી લેશો, તે દિવસે નસીબે પણ ઘૂંટણ ટેકવીને તમારા પક્ષમાં બદલાવું જ પડશે. બેઠા થાઓ, ખુદને સંભાળો અને સીધું તમારા લક્ષ્ય પર નિશાન સાધો, કારણ કે તમારું નસીબ લખવાની કલમ બીજા કોઈના હાથમાં નથી, પણ તમારી પોતાની આંગળીઓ વચ્ચે જકડાયેલી છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# યુરોપના 'જમાદાર' બનવાના ફ્રાન્સના અનેક પ્રયાસો...

### ઈમાન્યુઅલ મેક્રોંએ 'ફોરવર્ડ ડેટરન્સ' નામની પહેલ કરીને યુરોપના દેશોમાં ફ્રાન્સને મોટાભાઈ બનાવવાનો પ્રયાસ આદર્યો છે. અમેરિકાનો વિરોધ કરીને મેક્રોંએ ટ્રમ્પ સામે રાજકીય મોરચો ખોલ્યો છે

'રાજદ્વારી સંબંધોમાં એકબીજાનું સન્માન કરવું જરૂરી છે. અમુક નેતાઓ આગળ વધવાને બદલે દુનિયાને પાછળ ખેંચી જાય છે.' 'ઈરાન સામે ઓપરેશન હાથ ધરતાં પહેલાં ફ્રાન્સની સલાહ લેવાઈ ન હતી. અમેરિકા-ઈઝરાયલના સંયુક્ત મિશનમાં ફ્રાન્સનું બિલકુલ સમર્થન નથી. એ તેમની લડાઈ છે.' 'ફ્રાન્સ અમેરિકાનું જુનિયર પાર્ટનર બનીને નહીં રહે. ફ્રાન્સની દુનિયામાં અલગ ઓળખ છે.' 'અત્યારની વૈશ્વિક રાજકીય સ્થિતિ જોયાં પછી યુરોપે જાગૃત થવું પડશે. આપણે આપણું રક્ષણ સ્વયં જ કરવું પડશે. કોઈ પર આધાર રાખી શકાય તેમ નથી.' 'યુરોપ વર્લ્ડપાવર હતું. હવે ફરીથી યુરોપે વર્લ્ડપાવર જેવું વર્તન કરવું પડશે.' 'વર્લ્ડ ઓર્ડર લોકતાંત્રિક રસ્તેથી ભટકી ગયો છે. વર્લ્ડ ઓર્ડરને નવેસરથી દિશા આપવાનો સમય આવી ગયો છે.' 'વર્લ્ડ ઓર્ડર હવે ડિસઓર્ડર બની ગયો છે. શાંતિ અને સલામતી માટે એનું ઓપરેશન કરવું જરૂરી છે.' ઉપરના બધા જ વાક્યો અલગ અલગ સ્થળોએ ફ્રાન્સના પ્રમુખ ઈમાન્યુઅલ મેક્રોંએ આપેલા ભાષણના અંશો છે. એમાં ઉડીને આંખે વળગે એવી બાબત છે અમેરિકાનો - ટ્રમ્પનો સ્પષ્ટ અને બોલકો વિરોધ. જે નેતાઓ અત્યારના વર્લ્ડ ઓર્ડરની જાહેરમાં ટીકા કરી રહ્યા છે એમાં મેક્રોં મોખરે છે. અમેરિકા કેન્દ્રી વર્લ્ડ ઓર્ડરની ટીકા સાથે નવા ચીન તરફી બની રહેલા વર્લ્ડ ઓર્ડરની પણ મેક્રોં આલોચના કરે છે અને ફ્રાન્સની દાવેદારી નોંધાવે છે. જેમ ભારતમાં ન્યૂ ઈન્ડિયા, વિશ્વગુરુ કે અમેરિકામાં મેક અમેરિકા ગ્રેટ અગેઈન જેવા નારા લાગે છે તેમ મેક્રોં નારો આપે છે - મેક ફ્રાન્સ એન્ડ પ્લાનેટ ગ્રેટ અગેઈન. મેક્રોં અને ટ્રમ્પ વચ્ચે ઘણાં સમયથી ઘર્ષણ ચાલી રહ્યું છે. બંનેની રાજકીય વિચારધારા સામ-સામેના છેડાની છે. મેક્રોંની પાર્ટી રેનેસીએન્સ લિબરલ વિચારધારાને પ્રોત્સાહન આપે છે. યુરોપમાં ફ્રાન્સને બાદ કરતાં બધા મહત્ત્વના દેશોમાં કટ્ટર રાષ્ટ્રવાદી પક્ષોનો ઉદય થઈ ચૂક્યો છે. બીજી તરફ ટ્રમ્પ તો આખી દુનિયામાં કટ્ટર રાષ્ટ્રવાદી વિચારધારાના પ્રણેતા બની ચૂક્યા છે! મેક્રોં માને છે કે ટ્રમ્પની સરકાર આડકતરી રીતે દેશમાં જમણેરી પાર્ટીઓને સમર્થન મળે એવું કરે છે. તેનાથી ફ્રાન્સમાં પણ કટ્ટર રાષ્ટ્રવાદી પાર્ટીઓનો ઉદય થાય તો ટ્રમ્પની વિચારધારા સાથે મેળ બેસે. ફ્રાન્સમાં આવતા વર્ષે પ્રમુખપદની ચૂંટણી થવાની છે અને એમાં કટ્ટરવાદી પાર્ટીઓ મેદાન મારી જાય તો નવાઈ નહીં. આમેય ફ્રાન્સમાં ઘણાં સમયથી રાજકીય અસ્થિરતા જેવો માહોલ તો છે જ. યુરોપમાં બ્રિટન અને ફ્રાન્સ પરમાણુ શક્તિ ધરાવતા દેશો છે. બ્રિટનનું અર્થતંત્ર અત્યારે કથળેલું છે અને ઘણાં સમયથી પ્રયાસો છતાં અર્થતંત્રની ગાડી પાટે ચડતી નથી. વળી, પરમાણુ હથિયારોને લગતા બ્રિટને અમેરિકા સાથે એવા કરારો કરી લીધા છે કે એમાંથી બહાર નીકળી શકાય તેમ નથી. બંને દેશોના કરારોના કારણે બ્રિટન ધારે તો પણ કોઈ દેશને પરમાણુ હથિયારોથી રક્ષણ આપવાનો વાયદો કરી શકે તેમ નથી. બ્રિટન અમેરિકા સામે ધીમા સૂરે નિવેદનો આપે છે, પણ અમેરિકાના પ્રભાવમાંથી બહાર નીકળવાનું બ્રિટન માટે હવે કપરું છે. વળી, બ્રિટન યુરોપિયન સંઘમાંથી બહાર નીકળી ગયું એટલે યુરોપના દેશો પણ તેનો એટલો વિશ્વાસ કરે તેમ નથી. ૧૦૦ વર્ષ પહેલાંનું મહાશક્તિશાળી બ્રિટન હવે અસલ રંગમાં રહ્યું નથી એટલે બીજા દેશોના રક્ષણની જવાબદારી ઉપાડી શકે તેમ નથી. એ કામ ફ્રાન્સે શરૂ કર્યું છે. મેક્રોંએ ફોરવર્ડ ડેટરન્સ નામની એક પહેલ કરી છે. તેમાં એ યુરોપના દેશોના રક્ષણની જવાબદારી સ્વીકારે છે. બદલામાં એ દેશે ફ્રાન્સને વફાદાર રહેવું પડશે. ફ્રાન્સ જે દેશને લશ્કરી કવચ આપશે તે દેશે વૈશ્વિક સ્તરે ફ્રાન્સના હિતો જાળવવા પડશે. ફ્રાન્સે નોર્વે સાથે આવો પહેલો કરાર કર્યો છે. બીજા દેશો સાથે પણ વાટાઘાટો ચાલી રહી છે. આમેય ડોનાલ્ડ ટ્રમ્પના અમેરિકા કેન્દ્રીય વિચારોના કારણે યુરોપના દેશોમાં ચિંતા છે. અમેરિકાએ જે રીતે યુક્રેનને રશિયા સામે યુદ્ધમાં ઉતારી દીધા પછી એકલું પાડી દીધું તેનાથી યુરોપનો અમેરિકા પરનો વિશ્વાસ ડગી ગયો છે. એટલું અધૂરું હોય એમ ખુદ ડોનાલ્ટ ટ્રમ્પ નાટોમાં ફંડ આપવાથી લઈને નાટો વિખેરી નાખવા સુધીના નિવેદનો આપ્યા કરે છે. નાટોની સ્થાપના થઈ ત્યારથી અમેરિકા મોટાભાઈની ભૂમિકામાં છે. અચાનક ટ્રમ્પ યુરોપના દેશોને સલાહ આપે છે કે ડિફેન્સની બાબતમાં અમેરિકા પર આધારિત રહેવાને બદલે આત્મનિર્ભર બનો. ટ્રમ્પે ગ્રીનલેન્ડ ગળી જવાની પેરવી કરી ત્યારથી યુરોપમાં અમેરિકાનો વિરોધ વધ્યો છે. ટ્રમ્પે યુરોપિયન યુનિયન સહિત યુરોપના બધા જ દેશોને ટેરિફની ધમકી આપવાનું પણ શરૂ કર્યું છે. આ બધા કારણથી યુરોપના દેશોએ મજબૂત ખભો શોધવાની મથામણ આદરી છે અને મેક્રોં એ માટે બિલકુલ તૈયાર બેઠા છે. મેક્રોંએ ટ્રમ્પ સામે નિવેદનો આપવાનું શરૂ કર્યું છે અને વર્લ્ડ ઓર્ડરમાં પરિવર્તનની હિમાયત કરી છે એટલે અમેરિકા સામે ફ્રાન્સનો મોરચો ખુલી ગયો છે. હોર્મુઝની ખાડીનો મુદ્દો આવ્યો અને ટ્રમ્પે યુરોપના દેશોની લશ્કરી સહાય માંગી ત્યારે સૌથી પહેલા ઈનકાર કરનારા નેતા હતા ઈમાન્યુઅલ મેક્રોં. બ્રિટન યુરોપિયન સંઘમાંથી બહાર નીકળ્યું પછી ફ્રાન્સ અને જર્મનીનો દબદબો યુરોપિયન સંઘ પર વધ્યો છે. યુરોપના નાગરિકોની વાત હોય ત્યારે ફ્રાન્સ પ્રતિક્રિયા આપે છે. મેક્રોંએ જર્મની અને ઈટાલીના નેતાઓ સાથે વ્યક્તિગત સંબંધો વિકસાવ્યા છે. મેક્રોં અને મેલોનીની રાજકીય વિચારધારા સામ-સામા છેડાની છે, પરંતુ તેમની વચ્ચે દોસ્તી હોવાથી યુરોપના હિતમાં સાથે મળીને કામ કરે છે. જર્મનીમાં ઓલાફ સ્કોલ્ઝને બદલે ગયા વર્ષે જ ફ્રેડરિક મર્ઝ ચાન્સલર બન્યા. ફ્રેડરિકની લિબરલ વિચારધારા મેક્રોંને માફક આવે તેમ છે. મેક્રોંએ યુરોપિયન સંઘના આ બે મોટા દેશોને સાથે રાખીને યુરોપિયન સંઘની આર્મી બનાવવાની દિશામાં પ્રયાસો આદર્યા છે. સ્પેન અને સ્વીડન પણ સંઘના અગત્યના દેશો છે. આ પાંચ દેશોએ સહમતીથી મેક્રોંના વિચારને સ્વીકારીને ૨૦૩૨ સુધીમાં સંઘની સંયુક્ત આર્મી બનાવવા, શસ્ત્રો વધારવા અને સૈનિકોની સંખ્યા વધારવા ફંડ આપવાની તૈયારી બતાવી છે.

શસ્ત્રોના ઉત્પાદન અને વેચાણની વાત હોય તો યુરોપિયન સંઘમાં ફ્રાન્સ પહેલા નંબરે છે. યુરોપના દેશોને સૌથી મોટો ખતરો રશિયાથી છે. રશિયાને ટક્કર આપી શકે એવા યુરોપમાં બે જ દેશો છે - બ્રિટન અને ફ્રાન્સ. બ્રિટન સંઘનો ભાગ નથી. અમેરિકા સાથે લશ્કરી કરારોમાં ફસાયેલું છે ત્યારે ફ્રાન્સ જ યુરોપમાં મોટાભાઈની ભૂમિકા ભજવી શકે છે એ વાત મેક્રોં બરાબર સમજે છે. મેક્રોં ફ્રાન્સમાં ૨૦૨૭માં થનારી પ્રમુખપદની ચૂંટણી લડી શકશે નહીં. ફ્રાન્સમાં પ્રમુખ માટે બે ટર્મની મર્યાદા નક્કી છે. મેક્રોં બે વખત પ્રમુખ બની ચૂક્યા છે.

# મમતા શાણપણ બતાવે તો ઘીના ઠામમાં ઘી પડી જશે

પશ્ચિમ બંગાળમાં સત્તા ગઈ એ સાથે જ મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસમાં ડખા ચાલુ થઈ ગયા છે અને મમતા સામે જ બળવો થઈ ગયો છે. મમતા બેનરજીએ ગયા અઠવાડિયે શોભનદેવ ચેટરજીને વિધાનસભામાં વિપક્ષના નેતા અને ફિરહાદ હકીમને મુખ્ય દંડક નિમ્યા તેની સામે ઋતબ્રત બેનરજી અને સંદીપન સહાએ વાંધો લીધેલો. અકળાયેલાં મમતાએ સોમવારે બેનરજી અને સહા બંનેને તગેડી મૂકેલા. બેનરજી-સહાની જોડીએ ડર્યા વિના મમતા સામે બાંયો ચડાવી છે અને વિધાનસભાના સ્પીકરને મળીને શોભનદેવને નહીં પણ ઋતબ્રત બેનરજીને વિપક્ષના નેતાપદે નિમવા માટે રજૂઆત કરી છે. સહા-બેનરજીનો દાવો છે કે, પોતાની તૃણમૂલ કૉંગ્રેસ જ સાચી છે કેમ કે બહુમતી ધારાસભ્યો પોતાની સાથે છે તેથી સ્પીકરે કશું વિચાર્યા વિના બેનરજીને વિપક્ષનું નેતાપદ આપી દીધું. ઋતબ્રત બેનરજી ને સંદીપન સહાની જોડીનો દાવો છે કે, તૃણમૂલ કૉંગ્રેસના 80માંથી 58 ધારાસભ્યોનો બેનરજીને ટેકો છે ને લોકશાહીમાં જેની પાસે બહુમતી હોય એ નેતા બને એ જોતાં બેનરજીને વિપક્ષના નેતાપદ આપવું જોઈએ. પશ્ચિમ બંગાળ વિધાનસભાના સ્પીકરપદે ભાજપના રતિન્દ્ર બોઝ છે. બેનરજી-સહાએ 58 ધારાસભ્યોની સહી સાથેનો પત્ર પણ આપ્યો છે. બોઝ ધારાસભ્યોની સહીઓ સાચી છે કે નહીં તેની ચકાસણી કરીને એકાદ-બે દિવસમાં નિર્ણય લેશે. મોટા ભાગે આ નિર્ણય બેનરજીની તરફેણમાં જ આવશે કેમ કે ભાજપ મમતા બેનરજીની મેથી મારવાની તક નહીં છોડે. આ કારણે ઋતબ્રત વિપક્ષના નેતા બને એવી પ્રબળ શક્યતા છે પણ સત્તાવાર નિર્ણય નહીં આવે ત્યાં સુધી રાજકીય ઉત્તેજનાનો માહોલ રહેશે. મમતા વિપક્ષોના મોરચા 'ઈન્ડિયા'ની બેઠકમાં ભાગ લેવા માટે દિલ્હી પધારવાનાં છે ને એ પહેલાં જ તેમનું ઘર સળગ્યું છે તેથી મીડિયાને પણ આખી વાતમાં રસ પડી ગયો છે એટલે જ્યાં લગી સ્પીકર નિર્ણય નહીં સંભળાવે ત્યાં લગી આ મુદ્દો ગાજતો રહેશે. મીડિયાના એક વર્ગે આ ઘટનાને તૃણમૂલમાં ભંગાણ ગણાવી દીધી છે તો કેટલાકે વળી મમતાની તેમની જ પાર્ટીના ધારાસભ્યોએ હકાલપટ્ટી કરી નાંખી હોવાનો દાવો પણ કરી નાંખ્યો છે. આ દાવો ખોટો છે કેમ કે આ બગાવત મમતા સામે નથી કે બગાવત કરનારાંએ તૃણમૂલથી અલગ ચોકો રચવાની જાહેરાત પણ નથી કરી કે પોતાના જૂથને અલગ માન્યતા આપવાની માગણી નથી કરી. સ્પીકર સામે કરાયેલી રજૂઆતમાં શોભનદેવને બદલે બેનરજીને વિપક્ષના નેતા બનાવવાની માગણી કરાઈ છે પણ મમતા બેનરજી જ પોતાનાં નેતા હોવાનું પણ સ્પષ્ટ કહેવાયું છે. મતલબ કે, બેનરજી અને સહાને વાંધો શોભનદેવને વિપક્ષના નેતાનું પદ આપી દેવા સામે છે, મમતા બેનરજી તૃણમૂલનાં કર્તાહર્તા રહે તેની સામે નથી. તેનું કારણ એ કે, બંગાળમાં હજુય તૃણમૂલ મમતા બેનરજીના કારણે જ ઓળખાય છે અને સહા કે બેનરજી એવા નેતા નથી કે મમતાની જગા લઈ શકે કે ભાજપ સામે ઝીંક ઝીલી શકે. એ લોકોને એ વાત પણ સમજાઈ છે કે, ભાજપ સાથે જવામાં માલ નથી કેમ કે ભાજપને તેમની જરૂર જ નથી. 289 ધારાસભ્યોની પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ભાજપ પાસે 207 ધારાસભ્યો છે. ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી છે ને જે ચૂંટાઈને આવ્યા છે એ બધાંને ઠેકાણે પાડીને ભાજપ સંતોષ નથી આપી શકતો ત્યાં આ નવા 58 ધારાસભ્યોને લઈને વૈંકુંઠ નાનું ને ભગતડાં ઝાઝાં જેવો ઘાટ કરીને ભાજપ આફત શું કરવા વહોરે ? સૂંઠના ગાંગડે ગાંધી થયેલા ઘણા વિવેચકોએ ભાજપની ચાપલૂસી કરવાના ઉત્સાહમાં ભાજપે મહારાષ્ટ્રવાળો દાવ ખેલીને બંગાળમાં મમતાનો ખેલા કરી નાંખ્યો એવો દાવો પણ કરી નાંખ્યો છે. એ લોકોને મહારાષ્ટ્ર અને બંગાળની સ્થિતિ બિલકુલ અલગ છે એ વાતની ખબર જ નથી પડતી.



મહારાષ્ટ્રમાં ભાજપ સત્તામાં નહોતો ને ઉદ્ધવ ઠાકરે કૉંગ્રેસ ને શરદ પવારની મહેરબાનીથી સત્તામાં ચીટકી ગયેલા તેથી ભાજપે એકનાથ શિંદેને ચડાવીને ઉદ્ધવનો ખેલ પાડી દેવો પડેલો જ્યારે બંગાળમાં તો ભાજપ સત્તામાં છે જ તેથી તેને સંદીપન સહા કે ઋતબ્રત બેનરજી જેવા કોઈની જરૂર જ નથી. મહારાષ્ટ્રમાં ભાજપે ઉદ્ધવને ઉથલાવ્યા પછી કમને એકનાથ શિંદેને મુખ્ય પ્રધાન બનાવવા પડેલા. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભર્યો ત્યાં લગી 40 ધારાસભ્યો ધરાવતા શિંદેની પાલખી ઊંચકીને ભાજપે ચાલવું પડેલું. બંગાળમાં એવા કોઈ સંજોગો નથી ને ભાજપ કોઈ અવરોધ વિના પૂરાં પાંચ વર્ષ સારી રીતે શાસન ચલાવીને પોતાની સ્થિતી મજબૂત કરી શકે છે પછી સંદીપન સહા કે ઋતબ્રત બેનરજીને પંપાળવાની શું જરૂર? આ સંજોગોમાં મમતા બેનરજીની સામે થયેલી બગાવતનો જશ ભાજપને આપવો વાસ્તવિક રીતે યોગ્ય નથી. કાલે સંદીપન સહા કે ઋતબ્રત બેનરજીની સાથેના ધારાસભ્યો ભાજપમાં જઈ શકે પણ અત્યારે તો ભાજપને આ કાંડ સાથે જોડી દેવો યોગ્ય નથી. ભાજપ આ કાંડનો ફાયદો લેવા માટે મેદાનમાં આવ્યો છે કેમ કે મમતાનાં નેતૃત્વ સામે બહુ મોટો પડકાર ઊભો થયો છે. બંગાળમાં મમતાનું રાજકીય વર્ચસ્વ ખતમ થઈ જાય તો ભાજપને કમ સે કમ 10 વર્ષ લગી સત્તામાંથી કોઈ ના હટાવી શકે કેમ કે બંગાળમાં મમતા જેવી લડાયકતા બીજા કોઈ નેતામાં નથી.

# ચોમાસા પહેલા વોટરપ્રૂફિંગ કરાવું જરૂરી, સવાચેતી જરુરી

ચોમાસું ટૂંક સમયમાં કેરળમાં દસ્તક દેવાનું છે. લગભગ 20 દિવસ પછી મધ્ય-ઉત્તર ભારતમાં પણ પહોંચી જશે. જો ચોમાસા પહેલા ઘરની સંભાળ ન રાખવામાં આવે તો નાની તિરાડો, ભેજ અને લીકેજ પણ મોટી સમસ્યા બની શકે છે. તેથી ઘરની સુરક્ષા માટે સમયસર વોટરપ્રૂફિંગ જરૂરી છે. કેટલાક લોકો માને છે કે નવા ઘરોમાં વોટરપ્રૂફિંગની જરૂર નથી હોતી. પરંતુ નિષ્ણાતોના મતે, તેનાથી છત, દીવાલ અને બેઝમેન્ટ સુરક્ષિત રહે છે. સાથે જ ઘરની લાઈફ પણ વધે છે. વરસાદને કારણે નાની તિરાડો અને ભેજ મોટા લીકેજમાં ફેરવાઈ શકે છે. સમયસર કરવામાં આવેલું વોટરપ્રૂફિંગ ઘરને લાંબા સમય સુધી સુરક્ષિત રાખે છે અને રિપેરિંગનો ખર્ચ ઘટાડે છે. 'પ્રિવેન્ટિવ વોટરપ્રૂફિંગ' કહેવાય છે. તેનાથી ભવિષ્યની સમસ્યાઓથી બચાવ થાય છે. નવું ઘર બન્યા પછી કોંક્રિટ અને પ્લાસ્ટરમાં હળવી તિરાડો પડી શકે છે, જેનાથી પાણી અંદર જઈ શકે છે. સમયસર વોટરપ્રૂફિંગ કરાવવાથી છત ટપકવા, ભેજ અને પેઈન્ટ ખરાબ થવાનું જોખમ ઓછું થાય છે. આનાથી સળિયા અને કોંક્રિટ સુરક્ષિત રહે છે અને ઘર મજબૂત રહે છે. બાંધકામ સમયે વોટરપ્રૂફિંગ કરાવવું પછીથી રિપેર કરાવવા કરતાં સસ્તું અને સરળ પડે છે. તેનો સૌથી યોગ્ય સમય ચોમાસા પહેલાનો છે. સૂકી સપાટી પર સામગ્રી વધુ સારી રીતે કામ કરે છે. કોટિંગ અને રસાયણોને સૂકવવા માટે પૂરતો સમય મળે છે. ગરમ અને સૂકા હવામાનમાં તિરાડો અને લીકેજ સરળતાથી દેખાઈ જાય છે અને તેને ઠીક કરી શકાય છે. પહેલાથી કરાવેલું કામ વરસાદ દરમિયાન રિપેર કરાવવા કરતાં વધુ સસ્તું હોય છે. ચોમાસું શરૂ થવાના ઓછામાં ઓછા 25-30 દિવસ પહેલા વોટરપ્રૂફિંગ કરાવી લેવું જોઈએ. આનાથી રિપેર, કોટિંગ અને સૂકવવા માટે પૂરતો સમય મળે છે.
વોટરપ્રૂફિંગનું કામ સામાન્ય રીતે સ્પેશિયલાઈઝ્ડ વોટરપ્રૂફિંગ કોન્ટ્રાક્ટર, સિવિલ રિપેર કંપનીઓ અથવા બિલ્ડિંગ મેન્ટેનન્સ સર્વિસ પ્રોવાઈડર કરે છે. આ લોકો છત, બાથરૂમ, દીવાલ, બેઝમેન્ટ અને પાણીની ટાંકી જેવી જગ્યાઓ પર લીકેજ રોકવા માટે અલગ-અલગ ટેકનિક અને કેમિકલનો ઉપયોગ કરે છે. પહેલાં તેમની જૂની સાઈટ્સ અથવા કામના ફોટા જુઓ. કોન્ટ્રાક્ટર પાસેથી લેખિત વોરંટી ચોક્કસ લો. કઈ સામગ્રીનો ઉપયોગ થશે, તે સ્પષ્ટપણે પૂછો. માત્ર સસ્તું કોટેશન જોઈને નિર્ણય ન લો. ગૂગલ રિવ્યુઝ અને સ્થાનિક રેફરન્સ ચોક્કસ તપાસો. એવા કોન્ટ્રાક્ટર પસંદ કરો, જે પહેલાં સાઈટનું નિરીક્ષણ કરે, પછી ઉકેલ જણાવે. કામ શરૂ થાય તે પહેલાં વિસ્તાર, સ્તર અને સમયરેખા લેખિતમાં નક્કી કરો. ઘરમાં જરૂરિયાત મુજબ ઘણી પ્રકારની વોટરપ્રૂફિંગ ટેકનિકનો ઉપયોગ થાય છે. દરેક ટેકનિકનો ઉપયોગ અલગ જગ્યા અને સમસ્યા અનુસાર થાય છે. ખર્ચ સામાન્ય રીતે પ્રતિ ચોરસ ફૂટ નક્કી થાય છે. ટેકનિક, મટીરીયલ અને લીકેજની સ્થિતિ પર ખર્ચ આધાર રાખે છે. સાધારણ કોટિંગ સસ્તી હોય છે, જ્યારે કે PU (પોલીયુરેથીન) અને મેમ્બ્રેન સિસ્ટમ મોંઘા હોય છે. ક્રેક્સ રિપેર અને લેબર ચાર્જ અલગથી જોડાઈ શકે છે. તેથી પહેલાં સાઈટનું માપ અને કોન્ટ્રાક્ટર સાથે નિરીક્ષણ જરૂરી છે. છત પર પાણી વધુ ભરાય છે, તેથી મજબૂત મેમ્બ્રેન અથવા PU કોટિંગ લગાવવામાં આવે છે.

# પડદા પાછળનો ખેલ, મતાધિકાર માત્ર હાથીના દાંત? દેશના સત્તા પલટા પાછળ કોનું રિમોટ કંટ્રોલ?




**અમદાવાદ**

ભારતીય રાજકારણના ઈતિહાસમાં વર્ષ ૨૦૧૪ એક મોટો વળાંક સાબિત થયો હતો, અને હવે જ્યારે સમયચક્ર ફરીને વર્ષ ૨૦૨૯ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે દેશના રાજકીય ગલિયારાઓમાં સત્તા પલટાના સંકેતો વધુ તેજ બની રહ્યા છે.

આ બદલાતા પવન વચ્ચે દેશના જાગૃત નાગરિકો અને રાજકીય વિશ્લેષકોના મનમાં એક અત્યંત ગંભીર અને ડરામણો સવાલ ઊભો થઈ રહ્યો છે કે, આ મહાન દેશમાં સત્તાનો પલટો ખરેખર કરોડો મતદારોના મિજાજ અને તેમના પવિત્ર મતના આધારે થાય છે? કે પછી પડદા પાછળ બેઠેલા કોઈ અદ્રશ્ય માંધાતાના રિમોટ કંટ્રોલના ઈશારે આખી સ્ક્રિપ્ટ અગાઉથી જ લખી દેવામાં આવે છે?

છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષના શાસનકાળ અને દેશના રાજકીય ઘટનાક્રમો પર નજર કરીએ તો એટલો ખ્યાલ તો સામાન્યમાં સામાન્ય માણસને પણ આવી ગયો છે કે, દેશની લોકશાહીના સ્તંભ ગણાતી સ્વાયત્ત સંસ્થાઓ હવે સ્વાયત્ત રહી નથી. ભલે તે ચૂંટણી પંચ હોય કે પછી ન્યાયતંત્રની સર્વોચ્ચ ખુરશીઓ, આ તમામ સંસ્થાઓ ક્યાંક ને ક્યાંક કોઈ અદ્રશ્ય રિમોટ કંટ્રોલથી સંચાલિત હોય તેવું ચિત્ર વારંવાર ઉપસી આવ્યું છે. વિપક્ષોના અવાજને દબાવવો, સત્તાધારી પક્ષને અનુકૂળ નિર્ણયો લેવા અને જનતાના હિતના મુદ્દાઓ પર મૌન સેવી લેવું એ બાબત સ્પષ્ટ કરે છે કે લોકશાહીની ગરિમા જોખમમાં છે.

આ સંજોગોમાં દેશના બંધારણે સામાન્ય નાગરિકને આપેલો મતાધિકાર અને દેશમાં યોજાતી કથિત નિષ્પક્ષ ચૂંટણીઓ હવે માત્ર અને માત્ર બતાવવાના હાથીદાંત જેવા ભાસી રહ્યા છે. જનતા લાઈનોમાં ઊભી રહીને એ ભ્રમમાં જીવે છે કે તેઓ દેશનું ભવિષ્ય બદલી રહ્યા છે, પણ હકીકતમાં અસલી ખેલ તો પડદા પાછળ અબજોપતિ ઉદ્યોગપતિઓ, ગ્લોબલ લોબી અને સત્તાના ભૂખ્યા રાજકારણીઓ ભેગા મળીને રચી રહ્યા હોય છે. ધારાસભ્યો અને સાંસદોનું કરોડો રૂપિયામાં થતું ખરીદ-વેચાણ અને રાતોરાત પલટાતી સરકારો એ વાતની સાક્ષી પૂરે છે કે જનતાના જનાદેશનું કોઈ મૂલ્ય રહ્યું નથી.

જ્યારે લોકશાહીના રખેવાળો જ કઠપૂતળી બની જાય, ત્યારે જનતાનો વિશ્વાસ આખી સિસ્ટમ પરથી ઉઠી જાય છે. વર્ષ ૨૦૨૯ માં જો સત્તા પલટો થશે, તો પણ એ સવાલ તો કાયમ રહેશે જ કે આ બદલાવ જનતા લાવશે કે પછી રિમોટ કંટ્રોલના સેલ બદલાશે? પાક્કો ગુજરાત ન્યૂઝ દેશના નાગરિકોને આહવાન કરે છે કે જાગૃત બનો, કારણ કે જો સિસ્ટમની આ ગુલામી સામે આજે અવાજ નહીં ઉઠાવવામાં આવે, તો ભવિષ્યમાં લોકશાહી માત્ર કાગળ પર જ જીવતી રહેશે અને શાસન માત્ર પડદા પાછળના કિંગમેકર્સનું જ ચાલશે.



**જ્યારે લોકશાહીના રખેવાળો જ કઠપૂતળી બની જાય, ત્યારે જનતાનો વિશ્વાસ આખી સિસ્ટમ પરથી ઉઠી જાય છે. વર્ષ 2029માં જો સત્તા પલટો થશે, તો પણ એ સવાલ તો કાયમ રહેશે જ કે આ બદલાવ જનતા લાવશે કે પછી રિમોટ કંટ્રોલના સેલ બદલાશે? પાક્કો ગુજરાત ન્યૂઝ દેશના નાગરિકોને આહવાન કરે છે કે જાગૃત બનો, કારણ કે જો સિસ્ટમની આ ગુલામી સામે આજે અવાજ નહીં ઉઠાવવામાં આવે, તો ભવિષ્યમાં લોકશાહી માત્ર કાગળ પર જ જીવતી રહેશે અને શાસન માત્ર પડદા પાછળના કિંગમેકર્સનું જ ચાલશે.**


### અસલ પ્રમાણપત્રો જમા કરાવવા આદેશ, પાલિકાના રાજકારણમાં ભારે ગરમાવો

# ખોટા જાતિના દાખલાના વિવાદમાં છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખ મંજુલાબેન કોલીને મામલતદારની અંતિમ નોટિસ..!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

વિશ્લેષણ સમિતિ દ્વારા જાતિનો દાખલો રદ કરાતા છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ મંજુલાબેન કોલી વિરુદ્ધ કાયદાકીય સિકંજો વધુ મજબૂત બન્યો છે. ખોટા જાતિના દાખલાના વિવાદમાં ઘેરાયેલા પ્રમુખ મંજુલાબેનને છોટાઉદેપુર મામલતદાર કચેરી દ્વારા અંતિમ નોટિસ બજાવવામાં આવી છેa. આ નોટિસ મામલતદાર કચેરી બહાર સાર્વજનિક ચોંટાડવામાં આવતા પાલિકા આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, મંજુલાબેન કોલીએ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં વોર્ડ નંબર ૪ માંથી અનામત બેઠક પર ચૂંટણી લડી હતી અને ત્યારબાદ તેઓ નગરપાલિકાના પ્રમુખ પદે બિરાજમાન થયા હતા. જોકે, તેમની જાતિના પ્રમાણપત્ર સામે વિવાદ ઉઠતા આ મામલો વિશ્લેષણ સમિતિ




સમક્ષ પહોંચ્યો હતો. વિશ્લેષણ સમિતિ દ્વારા સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કર્યા બાદ મંજુલાબેન કોલીનો જાતિનો દાખલો રદબાતલ કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો હતો. વિશ્લેષણ સમિતિના આ આકરા નિર્ણય સામે પ્રમુખ મંજુલાબેન કોલીએ કાયદાકીય રાહત મેળવવા માટે અદાલતના દ્વાર ખખડાવ્યા હતા. તેમણે સમિતિના નિર્ણય સામે સ્ટે ઓર્ડર મેળવવા માટે કોર્ટમાં માંગણી કરી હતી, પરંતુ અદાલતે તેમની આ માંગણીને સખત શબ્દોમાં નકારી કાઢી હતી. કોર્ટ તરફથી પણ કોઈ રાહત ન મળતા મંજુલાબેનની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. કોર્ટમાંથી સ્ટે અરજી ફગાવી દેવાયા બાદ વહીવટી તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવ્યું છે. છોટાઉદેપુર મામલતદાર કચેરી દ્વારા મંજુલાબેન કોલીને અંતિમ નોટિસ ફટકારીને તેમના તમામ અસલ પ્રમાણપત્રો તાકીદે રજૂ કરવા માટે કડક આદેશ આપવામાં આવ્યો છે. વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે આ નોટિસ મામલતદાર ઓફિસ બહાર સાર્વજનિક રીતે લગાડી દેવામાં આવી છે. ખોટા જાતિના દાખલાને આધારે ચૂંટણી લડીને પ્રમુખ બનેલા મંજુલાબેનનો દાખલો જ રદ થઈ જતાં હવે તેમનું સભ્યપદ અને પ્રમુખપદ બંને જોખમમાં મુકાયા છે.

આ કાયદાકીય કાર્યવાહીને પગલે છોટાઉદેપુર નગરમાં ભારે ચર્ચાઓ જાગી છે. આગામી દિવસોમાં પાલિકાના શાસનમાં મોટા રાજકીય સમીકરણો બદલાય અને મોટી ઉથલપાથલ થાય તેવા સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે.

# હિંમતનગરમાં રૂપિયા 74 કરોડના ખર્ચે બનેલ જિલ્લા ન્યાય મંદિરનું લોકાર્પણ

■ ન્યાય મંદિરનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ તકતીનું અનાવરણ કર્યું હતું

ઈડર, જાકીર મેમણ

હિંમતનગરમાં 74 કરોડના ખર્ચે બનેલ જિલ્લા ન્યાય સંકુલનું લોકાર્પણ કરાયું, એકસાથે 18 કોર્ટ ધમધમ હિંમતનગરમાં 74 કરોડના ખર્ચે તૈયાર થયેલા જિલ્લા ન્યાય મંદિરનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ તકતીનું અનાવરણ કર્યું હતું. શિક્ષણ વિભાગના મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી પ્રદ્યુમન વાજા, ગુજરાત હાઈકોર્ટના સીનીયર જજ એ.વાય. કોગજે અને સાબરકાંઠા જિલ્લાના એડમિનિસ્ટ્રેટિવ જજ હેમંત પ્રચ્છક ઉપસ્થિત રહ્યા હતા. નવનિર્મિત બિલ્ડીંગમાં 18 જેટલી કોર્ટ એકસાથે કાર્યરત થઈ શકશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ચ્યુઅલ સંબોધનમાં જણાવ્યું હતું કે રાજ્યની અન્ય કોર્ટની સરખામણીએ સાબરકાંઠામાં 10 વર્ષથી જૂના માત્ર 55 કેસો જ પેન્ડિંગ છે. વકીલોને ડ્રગ્સના દૂષણ સામેની લડાઈમાં સહયોગ આપવા અને પીડિતોને ઝડપી ન્યાય અપાવવા માટે સામાજિક જવાબદારી નિભાવવા અપીલ કરી હતી શિક્ષણ મંત્રી અને પ્રભારી મંત્રી પ્રદ્યુમન વાજાએ જણાવ્યું



હતું કે અત્યાધુનિક બિલ્ડીંગ સોલર પેનલથી સજ્જ છે જે પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.ગુજરાત હાઈકોર્ટના સિનિયર જજ એ.વાય. કોગજેએ જણાવ્યું હતું કે બિલ્ડિંગમાં દરરોજ વપરાતા અંદાજિત 50 થી 75 હજાર લિટર પાણીનું રિસાયકલ કરી બગીચામાં પુનઃ ઉપયોગ કરવાની વ્યવસ્થા ગોઠવવા સૂચન કર્યું હતું. ગુજરાત હાઈકોર્ટના જજ હેમંત પ્રચ્છકે જણાવ્યું કે આ નવું સંકુલ શુદ્ધ પાણી, મહિલાઓ માટે બેઠક વ્યવસ્થા, બાળકો માટે ઘોડિયારઘર અને દિવ્યાંગો માટે રેમ્પ જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. જ્યાં ધર્મ છે ત્યાં વિજય નિશ્ચિત છે.

### શાળાની વસ્તુઓમાં 10 ટકા સુધીનો તોતિંગ ભાવવધારો

# નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલાં જ વાલીઓનું બજેટ ખોરવાયું

રાજકોટ

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ટૂંક જ સમયમાં ઉનાળુ વેકેશન પૂરું થવા જઈ રહ્યું છે અને શાળાઓના નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે. શાળા શરૂ થાય તે પૂર્વે જ પોતાના બાળકો માટે સ્કૂલ યુનિફોર્મ, બેગ, શૂઝ અને મોજાં જેવી જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે રાજકોટના બજારોમાં વાલીઓની ભારે ભીડ ઉમટી પડી છે. પરંતુ આ વર્ષે બજારમાં પગ મૂકતાની સાથે જ વાલીઓને મોંઘવારીનો જોરદાર કરંટ લાગ્યો છે. આ વર્ષે સ્કૂલ યુનિફોર્મ, સ્ટેશનરી, વોટર બેગ, શૂઝ અને મોજાંના ભાવમાં ગત વર્ષની સરખામણીએ સીધો ૧૦ ટકા સુધીનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ ભાવવધારા પાછળ આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા યુદ્ધ અને મોંઘા ઈંધણની સીધી અસર જવાબદાર હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. મોંઘા ટ્રાન્સપોર્ટેશન અને રો-મટિરિયલના ભાવો વધવાને કારણે ઉત્પાદન ખર્ચ ઊંચો ગયો છે,



જેનો સીધો બોજ આખરે મધ્યમવર્ગીય વાલીઓના ખિસ્સા પર આવી પડ્યો છે. એક તરફ ખાનગી શાળાઓની ફીનો આકરો બોજ અને બીજી તરફ બજારમાં સ્કૂલ કિટ ખરીદવામાં થતો આ વધારાનો ખર્ચ, આ બંને વચ્ચે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું આખું માસિક બજેટ ખોરવાઈ ગયું છે. બજારમાં ખરીદી કરવા આવેલા વાલીઓ લાચારીપૂર્વક જણાવી રહ્યા છે કે, બાળકોના ભવિષ્ય માટે ખરીદી કરવી તો ફરજિયાત છે, પરંતુ દર વર્ષે વધતી આ મોંઘવારી હવે અસહ્ય બની રહી છે.

### નાંદોદના તત્કાલીન મામલતદારની CID ક્રાઈમે કરી ધરપકડ

# જમીન કૌભાંડ આચરી સરકારી તિજોરીને પહોંચાડ્યું હતું મોટું નુકસાન

નર્મદા. રાજપીપળા/નર્મદા

ગુજરાત પ્રશાસન અને મહેસૂલ વિભાગમાંથી આ સમયના સૌથી મોટા અને ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. સરકારી પદનો દુરુપયોગ કરીને ભ્રષ્ટાચાર આચરનારા અધિકારીઓ સામે સરકારે લાલ આંખ કરી છે. નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના તત્કાલીન મામલતદાર સામે સીઆઈડી ક્રાઈમે કાયદાનો ગાળિયો મજબૂત કરીને તેમની સત્તાવાર ધરપકડ કરી લીધી છે. જમીનની ખોટી નોંધો પાડીને વહીવટી તંત્ર સાથે ગેરરીતિ આચરવા અને તેના કારણે સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું મોટું નુકસાન પહોંચાડવાના ગંભીર આક્ષેપો હેઠળ આ કડક કાર્યવાહી કરવામાં આવી છે. મળતી સત્તાવાર વિગતો અનુસાર, નાંદોદના તત્કાલીન મામલતદાર જ્યારે પોતાના પદ પર કાર્યરત હતા, ત્યારે તેમણે જમીનના એક વિવાદિત કેસમાં કાયદાના નિયમોને નેવે મૂકી દીધા હતા. કરોડો રૂપિયાની કિંમતી જમીનની ખોટી અને ગેરકાયદેસર રીતે નોંધો મંજૂર કરીને ખાનગી હિત ધરાવતા તત્વોને મોટો ફાયદો કરાવી આપ્યો હતો. આ સમગ્ર મામલે જ્યારે કલેક્ટર કચેરી અને ઉચ્ચ સ્તરેથી તપાસના આદેશો છૂટ્યા, ત્યારે મહેસૂલી નિયમોના સરેઆમ ધજાગરા ઉડી રહ્યા હોવાનું સામે આવ્યું હતું. આ ગેરરીતિના કારણે સીધેસીધું સરકારની આવક અને તિજોરીને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું હતું.

આ મસમોટા કૌભાંડની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવી હતી. સીઆઈડી ક્રાઈમની ટીમે તમામ દસ્તાવેજો, જમીનની ઓનલાઈન એન્ટ્રીઓ અને કાનૂની પ્રક્રિયાની ઝીણવટભરી તપાસ કરીને સચોટ પુરાવાઓ એકત્રિત કર્યા હતા. પુરાવાઓ મજબૂત થતાં જ સીઆઈડી ક્રાઈમે તત્કાલીન મામલતદાર પર કાયદાનો સકંજો કસીને તેમને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. આ હાઈ-પ્રોફાઈલ ધરપકડના પગલે રાજ્યના મહેસૂલ વિભાગ અને ભ્રષ્ટ અધિકારીઓના બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સરકારી ખુરશી પર બેસીને પ્રજાના સેવક બનવાના બદલે પોતાના ખિસ્સા ભરનારા અને સરકારને જ નુકસાન પહોંચાડનારા આવા અધિકારીઓ સામે પાક્કો ગુજરાત ન્યૂઝ હંમેશાં અવાજ ઉઠાવતું રહ્યું છે. સીઆઈડી ક્રાઈમની આ નીડર કાર્યવાહી ખરેખર પ્રશંસનીય છે. તંત્ર પાસે હવે એવી આશા રાખવામાં આવે છે કે આ કેસના મૂળ સુધી જઈને અન્ય જે પણ નાના-મોટા વચેટિયા કે કર્મચારીઓ આ કૌભાંડમાં સામેલ હોય, તેમની સામે પણ આવી જ કડક કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ અધિકારી સરકારી તિજોરી પર ત્રાપ મારવાની હિંમત ન કરે.

# NDPS ગુનામાં વોન્ટેડ આરોપી થરાદથી ઝડપાયો : SOG વાવ-થરાદની સફળ કાર્યવાહી

થરાદ, પ્રધાનજી ઠાકોર

થરાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને એસ.ઓ.જી. વાવ-થરાદની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી માટે થરાદ પોલીસને સોંપ્યો છે.



બનાસકાંઠા રેન્જના પોલીસ મહાનિરીક્ષક પરીક્ષિતા રાઠોડ તથા વાવ-થરાદ જિલ્લા પોલીસ અધિક્ષક ચિંતન તેરૈયાની સૂચના મુજબ જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત એસ.ઓ.જી. વાવ-થરાદના પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. અમીનના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.વી. ધોકડિયા અને તેમની ટીમ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ અને બાતમીદારો મારફતે તપાસ હાથ ધરવામાં આવી રહી હતી. દરમિયાન એસ.ઓ.જી. ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે થરાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પાર્ટ-બી ગુનાક્રમાંક 111996006260212/2026, એન.ડી.પી.એસ. એક્ટની કલમ 8(સી), 21(બી), 22(બી) અને 29 હેઠળના ગુનામાં વોન્ટેડ આરોપી મહેન્દ્રભાઈ નાગજીભાઈ ચૌધરી થરાદ ખાતે હાજર છે. મળેલી બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમે થરાદમાં તપાસ હાથ ધરી હતી. જ્યાં આરોપી મળી આવતા તેના નામ-ઠામની ખરાઈ કરી કાયદેસરની રીતે રાઉન્ડઅપ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ કાર્યવાહી માટે આરોપીને થરાદ પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યો હતો.

# વિરમગામ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પ્રમુખ જનગોષ્ટીનું આયોજન કરવામાં આવ્યું

અધિવક્તા, ડોક્ટરો, ઉધોગપતિઓ, સમાજસેવકો અને સેવાના વિવિધ એન.જી.ઓ. ચલાવતા પ્રમુખ લોકો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા

વિરમગામ, વંદના નીલકંઠ વાસુકિયા

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમગ્ર ભારતમાં શતાબ્દી વર્ષ ઉજવી રહ્યો છે. જેના ભાગરૂપે વિરમગામ નગરમાં વિવિધ વ્યવસાયો જેવા કે અધિવક્તા, ડોક્ટરો, ઉદ્યોગપતિઓ, સમાજસેવકો અને સેવાના વિવિધ એન.જી.ઓ. ચલાવતા પ્રમુખ લોકોની પ્રમુખ જનગોષ્ટીનું આયોજન ડીસીએમ કોલેજના સાંસ્કૃતિક હોલમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાણંદ નળકાંઠા વિરમગામ દેત્રોજ માંડલ દસાડા પાટડી વિસ્તારમાંથી કુલ 78 ભાઈઓ અને 33 બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે મનસુખભાઈ સભાણીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાના હેતુ સમજાવ્યા અને તેનાથી વર્તમાન સમાજમાં પરિવર્તન પણ જોઈ શકાય છે. આવનારા સમયમાં પંચ પરિવર્તન દ્વારા સમાજમાં પરિવર્તનની વાત કરી અને આ માટે સમાજના તમામ પ્રમુખજનોને રાષ્ટ્રના આ કાર્યમાં યથાશક્તિ સહયોગી બનીને રાષ્ટ્રને શિરમોર બનાવવા માટે આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જિલ્લાના માનનીય સંઘચાલકજી ભરતભાઈ ચાવડાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. નાની બાળાઓના તિલકથી શરૂ થયેલ કાર્યક્રમ વંદે માતરમના ગીત સાથે સંપન્ન થયો હતો.






# CVM યુનિવર્સિટીએ વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ કર્યું

આણંદ

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ચારુતર વિદ્યામંડળ (CVM) યુનિવર્સિટીના એન.એસ.એસ. (NSS) સેલ દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં ભવ્ય 'વૃક્ષારોપણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ CVM યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડો ઈન્દ્રજીત પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે પ્રોવોસ્ટ પ્રો. ડો ઈન્દ્રજીત પટેલે જણાવ્યું હતું કે, 'પ્રકૃતિનું જતન, આવતીકાલનું સર્જન છે. આવનારી પેઢી માટે શુદ્ધ હવા, પાણી અને તંદુરસ્ત પર્યાવરણની ભેટ મૂકી જવી એ આપણા સૌની નૈતિક ફરજ છે.' તેમણે ઉમેર્યું હતું કે, માત્ર છોડ રોપવાથી આપણી જવાબદારી પૂરી નથી થતી, પરંતુ તેનું પૂર્ણ વૃક્ષ બને ત્યાં સુધી જતન કરવું એ જ સાચી દેશસેવા છે. જો આપણે આજે પ્રકૃતિને બચાવીશું, તો જ આવતીકાલે પ્રકૃતિ માનવજાતને સુરક્ષિત રાખશે. આ ગ્રીન ડ્રાઈવમાં યુનિવર્સિટીના ઉચ્ચ પદાધિકારીઓ અને અધિકારીઓએ ઉત્સાહભેર જોડાઈને પ્રકૃતિના જતનનો સંદેશ આપ્યો હતો. CVMUના માનનીય પ્રેસિડેન્ટ શ્રી ભીખુભાઈએ આ સરાહનીય પ્રવૃત્તિને બિરદાવતા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# ઓલપાડના પરીઆ ગામની ઇન્ડસ્ટ્રીઝમાંથી ચોરાયેલ મો.સા. ચોરીના બે ચોરટાઓ મુદ્દામાલ સાથે ઝડપાયા

સુરત ગ્રામ્ય LCB પોલીસે બાજુની ઇન્ડસ્ટ્રીઝમાં કડિયા કામ કરતાં મધ્યપ્રદેશના બંન્ને ચોરટાઓને મો.સા. સાથે દબોચી લીધા

ઓલપાડ

સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે ઓલપાડ તાલુકાના પરીઆ ગામની સીમ ઈન્ડસ્ટ્રીઝમાંથી રૂ. ૫૦,૦૦૦ ની કિંમતની ચોરાયેલ મો.સા.ચોરીના ગુનામાં મધ્યપ્રદેશ ના બે શ્રમિકોને મુદ્દામાલ સાથે દબોચી લીધા છે.

સુરત ગ્રામ્ય જિલ્લા એલ.સી. બી. શાખાની પોલીસ ટીમ શનિવાર,તા.૦૬ ના રોજ ઓલપાડ પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી.આ દરમિયાન શાખાના એ.એસ.આઈ. જગદીશ કામરાજ તથા અ.હે.કો. વિક્રમસિંહ લાલુને સંયુક્ત બાતમી મળી હતી કે, પરીઆ ગામની સીમમાં અંજની ટેક્ષટાઈલ પાર્કની 'ટેક્ષ' નામની કંપનીની સામેના રોડ પરથી ૦૫ દિવસ પહેલા ચોરાયેલ મો.સા. ચોરીના ગુનામાં દેલાડ ગામની સીમમાં આવેલ



મહેક ઈન્ડસ્ટ્રીઝની યાચી ટેક્ષટાઈલ્સ માં રહી કડિયા કામ કરતાં બે મજૂર યુવકોએ કરેલ છે. આ બંન્ને ચોરટાઓ હાલમાં ચોરીની બાઈક સાથે દેલાડ ગામ તરફ ચણતર કામ કરવા ગયા છે અને ત્યાંથી હાલમાં પરીઆ ગામ તરફ આવવાના છે.જે બાતમીના પગલે પોલીસે દેલાડથી પરીઆ ગામ તરફ જતા રોડ ઉપર સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ પાસે વોચ ગોઠવી હતી.તે દરમિયાન આ બંન્ને શખ્સો ચોરીની મો.સા. હંકારીને ત્યાંથી પસાર થઈ રહ્યા હતાં,ત્યારે પોલીસ ટીમે બંન્નેને આંતરી ચોરીની બાઈક સાથે દબોચી લીધા હતાં.પોલીસે ઝડપેલ આરોપી ધુન્દરીયા અમરસિંગ સોલંકી (ઉં.વ.૨૦)તથા ગજરીયા હેમતા સોલંકી(ઉં.વ.૨૨)ની પૂછપરછ કરતાં તેઓએ આ બાઈકની ચોરી કરેલ હોવાની કબુલાત કરી પોલીસને કહ્યું કે,તેઓ મુળ મધ્યપ્રદેશ રાજ્યના અલીરાજપુર જિલ્લાના ભાવરા તાલુકાના ઘોઘલપુર

ગામના વતની છે અને હાલમાં પરીઆ ગામની સીમમાં અંજની ઈન્ડસ્ટ્રીયલ પાર્કની ૨૦૩,મહેક યાચી ટેક્ષટાઈલમાં રહી કડિયા કામ કરે છે.

જે કબુલાતના પગલે પોલીસે બંન્ને શખ્સોને રૂ.૫૦, ૦૦૦ ની બાઈક સાથે દબોચી કાયદેસરનો ગુનો નોંધી બંન્નેએ બીજી કોઈ અન્ય ચોરી ગુનાને અંજામ આપેલ છે કે કેમ?તેની વધુ તપાસ હાથ ધરી છે.

### મોરબીમાં કાળનો ક્રૂર પંજો

# પુત્રના અકસ્માતના સમાચાર સાંભળી હોસ્પિટલ દોડેલા પિતા અને ગ્રામજનો નડ્યો ભયંકર અકસ્માત

મોરબી

મોરબી પંથકમાંથી એક અત્યંત આઘાતજનક અને કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી છે, જ્યાં વિધાતાએ એક જ પરિવાર અને ગામ પર કાળનો એવો ક્રૂર પંજો માર્યો છે કે સાંભળનારની આંખોમાં આંસુ આવી જાય. મોરબી નજીક એક યુવકનો અકસ્માત થતાં, તેના પિતા અને ગામના અન્ય લોકો તાત્કાલિક હોસ્પિટલ જવા રવાના થયા હતા, પરંતુ કુદરતને કંઈક જુદું જ મંજૂર હતું. હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ આ તમામ લોકોને રસ્તામાં એક ભયંકર અકસ્માત નડ્યો હોવાની હચમચાવી દેતી વિગતો પ્રકાશમાં આવી છે. મળતી માહિતી અનુસાર, મોરબીના ગ્રામ્ય વિસ્તારના એક યુવકને માર્ગ અકસ્માત નડ્યો હોવાના સમાચાર તેના પરિવારને મળ્યા હતા. પુત્રના અકસ્માતની ખબર મળતા જ પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. ઈજાગ્રસ્ત પુત્રની વહારે ધાવા માટે પિતા અને ગામના અન્ય સ્નેહીજનો સમય ગુમાવ્યા વિના વાહન લઈને હોસ્પિટલ તરફ દોડ્યા હતા. હજુ તેઓ હોસ્પિટલ પહોંચે તે પૂર્વે જ રસ્તામાં તેમના વાહનને એક કાળમુખા વાહને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે વાહનના કુચ્ચેકુચ્ચા ઉડી ગયા હતા.

# હેપ્પી મોલ ખાતે વાવ-થરાદ જિલ્લા પોલીસનો સાઇબર ક્રાઇમ જાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો

વાવ-થરાદ, પ્રધાનજી ઠાકોર

વાવ-થરાદ જિલ્લા પોલીસ દ્વારા નાગરિકોમાં વધતા જતા સાઇબર ગુનાઓ અંગે જાગૃતિ લાવવા તેમજ મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ માટે થરાદના હેપ્પી મોલ ખાતે સાઇબર ક્રાઇમ લોકજાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં AHTU શાખા, વાવ-થરાદના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ. એમ. માલીવાડ સાહેબ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ પોલીસ સ્ટેશન સપોર્ટ સેન્ટરના પરમાર રેખાબેન એલ. દ્વારા હેપ્પી મોલની મુલાકાત લેવામાં આવી હતી. તેમાં સૌપ્રથમ મહિલા કાર્યકર્તા ઠક્કર પુષ્પાબેન દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર એમએમ માલીવાડ સાહેબને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ ત્યારબાદ જિલ્લા પોલીસ સ્ટેશન સપોર્ટ સેન્ટરના પરમાર રેખાબેન ને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતો મોલમાં કાર્યરત મહિલા સ્ટાફ તેમજ ઉપસ્થિત મહિલાઓ સાથે સીધો સંવાદ કરી વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનારમાં મહિલાઓને મહિલા સુરક્ષા, મહિલા હેલ્પલાઈન 181, ઈમરજન્સી સેવા 112, સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન 1930, ઓનલાઈન છેતરપિંડીથી બચવાના ઉપાયો, સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ, બાળ સુરક્ષા તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પરમાર રેખાબેન એલ. દ્વારા મહિલાઓને સંબોધતા જણાવાયું હતું કે આજના ડિજિટલ યુગમાં જાગૃતિ જ સૌથી મોટું સુરક્ષા કવચ છે. કોઈપણ અજાણી લિંક, OTP, બેંકિંગ માહિતી અથવા વ્યક્તિગત માહિતી અજાણ્યા વ્યક્તિ સાથે શેર ન કરવી તેમજ કોઈપણ પ્રકારની છેતરપિંડી કે હેરાનગતિની ઘટના બને તો તાત્કાલિક પોલીસ અને હેલ્પલાઇનનો સંપર્ક કરવો જોઈએ. પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ. એમ. માલીવાડ સાહેબે જણાવ્યું હતું કે જિલ્લા પોલીસ દ્વારા સતત લોકજાગૃતિ કાર્યક્રમો યોજી નાગરિકોને કાયદાકીય જ્ઞાન અને સુરક્ષા અંગે માહિતગાર કરવામાં આવી રહ્યા છે, જેથી સમાજમાં સુરક્ષિત અને જાગૃત વાતાવરણનું નિર્માણ થઈ શકે.

### વિકાસના નામે ખેડૂતો પર દમન?

# વળતરના બદલે ભાજપ સરકારે પોલીસ કાફલો ઉતાર્યો!

મોરબી

ગુજરાતમાં ડબલ એન્જિન સરકાર ઉદ્યોગપતિઓ અને ખાનગી કંપનીઓને ફાયદો કરાવવા માટે અન્નદાતાઓનું શોષણ કરી રહી હોવાનો સનસનાટીપૂર્ણ આક્ષેપ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ કર્યો છે. સુરેન્દ્રનગરના કોંઢ ગામ બાદ હવે મોરબીના જેતપર ગામે ખેડૂતોને પૂરતું અને ન્યાયસંગત વળતર ચૂકવ્યા વગર જ પોલીસ બળના જોરે હાઈટેન્શન વીજ ટાવર ઊભા કરવાની કામગીરી શરૂ કરાતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. અમિત ચાવડાએ ભાજપ સરકારની ખેડૂત વિરોધી માનસિકતા પર આકરા પ્રહાર કરતા જણાવ્યું કે, પોતાની જ જમીન પર ન્યાય માંગતા ખેડૂતોને પોલીસના જોરે દબાવવાનો પ્રયાસ અંગ્રેજોની દમનકારી નીતિની યાદ અપાવે છે. યોગ્ય વળતર માંગતા અન્નદાતાઓની અટકાયત કરીને સરકારે તેમના બંધારણીય અધિકારોનું હનન કર્યું છે. ચૂંટણી ટાણે ખેડૂતોની આવક બમણી કરવાના મોટા-મોટા વાયદા કરનારી ભાજપ સરકાર આજે ખેડૂતોની જમીન પડાવીને તેમને પાયમાલ કરવા બેઠી છે. ખેડૂતોનો વિરોધ વિકાસની સામે નથી, પરંતુ વીજલાઈનના કારણે જમીનને થનારા કાયમી આર્થિક નુકસાન સામે છે. વહીવટી તંત્ર ખેડૂતોનું હિતરક્ષક બનવાને બદલે ખાનગી કંપનીઓના એજન્ટ તરીકે વર્તી રહ્યું છે.



### વાંધાજનક દ્રશ્યો હટાવવા તૈયારી

# પેદ્દીમાં જાહ્નવી કપૂરના બોલ્ડ પાત્ર પર ભારે હોબાળો, વિરોધ વધતાં ડિરેક્ટરે માંગી માફી

મુંબઇ

બોલિવૂડની ગ્લેમરસ ગર્લ જાહ્નવી કપૂરની આગામી ફિલ્મ પેદ્દી રિલીઝ થાય તે પહેલા જ એક બહુ મોટા વિવાદના વમળમાં ફસાઈ ગઈ છે. ફિલ્મમાં જાહ્નવી કપૂર દ્વારા ભજવવામાં આવેલા એક અત્યંત બોલ્ડ પાત્ર અને કેટલાક દ્રશ્યોને લઈને દેશભરમાં ભારે હોબાળો મચી ગયો છે. સોશિયલ મીડિયાથી લઈને સિનેમા જગત સુધી આ પાત્રના ચિત્રણ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. મામલો એટલો હદે બિચક્યો કે આખરે ફિલ્મના ડિરેક્ટરે સામે આવીને જનતાની માફી માંગવી પડી છે અને વિવાદિત દ્રશ્યોમાં મોટા ફેરફારો કરવાની સત્તાવાર જાહેરાત કરવી પડી છે. મળતી વિગતો અનુસાર, ફિલ્મ પેદ્દીના ટ્રેલર અને ટીઝરમાં જાહ્નવી કપૂરના પાત્રને જે રીતે રજૂ કરવામાં આવ્યું હતું, તેની સામે કેટલાક સામાજિક સંગઠનો અને સિનેપ્રેમીઓએ સખત વાંધો ઉઠાવ્યો હતો. લોકોનો આરોપ હતો કે ફિલ્મમાં મહિલાના પાત્રને અતિશય બોલ્ડ અને રૂઢિચુસ્ત વિચારોને ઠેસ પહોંચાડે તે રીતે ગ્લેમરાઈઝ કરવામાં આવ્યું છે, જે ભારતીય સંસ્કૃતિ અને નારી સન્માનની વિરુદ્ધ છે. વિરોધનું આ તોફાન એટલું પ્રચંડ હતું કે ફિલ્મના બહિષ્કારની માંગ પણ શરૂ થઈ ગઈ હતી. ચારેબાજુથી ઘેરાયેલા ફિલ્મના ડિરેક્ટરે આખરે વિવાદને શાંત પાડવા માટે એક સત્તાવાર નિવેદન જાહેર કર્યું છે. ડિરેક્ટરે જાહેર મંચ પરથી માફી માંગતા કહ્યું કે, અમારો હેતુ કોઈની પણ લાગણી દુભાવવાનો કે નારી શક્તિનું અપમાન કરવાનો બિલકુલ ન હતો. દરેક મહિલા સન્માનની હકદાર છે અને જનતાની લાગણીઓને માન આપીને અમે ફિલ્મમાં રહેલા તમામ વાંધાજનક દ્રશ્યો અને સંવાદોમાં તાત્કાલિક અસરથી ફેરફાર કરીશું. દિગ્દર્શકની આ જાહેરાત બાદ વિવાદ થોડો શાંત પડ્યો હોય તેવું લાગી રહ્યું છે, પરંતુ સિનેમા જગતમાં હજુ પણ આ મુદ્દે ગરમાગરમ ચર્ચાઓ ચાલી રહી છે. સેન્સોર્ડ બોર્ડના આકરા વલણ પહેલા જ ડિરેક્ટરે નમતું જોખીને જનતાના આક્રોશ સામે ઝૂકવું પડ્યું છે. આ ફેરફારો બાદ હવે ફિલ્મ ક્યારે સિલ્વર સ્ક્રીન પર દસ્તક દેશે અને જાહ્નવી કપૂરનું આ પાત્ર બોક્સ ઓફિસ પર કેવો કમાલ બતાવે છે, તેના પર પાક્કો ગુજરાત ન્યૂઝની નજર રહેશે.

સાઉથના સુપરસ્ટાર રામ ચરણ અને બોલિવૂડ અભિનેત્રી જાહ્નવી કપૂરની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પેદ્દી' 4 જૂન 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે. આ ફિલ્મે પહેલા દિવસે 135 કરોડ રૂપિયા અને બીજા દિવસે 150 કરોડથી વધુનું વર્લ્ડવાઈડ કલેક્શન કરીને બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી છે.

**એક યુઝરે ફિલ્મનો એક સીન શેર કરતા ગુસ્સો વ્યક્ત કર્યો અને લખ્યું કે, હવે એ સમય આવી ગયો છે**

# ટીવી સિરિયલમાં પાર્વતીનો રોલ કરનારી એક્ટ્રેસનો બિકિની અવતાર

### 'દેવો કે દેવ મહાદેવ' સિરિયલમાં પાર્વતીનો રોલ સોનારિકા ભદૌરિયા નામની એક્ટ્રેસે પ્લે કર્યો હતો. એ સમયે લૂકસ અને અવાજને કારણે તે છવાઈ હતી

મુંબઇ

મુંબઈઃ ટીવી સિરિયલની એક્ટ્રેસનો ચાહકવર્ગ ખૂબ ખાસ હોય છે. ટીવીની દુનિયામાં છવાઈ જઈને ઘર-ઘર સુધી પહોંચવામાં દરેક કલાકારો સફળ થતા નથીં. સિરિયલ ઈન્ડસ્ટ્રીમાં અનેક એવી એક્ટ્રેસ છે જે મુંબઈ પોતાનું નસીબ અજમાવવા માટે આવતી હોય છે. ખાસ કરીને ધાર્મિક સિરિયલમાં કામ મેળવવાની ગણતરી જૂજ એક્ટ્રેસની હોય છે પણ ધાર્મિક સિરિયલમાંથી ખ્યાતિ પામેલી એક્ટ્રેસનો જાદુ ક્યારેય ઓસરતો નથી. લાંબા સમય સુધી એનો ચાહક વર્ગ અકબંધ રહે છે. 'દેવો કે દેવ મહાદેવ' નામની સિરિયલમાં માતા પાર્વતીનો રોલ કરનાર એક્ટ્રેસનું પણ કંઈક આવું જ છે. પણ આ પાત્ર પ્લે કરનારી એક્ટ્રેસે પોતાના બિકિની અવતારથી ફેન્સને ચોંકાવી દીધા હતા. 'દેવો કે દેવ મહાદેવ' સિરિયલમાં પાર્વતીનો રોલ સોનારિકા ભદૌરિયા નામની એક્ટ્રેસે પ્લે કર્યો હતો. એ સમયે પણ પોતાના લૂકસ અને અવાજને કારણે તે છવાઈ ગઈ હતી. એક્ટ્રેસે હવે પોતાના કેટલાક ફોટો શૅર કરીને ફેન્સનું દિલ જીતી લીધું છે. એટલું જ નહીં એક્ટ્રેસે પોતાની દીકરી સાથે પણ તસવીર ક્લિક કરાવી છે. વેસ્ટર્ન લૂક્સ, બિકિની અવતાર અને સિમ્પલ સ્ટાઈલમાં સોનારિકાએ એકથી એક ચડિયાતા પોઝ આપ્યા હતા. સોશિયલ મીડિયા પર એના ફોટો જોરશોરથી શૅર થઈ રહ્યા છે તો ફેન્સ દરેક ફોટો પર દિલવાળું ઈમોજી દિલ ખોલીને પ્રેસ કરી રહ્યા છે. હકીકત એવી છે કે, સોનારિકાએ પોતાની દીકરી વરિકાના 6 મહિના પૂરા છતા પોતાની અત્યાર સુધીની બેસ્ટ તસવીર શૅર કરી હતી. એક ફોટોમાં બેબીબંપ દેખાય તો બીજા ફોટોમાં એનો બિકિની અવતાર, લેટેસ્ટ ફોટોમાં તે પોતાની છ મહિનાની દીકરી સાથે જોવા મળી છે. માતા બન્યા પછી પણ એનો લૂક એટલો જ દમદાર છે. દરેક તસવીરમાં એનો એક અલગ અંદાજ જોવા મળી રહ્યો છે. વ્હાઈટ ડ્રેસ અને શોર્ટમાં તે પોતાની દીકરી સાથે જોવા મળી હતી. લેસ પેટર્ન અને મિનિ ડ્રેસમાં તેનો મેકઅપ વગરનો ચહેરો પહેલીવાર કોઈ ઓળખી શક્યું ન હતું.



# Happy Birthday Neha Kakkar: સંઘર્ષથી સફળતા સુધીની સફર

### બોલીવુડ ઇન્ડસ્ટ્રીમાં જ્યારે પણ શૂન્યમાંથી સર્જન કરનારા અને આકરા સંઘર્ષ સામે લડીને સફળતા મેળવનારા કલાકારોની વાત આવે, ત્યારે પ્લેબેક સિંગર નેહા કક્કરનું નામ મોખરે લેવાય છે.


મુંબઇ

બોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં જ્યારે પણ શૂન્યમાંથી સર્જન કરનારા અને આકરા સંઘર્ષ સામે લડીને સફળતા મેળવનારા કલાકારોની વાત આવે, ત્યારે પ્લેબેક સિંગર નેહા કક્કરનું નામ મોખરે લેવાય છે. નેહાનો જુસ્સો, સખત મહેનત અને સમર્પણ આજે લાખો ઉભરતા કલાકારો માટે એક આદર્શ ઉદાહરણ છે. આજે ૬ જૂનના રોજ બોલીવુડની આ પોપ્યુલર સિંગર પોતાનો જન્મદિવસ ઉજવી રહી છે, ત્યારે આવો જાણીએ ઋષિકેશની ગલીઓથી લઈને માયાનગરી મુંબઈ સુધીની તેની રોમાંચક અને પ્રેરણાદાયી સફર. બાળપણમાં ગરીબી જોઈ.. નેહા કક્કર નેહા કક્કરનો જન્મ ૬ જૂન, ૧૯૮૮ના રોજ ઉત્તરાખંડના ધાર્મિક નગરી ઋષિકેશમાં થયો હતો. તેના પિતાનું નામ ઋષિકેશ કક્કર અને માતાનું નામ નીતિ કક્કર છે. નેહા જ્યારે ખૂબ જ નાની હતી, ત્યારે તેનો પરિવાર આર્થિક સધ્ધરતાની શોધમાં ઉત્તરાખંડ છોડીને દિલ્હી આવી ગયો હતો. નેહાને એક બહેન સોનુ કક્કર અને એક ભાઈ ટોની કક્કર છે, અને આ બંને પણ આજે મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના જાણીતા નામ છે.

આજે ભલે નેહા દેશની સૌથી મોંઘી અને અમીર સિંગર્સમાં સામેલ હોય, પરંતુ તેનું બાળપણ ભારે આર્થિક તંગી અને ગરીબીમાં વીત્યું હતું.એક રિયાલિટી શો દરમિયાન નેહાએ ભાવુક થઈને ખુલાસો કર્યો હતો કે, 'જ્યારે અમે નાના હતા ત્યારે અમારા પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હતી. મારી મોટી બહેન સોનુ જે સ્કૂલમાં ભણતી હતી, મારા પિતા તે જ સ્કૂલની બહાર સમોસા વેચીને ઘરનું ગુજરાન ચલાવતા હતા. માતાના જાગરણમાં મળતા હતા માત્ર ૫૦૦ નેહાને બાળપણથી જ સૂર અને સંગીત પ્રત્યે ભારે લગાવ હતો. તેણે માત્ર ચાર વર્ષની કુમળી વયે ગાવાનું શરૂ કરી દીધું હતું.

પરિવારને આર્થિક મદદ કરવા માટે તે તેની મોટી બહેન સોનુ કક્કર સાથે રાત્રે માતા રાણીના જાગરણ અને ચૌકીઓમાં ભજન ગાવા જતી હતી. આખી રાત જાગરણમાં ભજનો ગાઈને શ્રદ્ધાળુઓને ભક્તિરસમાં ડુબાડનારી નેહાને તે સમયે ગાવા બદલ માત્ર ૫૦૦ મળતા હતા. નેહા કક્કરના જીવનમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે તે ૧૧મા ધોરણમાં અભ્યાસ કરતી હતી.





# તમન્ના ભાટિયાનો આધ્યાત્મિક અવતાર, ચાહકોમાં વધી ઉત્સુકતા

### તમન્નાહ મા લિંગ ભૈરવીની મૂર્તિ પાસે ધ્યાનમાં મગ્ન રહી

મુંબઇ

અભિનેત્રી તમન્ના ભાટિયા, જે તેના ગ્લેમર, ચમક અને સતત કેમેરા અટેન્શન માટે જાણીતી છે, તે હાલમાં એક સંપૂર્ણપણે અલગ કારણોસર સમાચારમાં છે. સોશિયલ મીડિયા પર તેના બ્રેકઅપ અને અંગત જીવન વિશે અફવાઓ ફેલાઈ રહી છે, પરંતુ આ બધા વચ્ચે, તમન્ના પોતાને ખૂબ જ શાંતિપૂર્ણ અને આધ્યાત્મિક સ્થાનમાં શોધી રહી છે. તાજેતરમાં, તેણે ઈશા યોગ કેન્દ્રની સાધ્વીઓને તેના મુંબઈના ઘરે આમંત્રિત કરી અને "લિંગ ભૈરવી દેવી પુણ્ય પૂજા" કરી. આ પૂજા પછી તમન્નાનો અનુભવ માનસિક શાંતિ અને આંતરિક ઉપચાર શોધનારા કોઈપણ માટે એક પાઠ છે.

તમન્નાએ પરંપરાગત અને અદભુત ગુલાબી રેશમી સાડી પહેરીને પૂજામાં ભાગ લીધો હતો. તેનો દેખાવ તેના ધ્યાન મુદ્રા જેટલો જ દિવ્ય હતો. પૂજા પૂરી થયા પછી, જ્યારે બધા લોકો ચાલ્યા ગયા અને જાપ શમી ગયા, ત્યારે તમન્નાહ મા લિંગ ભૈરવીની મૂર્તિ પાસે ધ્યાનમાં મગ્ન રહી. તેણે સોશિયલ મીડિયા પર લખ્યું, "બધા લોકો ચાલ્યા ગયા હતા. જાપ બંધ થઈ ગયો હતો. પૂજા પૂરી થઈ ગઈ હતી. છતાં, હું દેવી પાસે બેઠી હતી, દિવસ પૂરો થવા માંગતી નહોતી." તમન્નાએ પરંપરાગત અને અદભુત ગુલાબી રેશમી સાડી પહેરીને પૂજામાં ભાગ લીધો હતો. તેનો દેખાવ તેના ધ્યાન મુદ્રા જેટલો જ દિવ્ય હતો. પૂજા પૂરી થયા પછી, જ્યારે બધા લોકો ચાલ્યા ગયા અને જાપ શમી ગયા, ત્યારે તમન્નાહ મા લિંગ ભૈરવીની મૂર્તિ પાસે ધ્યાનમાં મગ્ન રહી. તેણે સોશિયલ મીડિયા પર લખ્યું, "બધા લોકો ચાલ્યા ગયા હતા.


જાપ બંધ થઈ ગયો હતો. પૂજા પૂરી થઈ ગઈ હતી. છતાં, હું દેવી પાસે બેઠી હતી, દિવસ પૂરો થવા માંગતી નહોતી." અભિનેત્રીનો અનુભવ દર્શાવે છે કે જ્યારે તમે ઊંડાણપૂર્વક આધ્યાત્મિક પ્રક્રિયામાંથી પસાર થાઓ છો, ત્યારે તે ફક્ત થોડી મિનિટો માટે ચાલતી ધાર્મિક વિધિ નથી. તમન્નાને લાગ્યું કે પૂજા પૂરી થયા પછી પણ, એક અદ્ભુત ઉર્જા અને જીવંતતા હવામાં રહે છે અને બહાર નીકળવાનો ઈનકાર કરે છે. બ્રેકઅપ અથવા વ્યક્તિગત તણાવમાંથી પસાર થતી કોઈપણ સ્ત્રી માટે, આ 'આધ્યાત્મિક ડિટોક્સ'નું સંપૂર્ણ ઉદાહરણ છે, જ્યાં તમે બાહ્ય અવાજને બંધ કરો છો અને તમારી આંતરિક શાંતિ સાથે જોડાઓ છો.

# રણવીર સિંહની ફિલ્મ "ધુરંધર 2" ના OTT રિલીઝમાં મોટો ટ્વિસ્ટ: જિયો હોટસ્ટારના લાઇવ-સ્ટ્રીમિંગ નિર્ણયથી દર્શકો નારાજ

મુંબઇ

આદિત્ય ધારના નિર્દેશનમાં બનેલી ફિલ્મ "ધુરંધર" થિયેટરો બાદ હવે OTT પ્લેટફોર્મ પર પણ જોરદાર ચર્ચામાં છે. આ ફિલ્મનો પહેલો ભાગ ડિસેમ્બર 2025 માં રિલીઝ થયો હતો જેને દર્શકોનો અસાધારણ પ્રતિસાદ મળ્યો હતો. ત્યારબાદ, માત્ર 3 મહિનાના ટૂંકા ગાળામાં ફિલ્મનો બીજો ભાગ પણ રિલીઝ કરવામાં આવ્યો અને બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું. થિયેટર રન પૂરો થયા પછી દર્શકો તેના OTT રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, પરંતુ Jio Hotstar પ્લેટફોર્મે આ રિલીઝમાં એક નવો ટ્વિસ્ટ ઉમેરતા ચાહકોમાં નારાજગી જોવા મળી છે. રણવીર સિંહ સ્ટારર "ધુરંધર 2" માટે દર્શકો વધુ ઉત્સાહિત હતા કારણ કે આ ફિલ્મ OTT પર 'અનકટ' સંસ્કરણ સાથે રિલીઝ થવાની હતી, જેમાં થિયેટરમાંથી હટાવવામાં આવેલા દ્રશ્યો પણ સામેલ હતા.

જોકે, પ્લેટફોર્મ દ્વારા તેને સીધી અપલોડ કરવાને બદલે લાઇવ-સ્ટ્રીમ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ફિલ્મ 4 જૂન, 2026 ના રોજ સાંજે 7 વાગ્યે લાઇવ-સ્ટ્રીમ થવાની હતી, પરંતુ તે લગભગ 30 મિનિટ મોડી શરૂ થઈ હતી. આ પ્રયોગ દર્શકોને બિલકુલ પસંદ ન આવ્યો કારણ કે લાઇવ-સ્ટ્રીમિંગ દરમિયાન ફિલ્મને શરૂઆતથી જોવાની કે પોઝ (રોકવાની) કોઈ સુવિધા નહોતી. યુઝર્સે સોશિયલ મીડિયા પર આ પદ્ધતિને મુવી જોવાનો અનુભવ બગાડનારી ગણાવી હતી. લાઈવસ્ટ્રીમ પ્રીમિયર દરમિયાન દર્શકોને માત્ર મેનેજમેન્ટ જ નહીં, પણ ટેકનિકલ ખામીઓનો પણ સામનો કરવો પડ્યો હતો. ઘણા યુઝર્સે ફરિયાદ કરી છે કે કેટલાક મહત્વના દ્રશ્યોમાં ફિલ્મનો અવાજ અચાનક ખૂબ જ ધીમો થઈ જતો હતો, જેના કારણે કલાકારોના સંવાદો સ્પષ્ટ સાંભળી શકાતા નહોતા. સોશિયલ મીડિયા પર લોકોએ બળાપો કાઢતા લખ્યું કે, આવા કોઈ પણ નાટક વિના ફિલ્મને સીધી પ્લેટફોર્મ પર રિલીઝ કરી દેવી જોઈતી હતી. જોકે, આ તમામ વિવાદો વચ્ચે રાહતના સમાચાર એ છે કે 5 જૂનથી આ ફિલ્મ પ્લેટફોર્મ પર સામાન્ય રીતે જોડાવા માટે ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે.



પાક્કો ગુજરાત

રવિવાર | 07 જૂન 2026 | અમદાવાદ

### સ્ટાર બેટર સૂર્યકુમાર યાદવને કૅપ્ટનશીપ પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે

# T20 માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત: શ્રેયસ અય્યર કૅપ્ટન, વૈભવ સૂર્યવંશીની એન્ટ્રી

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ(BCCI)ની મેન્સ સેલેક્શન પેનલ દ્વારા આજે મુંબઈ હેડક્વાર્ટરમાં મળેલી મહત્ત્વની બેઠક બાદ આયર્લૅન્ડ અને ઈંગ્લૅન્ડ પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રવાસ પહેલા ભારતીય T20 ક્રિકેટમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે.

સ્ટાર બેટર સૂર્યકુમાર યાદવને કેપ્ટનશીપ પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે અને તેમના સ્થાને મધ્યમ ક્રમના બેટર શ્રેયસ અય્યરને ભારતીય T20 ટીમની કમાન સોંપવામાં આવી છે. એપેક્સ કાઉન્સિલની બેઠકમાં લેવાયો મોટો નિર્ણય અહેવાલો અનુસાર, BCCIની એપેક્સ કાઉન્સિલ કમિટીની બેઠકમાં સૂર્યકુમાર યાદવને કેપ્ટન પદ પરથી દૂર કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેની આજે જાહેરાત પણ કરી દેવામાં આવી છે.

સૂર્યાના સ્થાને હવે શ્રેયસ અય્યર ભારતીય T20 ટીમના નવા સુકાની તરીકે જવાબદારી સંભાળશે. આ પ્રવાસમાં યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીને પહેલીવાર ભારતીય સિનિયર ટીમમાં સ્થાન મળ્યું છે. આયર્લૅન્ડ સામેની શ્રેણી માટે આ યુવા સ્ટારને ટીમમાં સામેલ કરીને સેલેક્ટર્સે ભવિષ્યના સંકેતો આપી દીધા છે. આયર્લૅન્ડ સામેની T20I શ્રેણી માટેની ભારતીય ટીમ શ્રેયસ અય્યર (કૅપ્ટન), તિલક વર્મા, રવિ બિશ્નોઈ, અભિષેક શર્મા, નીતિશ રેડ્ડી, મોહમ્મદ સિરાજ, સંજુ સેમસન, અક્ષર પટેલ, હર્ષિત રાણા, ઈશાન કિશન, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, શિવમ દુબે, વરુણ ચક્રવર્તી, પ્રિન્સ યાદવ અને વૈભવ સૂર્યવંશી. ઈંગ્લૅન્ડ સામેની T20 શ્રેણી માટેની ટીમ શ્રેયસ અય્યર (કૅપ્ટન), તિલક વર્મા, રવિ બિશ્નોઈ, અભિષેક શર્મા, નીતિશ રેડ્ડી, મોહમ્મદ સિરાજ, સંજુ સેમસન, અક્ષર પટેલ, હર્ષિત રાણા, ઈશાન કિશન, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, શિવમ દુબે, વરુણ ચક્રવર્તી,પ્રિન્સ યાદવ અને વૈભવ સૂર્યવંશી.










એશિયન ગેમ્સ માટેની ભારતીય ટીમ શ્રેયસ અય્યર (કૅપ્ટન), તિલક વર્મા, રવિ બિશ્નોઈ, અભિષેક શર્મા, નીતિશ રેડ્ડી, જસપ્રિત બુમરાહ, સંજુ સેમસન, અક્ષર પટેલ, હર્ષિત રાણા, ઈશાન કિશન, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, શિવમ દુબે, વરુણ ચક્રવર્તી, પ્રિન્સ યાદવ અને વૈભવ સૂર્યવંશી. ભારત અને આયર્લૅન્ડ વચ્ચેની મેચનું શેડ્યુલ પહેલી T20I: 26મી જૂન, બેલફાસ્ટ, બીજી T20I: 28મી જૂન, બેલફાસ્ટ, ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચેની મેચનું શેડ્યુલ, પહેલી જુલાઈ: પહેલી T20I, ચેસ્ટર-લે-સ્ટ્રીટ, ચોથી જુલાઈ: બીજી T20I, માન્ચેસ્ટર, સાતમી જુલાઈ: ત્રીજી T20I, નોટિંગહામ નવમી જુલાઈ: ચોથી T20I, બ્રિસ્ટોલ, 11મી જુલાઈ: પાંચમી T20I, સાઉધમ્પ્ટન, 14મી જુલાઈ: પહેલી ODI, બર્મિંગહામ.

## ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં પહોંચ્યો ફેબિયો કોબોલી

મુંબઈ

ઈટાલીના ફેબિયો કોબોલીએ કારકિર્દીમાં પહેલીવાર કોઈ ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. ફ્રેન્ચ ઓપન 2026ની મેન્સ સિંગલ્સ સેમિફાઈનલ પહેલાં તેના વિરોધી માટેઓ અર્નાલ્ડીએ બીમારીના કારણે નામ પાછું ખેંચી લીધું, જેનાથી કોબોલીને વોકઓવર મળ્યું. 10મા સીડ કોબોલીનો સામનો હવે રવિવારના ટાઈટલ મેચમાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવ સામે થશે. ઝ્વેરેવે ચેક રિપબ્લિકના યાકૂબ મેન્સિકાને હરાવ્યો. આ જીત સાથે તેમણે કારકિર્દીમાં બીજીવાર રોલાં ગારોની ફાઈનલમાં સ્થાન મેળવ્યું. વાયરલ ઈન્ફેક્શનના



કારણે હટ્યો અર્નાલ્ડી, કારકિર્દીની પહેલી સેમિફાઈનલ રમી શક્યો નહીં ઈટાલીના માટેઓ અર્નાલ્ડી વાયરલ ઈન્ફેક્શનના કારણે પોતાની કારકિર્દીની પહેલી ગ્રાન્ડ સ્લેમ સેમિફાઈનલમાંથી હટી ગયો. તેણે જણાવ્યું કે તબિયત અચાનક બગડવાથી તે કોર્ટ પર ઉતરવાની સ્થિતિમાં નહોતો. તેના હટવાથી કોબોલીનો ફાઈનલનો રસ્તો સાફ થઈ ગયો. મેચમાંથી ખસી ગયા પછી અર્નાલ્ડીએ કહ્યું, 'હું આવું બિલકુલ કરવા માગતો ન હતો. ગઈકાલ રાતથી જ મને અસ્વસ્થતા અનુભવવા લાગી હતી અને ડિનરના સમયે મારા પેટમાં તકલીફ શરૂ થઈ ગઈ હતી. ત્યારબાદ રાત્રે લગભગ 1 વાગ્યે મારી આંખ ખુલી અને મને ઉલટીઓ થવા લાગી.' તેણે આગળ જણાવ્યું, 'હું આખી રાત બિલકુલ સૂઈ શક્યો નહીં. સવારે 6 થી 7 વાગ્યાની વચ્ચે મને ફરીથી ઉલટી થઈ, ત્યારબાદ અમે ડોક્ટરને રૂમ પર બોલાવ્યા અને તેમણે મને કેટલીક દવાઓ આપી. પરંતુ આજે આખો દિવસ મારી હાલત એવી રહી કે હું કંઈપણ ખાઈ કે પી શકતો નથી.

### સાઈ સુદર્શન-રિષભ પંતની ફિફ્ટી; ઈન્ડિયાનો સ્કોર 368/3

## પહેલા દિવસે જ અફઘાન સામે ભારત ડ્રાઈવિંગ સીટ પર: કેએલ રાહુલ અને કેપ્ટન ગિલની સેન્ચુરી

મુંબઈ

ભારતે અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચના પહેલા દિવસે 3 વિકેટના નુકસાને 368 રન બનાવ્યા છે. મુલ્લાનપુરના મહારાજા યાદવેન્દ્ર સિંહ સ્ટેડિયમ ખાતે ભારતે ટૉસ જીતીને પહેલા બેટિંગ લીધી હતી. શનિવારે પ્રથમ દિવસના સ્ટમ્પ્સ સુધીમાં ત્યાં સુધીમાં શુભમન ગિલ અને રિષભ પંત અણનમ પરત ફર્યા હતા. કેપ્ટન શુભમન ગિલે અણનમ 103 રનની ઈનિંગ રમી હતી. જ્યારે કેએલ રાહુલ 100 રન બનાવીને આઉટ થયો હતો. રિષભ પંત 50 રન બનાવીને ક્રિઝ પર અણનમ રહ્યો છે. આ સિવાય સાઈ સુદર્શને 81 રનની શાનદાર ઈનિંગ રમી હતી. અફઘાનિસ્તાન તરફથી મોહમ્મદ સલીમને 2 વિકેટ મળી હતી, જ્યારે ઝિયાઉર રહમાન શરીફીના ખાતામાં એક વિકેટ ગઈ હતી. કેએલ




રાહુલે ઓપન તરીકે પોતાની 11મી સદી ફટકારી છે. તે સૌથી વધુ સદી ફટકારનાર ભારતીય ઓપનર્સની યાદીમાં ચોથા સ્થાને પહોંચી ગયો છે. આ યાદીમાં સુનિલ ગાવસ્કર 33 સદી સાથે પ્રથમ સ્થાને છે. ભારતે આ મેચમાં 6 લેફ્ટી બેટર્સને ઉતાર્યા છે. આ ત્રીજીવાર છે, જ્યારે ભારતીય ટીમની ટેસ્ટ પ્લેઈંગ-11માં આટલા બધા લેફ્ટી બેટર્સ સામેલ હોય. માનવ સુથાર ડેબ્યૂ કરી રહ્યો છે. તેને કુલદીપ યાદવે ડેબ્યૂ કેપ આપી. બીજી તરફ, વિકેટકીપર રિષભ પંત પોતાની 50મી ટેસ્ટ મેચ રમી રહ્યો છે. ન્યૂ ચંદીગઢ સ્થિત મુલ્લાનપુરનું મહારાજા યાદવેન્દ્ર સિંહ સ્ટેડિયમ ભારતનું 31મું ટેસ્ટ વેન્યુ બન્યું છે. ગયા વર્ષે ગુવાહાટી ટેસ્ટ વેન્યુ બન્યું હતું. 15 વર્ષ પછી ટીમ ઈન્ડિયા પોતાના હોમગ્રાઉન્ડ પર અશ્વિન-જાડેજા વગર ટેસ્ટ રમી રહી છે. નવેમ્બર 2010માં ન્યૂઝીલેન્ડ સામે આવું બન્યું હતું. ટીમે ત્યારપછી 69 ટેસ્ટ મેચ રમી છે.

## પ્રજ્ઞાનંદા નોર્વે ચેસ ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો

### ફાઈનલમાં જર્મનીના વિન્સેન્ટને હરાવ્યો; ટુર્નામેન્ટમાં વર્લ્ડ નંબર-1 કાર્લસનને બે વાર હરાવ્યો હતો

પેરિસ

ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ ઈતિહાસ રચતા નોર્વે ચેસ 2026નું ટાઈટલ જીતી લીધું છે. 20 વર્ષીય પ્રજ્ઞાનંદા આ ટુર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે. ફાઈનલ રાઉન્ડમાં તેણે જર્મનીના વિન્સેન્ટ કીમરને હરાવીને આ સિદ્ધિ હાંસલ કરી. ટુર્નામેન્ટના છેલ્લા દિવસે પ્રજ્ઞાનંદા 15 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને હતો. તેણે ક્લાસિકલ મુકાબલો જીતીને 3 પોઈન્ટ્સ મેળવ્યા અને કુલ 18 પોઈન્ટ્સ સાથે ખિતાબ પોતાના નામે કરી લીધો. છેલ્લા રાઉન્ડમાં બાજી પલટાઈ, વેસ્લી ટાઈબ્રેકર જીતવા છતાં હાર્યા ટુર્નામેન્ટના છેલ્લા રાઉન્ડમાં અમેરિકન ગ્રાન્ડમાસ્ટર વેસ્લી સો 15.5 પોઈન્ટ્સ્સ સાથે ટોચ પર હતો. પરંતુ તેની મેચ ડ્રો રહી અને નિર્ણય આર્માગેડન ટાઈબ્રેકરમાં ગયો. આનાથી પ્રજ્ઞાનંદા




માટે ખિતાબ જીતવાનો રસ્તો ખુલી ગયો. વેસ્લી સોએ ટાઈબ્રેકર તો જીતી લીધું, પરંતુ તેને ફક્ત 1.5 પોઈન્ટ્સ મળ્યા. આમ તેના કુલ 17 પોઈન્ટ્સ થયા, જે પ્રજ્ઞાનંદા કરતાં એક ઓછા હતા. ફ્રાન્સના અલીરજા ફિરોઝા 15.5 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને રહ્યો. છેલ્લા રાઉન્ડમાં મેગ્નસ કાર્લસને ગુકેશને હરાવ્યો, પરંતુ તે પણ ટાઇટલ જીતી શક્યા નહીં. કાર્લસન 13 પોઈન્ટ્સ્સ સાથે પાંચમા સ્થાને રહ્યો. અદાણી સ્પોર્ટ્સલાઈનના 'ગર્વ હૈ' એથ્લિટ પ્રજ્ઞાનનંદા આર. એ ઓસલો ખાતે શાનદાર અભિયાનના અંતે નોર્વે ચેસ ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બની ઈતિહાસ રચ્યો છે. ત્યારે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ પણ પ્રજ્ઞાનંદાને શુભેચ્છા પાઠવી હતી. આ ટુર્નામેન્ટના શરૂઆતના રાઉન્ડમાં પ્રજ્ઞાનંદાનું પ્રદર્શન સામાન્ય રહ્યું, પરંતુ પછીની મેચમાં તેણે શાનદાર કમબેક કર્યું. તેની સૌથી મોટી સિદ્ધિઓમાંની એક વર્લ્ડ નંબર-1 અને સાત વખતના નોર્વે ચેસ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને બે વાર ક્લાસિકલ મુકાબલામાં હરાવવાની રહી. પ્રજ્ઞાનંદા ભારતનો બીજો એવા ખેલાડી બન્યો, જેણે એક જ ટુર્નામેન્ટમાં મેગ્નસ કાર્લસનને બે વાર હરાવ્યો. આ પહેલા 2007માં વિશ્વનાથન આનંદે લિનારેસ ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં કાર્લસનને સતત બે મુકાબલામાં હરાવ્યા હતા. પ્રજ્ઞાનંદાએ તે કરી બતાવ્યું જે ભારતીય ચેસના દિગ્ગજ વિશ્વનાથન આનંદ પણ કરી શક્યા ન હતા. વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ પણ અત્યાર સુધી આ ટુર્નામેન્ટ જીતી શક્યો નથી. 2013માં શરૂ થયેલી આ ટુર્નામેન્ટમાં પહેલીવાર કોઈ ભારતીયે ટાઈટલ જીત્યું છે. પ્રજ્ઞાનંદા બીજીવાર નોર્વે ચેસમાં રમી રહ્યો હતો. ગુકેશ 8 પોઈન્ટ્સ સાથે છઠ્ઠા (છેલ્લા) સ્થાને રહ્યો. મહિલાઓમાં કઝાકિસ્તાનની બિબિસારા આસાઉબાયેવા વિજેતા રહી તે જ સમયે, મહિલાઓમાં કઝાકિસ્તાનની બિબિસારા આસાઉબાયેવા 16.5 પોઈન્ટ્સ સાથે વિજેતા રહી. જ્યારે ચીનની ઝુ ઝિનેર બીજા અને યુક્રેનની અન્નામુઝીચુક 15 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને રહી.



### KYC ડેટા અપલોડ કરવામાં મોડું અને ચાલુ ખાતાઓને ઇનઓપરેટિવ જાહેર કરવા બદલ કાર્યવાહી

# કેનેરા બેંક પર RBIએ ₹41.8 લાખનો દંડ ફટકાર્યો

મુંબઈ

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ કેનેરા બેંક પર 41.8 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ કાર્યવાહીનો યોર કસ્ટમર (KYC) નિયમો સહિત કેટલીક જરૂરી બેંકિંગ માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ કરવામાં આવી છે. RBIની તપાસમાં સામે આવ્યું છે કે કેનેરા બેંકે ઘણા ગ્રાહકોના KYC રેકોર્ડ્સને નિર્ધારિત સમયમર્યાદામાં સેન્ટ્રલ KYC રેકોર્ડ્સ રજિસ્ટ્રી (CKYCR) પર અપલોડ કર્યા ન હતા. નિયમો અનુસાર, તમામ બેંકોએ નવા અને હાલના ગ્રાહકોનો KYC ડેટા આ કેન્દ્રીય રજિસ્ટ્રી પર નિર્ધારિત સમયની અંદર અપડેટ કરવો પડે છે, જેથી છેતરપિંડી રોકી શકાય. કેનેરા બેંક આ સમયરેખાનું પાલન કરવામાં નિષ્ફળ રહી. નિયમોના ઉલ્લંઘનનો બીજો કિસ્સો ગ્રાહક




ખાતાઓના સંચાલન સાથે સંબંધિત છે. RBIની માર્ગદર્શિકા જણાવે છે કે જો કોઈ ખાતામાં છેલ્લા એક વર્ષમાં ગ્રાહક દ્વારા કોઈ વ્યવહાર થયો હોય, તો તેને સક્રિય ગણવામાં આવશે. જોકે, કેનેરા બેંકે એવા ઘણા ખાતાઓને પણ નિષ્ક્રિય જાહેર કર્યા હતા, જેમાં છેલ્લો વ્યવહાર થયાને હજુ એક વર્ષ પણ પૂરું થયું ન હતું. માર્ચ 2025ની નાણાકીય સ્થિતિના મૂલ્યાંકનમાં સામે આવેલી ખામી RBIએ બેંક સામે આ કાર્યવાહી સુપરવાઈઝરી ઈવેલ્યુએશન (ISE 2025) હેઠળ કરી છે. આ માટે કેનેરા બેંકની 31 માર્ચ 2025 સુધીની નાણાકીય સ્થિતિ અને કાર્યપદ્ધતિનું ઓડિટ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન મળેલી ખામીઓ પછી RBIએ બેંકને 'કારણ દર્શાવો નોટિસ' જારી કરી હતી. બેંક તરફથી મળેલા જવાબ અને મૌખિક રજૂઆતો પર વિચાર કર્યા પછી કેન્દ્રીય બેંકે દંડ લાદવાનો નિર્ણય કર્યો. ગ્રાહકો પર કાર્યવાહીની કોઈ અસર નહીં થાય RBIએ સ્પષ્ટ કર્યું છે કે આ દંડ ફક્ત રેગ્યુલેટરી કમ્પ્લાયન્સ (નિયમોના પાલન)માં થયેલી ખામીઓને કારણે લાદવામાં આવ્યો છે. આ કાર્યવાહીનો હેતુ બેંક અને તેના ગ્રાહકો વચ્ચે થયેલા કોઈપણ ટ્રાન્ઝેક્શન અથવા એગ્રીમેન્ટની કાયદેસરતા પર સવાલ ઉઠાવવાનો નથી.

### કંપની 5 વર્ષમાં ₹671 કરોડ ચૂકવશે

# ગૂગલે ગુરુગ્રામમાં 6.17 લાખ સ્ક્વેર-ફીટ ઓફિસ સ્પેસ ખરીદી

### આ સાથે જ કંપનીએ સિક્યોરિટી ડિપોઝિટ તરીકે 63.65 કરોડ રૂપિયા જમા કર્યા છે. એપ્રિલ 2026માં રજિસ્ટર થયેલા આ ડોક્યુમેન્ટ્સ અનુસાર, આ લીઝમાં દર ત્રણ વર્ષે ભાડામાં 15%નો વધારો કરવાનો નિયમ પણ સામેલ છે

મુંબઈ

ગૂગલ ઈન્ડિયાએ ગુરુગ્રામના 'એટ્રિયમ પ્લેસ'માં લગભગ 6.17 લાખ સ્ક્વેર ફીટ ઓફિસ સ્પેસ લીઝ પર લીધી છે. પ્રોપસ્ટેકના ટ્રાન્ઝેક્શન ડોક્યુમેન્ટ્સ અનુસાર, ગૂગલ આ જગ્યા માટે આગામી 5 વર્ષમાં કુલ 671 કરોડ રૂપિયાનું ભાડું ચૂકવશે. આ નવી લીઝ ડીલ એવા સમયે થઈ છે જ્યારે દેશના ગ્રેડ A કોમર્શિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માંગમાં ભારે તેજી જોવા મળી રહી છે. દર મહિને 10.55 કરોડ ભાડું, 63.65 કરોડ સિક્યોરિટી ડિપોઝિટ ગૂગલે ગુરુગ્રામના એટ્રિયમ પ્લેસના 'ટાવર 1'માં કુલ 6,17,448 સ્ક્વેર ફીટ ઓફિસ સ્પેસ ભાડે લીધી છે. એટ્રિયમ પ્લેસ DLF (ડીએલએફ) અને હાઈન્સનું એક સંયુક્ત સાહસ છે. આ કરાર હેઠળ ગૂગલ 171 પ્રતિ સ્ક્વેર ફીટના લીઝ રેટથી દર મહિને લગભગ 10.55 કરોડ રૂપિયાનું ભાડું ચૂકવશે. આ સાથે જ કંપનીએ સિક્યોરિટી ડિપોઝિટ તરીકે 63.65 કરોડ રૂપિયા જમા કર્યા છે. એપ્રિલ 2026માં રજિસ્ટર થયેલા આ ડોક્યુમેન્ટ્સ અનુસાર, આ લીઝમાં દર ત્રણ વર્ષે ભાડામાં 15%નો વધારો કરવાનો નિયમ પણ સામેલ છે. આ નવી લીઝ 1 ઓક્ટોબર 2025થી શરૂ થઈ ગઈ છે, જે કોમર્શિયલ ટાવરના બીજા માળથી લઈને 16મા માળ




સુધીના ભાગને કવર કરે છે. ગયા વર્ષે પણ ગૂગલે 2 મોટી લીઝ ડીલ્સ કરી હતી ગૂગલ ભારતમાં પોતાની ઓફિસ સ્પેસ સતત વધારી રહ્યું છે. આ ફ્રેશ લીઝ પહેલા વર્ષ 2025માં પણ કંપનીએ મેનેજ્ડ વર્કસ્પેસ પ્રોવાઈડર 'ટેબલસ્પેસ' પાસેથી 5,50,000 સ્ક્વેર ફીટ ઓફિસ સ્પેસ લીઝ પર લીધી હતી. એટલું જ નહીં, વર્ષ 2025માં જ ગૂગલે ઈસ્ટ બેંગલુરુના ડોડદાનેકુંડીમાં પોતાની લગભગ 8,70,000 સ્ક્વેર ફીટની ઓફિસ સ્પેસની લીઝને રિન્યુ પણ કરી હતી, જેના માટે કંપની વાર્ષિક 90 કરોડ રૂપિયાનું ભાડું કમિટમેન્ટ આપી રહી છે.


ગુરુગ્રામમાં DLF એસેટ્સની માંગ તેજ આ ડીલ એવા સમયે સામે આવી છે જ્યારે ગુરુગ્રામમાં DLFની કોમર્શિયલ એસેટ્સની માંગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. ગયા અઠવાડિયે જ એરબીએનબીએ તેના ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC) માટે ગુરુગ્રામના DLF સાયબર સિટીમાં 46,437 સ્ક્વેર ફીટ ઓફિસ સ્પેસ 5 વર્ષ માટે લીઝ પર લીધી છે. એરબીએનબી આ માટે લગભગ 61.53 લાખ રૂપિયાનું પ્રારંભિક માસિક ભાડું ચૂકવી રહી છે. માર્કેટ એક્સપર્ટ્સનું માનવું છે કે ટેકનોલોજી સેક્ટરની દિગ્ગજ કંપનીઓ હવે 130 પ્રતિ સ્ક્વેર ફીટથી વધુના દરે લોંગ-ટર્મ અને હાઈ-વેલ્યુ લીઝ એગ્રીમેન્ટ સાઈન કરી રહી છે. આ એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે દેશમાં ગ્રેડ A કોમર્શિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માંગ ખૂબ જ મજબૂત બની રહી છે. ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સનો દબદબો યથાવત ભારતના ઓફિસ લીઝ માર્કેટને આગળ વધારવામાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCCs)ની સૌથી મોટી ભૂમિકા છે. જાન્યુઆરીથી માર્ચ 2026ના ક્વાર્ટર દરમિયાન ભારતમાં કુલ 20.7 મિલિયન સ્ક્વેર ફીટ (msf) ઓફિસ સ્પેસ લીઝ પર લેવામાં આવી. તેમાંથી એકલા GCCsનો હિસ્સો 9.1 મિલિયન સ્ક્વેર ફીટ રહ્યો, જે કુલ એબ્સોર્પ્શનનો 44% હિસ્સો છે.

### વિદેશી ચલણ સંપત્તિ(FCA)માં મોટો ઉછાળો

# આરબીઆઈના ગોલ્ડ રિઝર્વની વેલ્યૂ અઠવાડિયામાં 2.19 અબજ ડૉલર ઘટી

વોશિંગ્ટન

ભારતીય રિઝર્વ બેંક (RBI)ના સોનાના રિઝર્વ વેલ્યૂમાં 2 અબજ ડૉલરથી વધુનો ઘટાડો નોંધાયો છે. RBI દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના સાપ્તાહિક રિપોર્ટ અનુસાર, 29મી મે, 2026ના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન સોનાના રિઝર્વ વેલ્યૂમાં 2.19 અબજ ડૉલરનો ઘટાડો દર્શાવવામાં આવ્યો છે. ગોલ્ડ રિઝર્વના વેલ્યૂમાં થયેલા આ મોટા ઘટાડાને પગલે બજારમાં એવી અટકળો શરૂ થઈ હતી કે મધ્યસ્થ બેંકે સોનું વેચ્યું હશે, પરંતુ RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ આ તમામ અટકળોને નકારી કાઢી છે. સોનું વેચ્યું નથી, ભંડારમાં ઉલટો વધારો થયો છે: ગવર્નર અહેવાલો અનુસાર, શુક્રવારે (પાંચમી જૂન) નાણાકીય નીતિની જાહેરાત બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, 'RBIએ સોનું વેચ્યું હોવાના અહેવાલો




આધારહીન છે. સેન્ટ્રલ બેંકનું ગોલ્ડ રિઝર્વ યથાવત્ છે, એટલું જ નહીં, તેમાં થોડો વધારો પણ થયો છે.' રિઝર્વ બેંકે વિગતવાર સ્પષ્ટતા કરી છે કે સોનાના ભંડારના મૂલ્યમાં આ ઘટાડો સોનાના વેચાણને કારણે નહીં, પરંતુ ઈન્ટરનેશનલ માર્કેટમાં કિંમતોમાં થતાં ફેરફાર(વેલ્યુએશન લોસ)ના કારણે થયો છે. સોનાના ભંડારનો હિસાબ યુએસ ડૉલરમાં રાખવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારના ભાવોના આધારે તેનું સાપ્તાહિક ધોરણે પુનઃમૂલ્યાંકન થાય છે. વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં આવતી વધઘટ અને ચલણની હિલચાલને લીધે રિપોર્ટમાં મૂલ્ય ઓછું દેખાઈ શકે છે, ભલે બેંક પાસે રહેલા સોનાના વાસ્તવિક જથ્થામાં કોઈ ફેરફાર ન થયો હોય. અગાઉ 'બ્લૂમબર્ગ ઈકોનોમિક્સ'ના એક વિશ્લેષણમાં દાવો કરવામાં આવ્યો હતો કે 22મી મેના રોજ પૂરા થયેલા બે અઠવાડિયાના ગાળામાં ભારતે રૂપિયાને ટેકો આપવા અથવા વિદેશી હૂંડિયામણ મજબૂત કરવા આશરે 12 અબજ ડૉલરનું સોનું વેચ્યું હોઈ શકે છે. RBIએ આ વિશ્લેષણને ખોટું ગણાવી ફગાવી દીધું છે અને ઉમેર્યું છે કે 'ભંડારના મૂલ્યની વધઘટને વાસ્તવિક જથ્થાના ઘટાડા સાથે સરખાવવી જોઈએ નહીં. હાલના સોનાનો ભંડાર 880.52 ટનના સ્તરે યથાવત્ છે.

# આ અઠવાડિયે સોના અને ચાંદીમાં મોટુ ગાબડુ

■ **આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 30 મેના રોજ 1.56 લાખ રૂપિયા પર હતો**

મુંબઈ


સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,225 રૂપિયા ઘટીને 1.54 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 30 મેના રોજ 1.56 લાખ રૂપિયા પર હતો. જ્યારે, ચાંદી 2.63 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2.57 લાખ રૂપિયા પર આવી ગઈ છે. એટલે કે તેની કિંમત 6,442 રૂપિયા ઓછી થઈ. આ વર્ષે સોના-ચાંદીની



કિંમતમાં તેજી જોવા મળી છે. 2026માં અત્યાર સુધી સોનું 21 હજાર રૂપિયા અને ચાંદી 27 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.56 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

જ્યારે, ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.61 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. 1. સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

# 'વર્દી સરકારી, વહીવટ પ્રાઈવેટ' : યુનિવર્સિટી પોલીસના કર્મચારી 'ગિરી'નું વાડજમાંથી ઓપરેટ થતું કરોડોનું સમાંતર પાપ-સામ્રાજ્ય!




અમદાવાદ

અમદાવાદ પોલીસની આબરૂના લીરેલીરા ઉડાડતો અને ખાખી વર્દીને કલંકિત કરતો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સરકારી પગાર ખિસ્સામાં મૂકીને, કાયદાની ઐસીતૈસી કરીને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનો એક કથિત કર્મચારી 'ગિરી' પોલીસ સ્ટેશને જવાને બદલે વાડજ પોલીસ ચોકીની બિલકુલ નજીક રાખેલી એક ગુપ્ત ખાનગી ઓફિસમાંથી આખા શહેરનો કાળો વહીવટ ઓપરેટ કરી રહ્યો છે!

### » 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ના આ મહાવિસ્ફોટમાં જુઓ કેવી રીતે કાયદાના રક્ષકો જ ભક્ષક બન્યા છે:

૧. ગુલબાઈ ટેકરા: મોતનો સામાન અને જિસ્મફરોશીનું હેડક્વાર્ટર!

સૂત્રો પાસેથી મળેલી પાકી માહિતી મુજબ, પોલીસ ખાતાના આ કથિત 'પ્રાઈવેટ ડાયરેક્ટર' ગિરીના સીધા આશીર્વાદથી ગુલબાઈ ટેકરા વિસ્તાર ગુનાખોરીનું એપીસેન્ટર બની ચૂક્યો છે:

ઝેરી કેમિકલવાળો દારૂ: આ વિસ્તારમાં કોઈ સાદો-દેશી દારૂ નહીં, પણ કેમિકલવાળો અત્યંત જોખમી દારૂ વેચાઈ રહ્યો છે, જે અમદાવાદમાં ગમે ત્યારે ભયાનક 'લઠ્ઠાકાંડ' સર્જી શકે છે.

રાતોરાત વિદેશી દારૂનું કટિંગ: વહીવટદાર ગિરીના અભય વચન હેઠળ વિદેશી દારૂના મોટા-મોટા કન્ટેનરો રાતોરાત આ વિસ્તારમાં ઠલવાય છે અને પોલીસની નાક નીચે તેનું સેફ કટિંગ થાય છે.

**ગુલબાઈ ટેકરામાં કેમિકલવાળો દારૂ અને હાઈપ્રોફાઈલ સ્પા માફિયાઓ સાથે સીધું ડીલિંગ**

સ્પાની આડમાં પાપનો વેપલો: હેલ્થ અને વેલનેસના લલચામણા બોર્ડ લગાવીને સ્પા સેન્ટરોની અંદર હાઈપ્રોફાઈલ દેહવેપારનો ધંધો ખુલ્લેઆમ ધમધમી રહ્યો છે.

૨. પી.આઈ. બાવાનો 'અજાણ' હોવાનો નાટક: હપ્તાખોરી કે લાચારી?

આખા વિસ્તારમાં આટલું મોટું પાપ સામ્રાજ્ય ચાલતું હોવા છતાં સ્થાનિક પી.આઈ. બાવા આંખ આડા કાન કરીને બેઠા છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા જ્યારે પી.આઈ. બાવાનો ટેલિફોનિક સંપર્ક કરાયો, ત્યારે તેમણે પરંપરાગત અને શંકાસ્પદ રાગ આલાપતા કહ્યું કે, 'મને આ બાબતે કોઈ જ ખબર નથી કે વિસ્તારમાં શું ચાલે છે!'

મોટો સવાલ: શું પી.આઈ. સાહેબ ખરેખર અજાણ છે, કે પછી સમયસર પહોંચતા મોટા હપ્તાઓની માયાજાળમાં જ મસ્ત છે? સમાચાર પ્રસિદ્ધ થવા છતાં પી.આઈ. બાવાના પેટનું પાણી હલતું નથી! શું આ અધિકારીઓ પૈસાની મોહમાયામાં ફસાયેલા છે કે પછી કથિત વહીવટદાર ગિરીની દાદાગીરી આગળ આખું પોલીસ સ્ટેશન લાચાર છે?

૩. એજન્સીઓ કેમ ઠંડીગાર? ઉપર સુધી પાકી ગોઠવણ!

એક સામાન્ય પોલીસ કર્મચારી સરકારી કચેરી છોડીને પ્રાઈવેટ ઓફિસથી આટલું મોટું ક્રાઈમ નેટવર્ક ચલાવે, તે કોઈ મોટા આશીર્વાદ વગર શક્ય જ નથી.

ચર્ચા છે કે ગિરી પર ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને મોટા રાજનેતાઓનો સીધો જ વરદહસ્ત છે. આ જ પાકા સેટિંગના કારણે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC), PCB, ક્રાઈમ બ્રાન્ચ કે DCP સ્કોડ જેવી મોટી એજન્સીઓ પણ આ અડ્ડાઓ પર હાથ નાખતા ડરે છે! અહીં ગૃહમંત્રીની કડક સૂચનાઓ પણ ઘોળીને પી જવાઈ છે.

૪. સરકારી પગારમાં કરોડોના બંગલા અને લક્ઝરી ગાડીઓ!

વર્ષોથી વિવાદોની કાળી શાહીમાં ખરડાયેલા આ કર્મચારી ગિરીની સંપત્તિ જોઈને ભલભલા પ્રમાણિક આઈપીએસ અધિકારીઓ ચકરાવે ચડી જાય તેમ છે. સામાન્ય પગારદાર કર્મચારી પાસે આજે કરોડોના આલીશાન બંગલા, મોંઘીદાટ લક્ઝરી ગાડીઓ અને બેનામી જમીનો ક્યાંથી આવી? આ અઢળક સંપત્તિ જ વાડજની પ્રાઈવેટ ઓફિસમાં થતા કાળા વહીવટની જીવતી-જાગતી સાક્ષી પૂરે છે. 'પાક્કો ગુજરાત'નો ગૃહ વિભાગ અને ઉપમુખ્યમંત્રીને સીધો લલકાર!

### ■ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આજે રાજ્યના ઉપમુખ્યમંત્રી અને ગૃહ મંત્રાલયના બંધ બારણે જોરદાર ટકોરો મારીને સીધા સવાલો પૂછે છે:

ખાખીની આડમાં બુટલેગરો અને સ્પા માફિયાઓ સાથે લાખોના સોદા કરતા આવા 'કાળા ઘેટા' સામે સરકાર ક્યારે કડક ખાતાકીય પગલાં ભરશે અને તેને જેલના સળિયા પાછળ ધકેલશે?

જો ગુલબાઈ ટેકરાના આ કેમિકલવાળા ઝેરી દારૂના કારણે અમદાવાદમાં કોઈ ભયાનક લઠ્ઠાકાંડ સર્જાયો અને નિર્દોષોના જીવ ગયા, તો તેની જવાબદારી કોની રહેશે? પી.આઈ. બાવાની કે આ પ્રાઈવેટ ઓફિસવાળા વહીવટદાર ગિરીની?

### ■ જનતાનો આક્રોશ:

અમદાવાદની જનતા હવે કાગડોળે રાહ જોઈ રહી છે કે કાયદાના લીરેલીરા ઉડાડતી આ ભ્રષ્ટ સિન્ડિકેટ, ગિરી જેવા વહીવટદાર અને વાડજની એ 'કાળી ઓફિસ' પર સરકારી બુલડોઝર ક્યારે ફરશે! શું ગૃહ વિભાગ આ કાળા સામ્રાજ્યનો અંત લાવશે કે પછી ભ્રષ્ટાચારનો આ ખેલ આમ જ ચાલતો રહેશે?

---

# ગરીબ વેપારીઓના હક માટે કોંગ્રેસ આવ્યું મેદાને : તંત્ર સામે બ્યૂગલ ફૂંકી યોજી ભવ્ય રેલી

હાથમાં પ્લેકાર્ડ અને બેનરો સાથે નીકળેલી આ ભવ્ય રેલીમાં તંત્ર અને શાસક પક્ષ વિરુદ્ધ ગગનભેદી નારા લગાવવામાં આવ્યા હતા

અમદાવાદ

વધતી જતી મોંઘવારી, કડક નિયમો અને તંત્રની કનડગત સામે પીસાતા નાના અને ગરીબ વેપારીઓની વહારે હવે કોંગ્રેસ પક્ષ મેદાને આવ્યો છે. નાના લારી-ગલ્લાવાળા, ફેરિયાઓ અને મધ્યમ વર્ગના વેપારીઓના રોજગાર પર આવી પડેલી આફત સામે વિરોધ પ્રદર્શિત કરવા માટે કોંગ્રેસ દ્વારા એક ભવ્ય અને આક્રમક જનરેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં હજારોની સંખ્યામાં ગરીબ વેપારીઓ અને પક્ષના કાર્યકરો રસ્તા પર ઉતરી આવતા વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. રેલી દરમિયાન કોંગ્રેસના અગ્રણી નેતાઓએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, સરકાર માત્ર મોટા ઉદ્યોગપતિઓની ચિંતા કરે છે, જ્યારે સવારથી સાંજ સુધી લોહી-પાણી એક કરીને માંડ-માંડ પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા ગરીબ વેપારીઓ પર કાયદાનો કોરડો વીંઝવામાં આવી રહ્યો છે. દબાણ હટાવવાના નામે નાના ધંધાર્થીઓની આજીવિકા છીનવી લેવામાં આવે છે અને વૈકલ્પિક વ્યવસ્થાના નામે માત્ર પોકળ વાયદા જ આપવામાં આવે છે. આ અન્યાય હવે સહન કરવામાં નહીં આવે. હાથમાં પ્લેકાર્ડ અને બેનરો સાથે નીકળેલી આ ભવ્ય રેલીમાં તંત્ર અને શાસક પક્ષ વિરુદ્ધ ગગનભેદી નારા લગાવવામાં આવ્યા હતા. ભીડને નિયંત્રિત કરવા માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો હતો. કોંગ્રેસે આક્રોશપૂર્વક ચેતવણી આપી છે કે જો ગરીબ વેપારીઓને પજવવાનું બંધ કરવામાં નહીં આવે અને તેમના હિતમાં તાત્કાલિક યોગ્ય નિર્ણયો લેવામાં નહીં આવે, તો આ આંદોલન આગામી દિવસોમાં વધુ ઉગ્ર બનશે.

---

**જાણો આયર્ન લેડી IPS ડી. રૂપાની નીડરતાની કહાની**

# 20 વર્ષની નોકરી અને 40 બદલી, છતાં ન ઝૂક્યા ન વેચાયા

> ડી. રૂપાએ કોઈપણ પ્રકારના રાજકીય દબાણ કે ભવિષ્યના પરિણામોની પરવા કર્યા વિના માત્ર અને માત્ર કાયદાનું પાલન કર્યું અને પોતાની ફરજ પૂરી નીડરતાથી નિભાવી

અમદાવાદ

ભારત દેશમાં અવારનવાર સનદી અધિકારીઓ અને રાજકારણીઓ વચ્ચેના ગજગ્રાહના કિસ્સાઓ સામે આવતા રહે છે. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે સત્તાના દબાણ સામે મોટા-મોટા અધિકારીઓ પણ ઘૂંટણીયે પડી જતા હોય છે. પરંતુ આપણા જ દેશમાં થોડા એવા પણ જાંબાઝ અધિકારીઓ છે જેઓ પોતાના હોદ્દાની ગરિમા, ઈમાનદારી અને નીડર નિર્ણયો માટે જ જીવે છે. આવું જ એક અત્યંત સન્માનનીય અને ખાખી વર્દીનું ગૌરવ વધારે તેવું નામ એટલે આઈપીએસ ડી. રૂપા. પોતાની વીસ વર્ષની શાનદાર અને બેદાગ કારકિર્દીમાં ચાલીસ વખત બદલીનો સામનો કરવા છતાં તેમણે ક્યારેય પણ અન્યાય કે રાજકીય દબાણ સામે ઝૂકવાનું સ્વીકાર્યું નથી. મૂળ કર્ણાટકના વતની ડી. રૂપા બાળપણથી જ ભણવામાં અત્યંત તેજસ્વી અને હોશિયાર હતા. ખાખી વર્દી પહેરીને દેશની સેવા કરવાના પોતાના સપનાને સાકાર કરવા માટે તેમણે રાત-દિવસ એક કરીને દેશની સૌથી અઘરી ગણાતી યુપીએસસીની પરીક્ષા પાસ કરી હતી. આ પરીક્ષામાં



તેમણે સમગ્ર ભારતમાં ૪૩મો રેન્ક મેળવીને પોતાની પ્રતિભા સાબિત કરી દીધી હતી. તેઓ માત્ર વહીવટી ક્ષેત્રે જ નહીં, પરંતુ એક કુશળ શૂટર અને શાસ્ત્રીય સંગીતના પણ જાણકાર છે, જે તેમની બહુમુખી પ્રતિભા દર્શાવે છે. આઈપીએસ ડી. રૂપા દેશભરના મીડિયા અને લોકોની નજરમાં સૌથી વધુ ચર્ચામાં ત્યારે આવ્યા જ્યારે તેમણે કાયદાની સર્વોપરિતા સાબિત કરતો એક ઐતિહાસિક નિર્ણય લીધો. કોર્ટના આદેશ પર તેમણે મધ્યપ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી ઉમા ભારતીની ધરપકડ કરી હતી. દેશના ઈતિહાસમાં એક ચાલુ સત્તાધીશ મુખ્યમંત્રીની ધરપકડ કરવી એ લોઢાના ચણા ચાવવા સમાન છે, પરંતુ ડી. રૂપાએ કોઈ પણ પ્રકારના રાજકીય દબાણ કે ભવિષ્યના પરિણામોની પરવા કર્યા વિના માત્ર અને માત્ર કાયદાનું પાલન કર્યું અને પોતાની ફરજ પૂરી નીડરતાથી નિભાવી. તેમના આ આકરા અને ઈમાનદાર વલણને કારણે તેમને પોતાની ૨૦ વર્ષની નોકરી દરમિયાન અંદાજે ૪૦ વખત બદલીનો સામનો કરવો પડ્યો છે. સરેરાશ ગણતરી કરીએ તો દર છ મહિને તેમની બદલી કરી દેવામાં આવતી હતી. વહીવટી તંત્રમાં વારંવાર થતી બદલીઓને એક સજા તરીકે જોવામાં આવે છે, પરંતુ ડી. રૂપા માટે આ બદલીઓ તેમની ઈમાનદારીનું જીવતું જાગતું પ્રમાણપત્ર બની ગઈ. તેમણે સાબિત કરી દીધું કે બદલીઓ તેમના શરીરને એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલી શકે છે, પરંતુ તેમની ફરજ પ્રત્યેની વફાદારી અને નીડરતાને ક્યારેય બદલી શકતી નથી. જેલ વિભાગમાં વડા તરીકેની ફરજ દરમિયાન તેમણે શશિકલાને મળતી વીઆઈપી ટ્રીટમેન્ટનો પર્દાફાશ કરીને જેલ ભ્રષ્ટાચારને પણ ખુલ્લો પાડ્યો હતો.

---

**67 પરિવારોના આશિયાના પર ફરી વળ્યું બુલડોઝર**

# શહેરમાં આસારામ આશ્રમ નજીક શિવનગરમાં તંત્રનું મેગા ડિમોલેશન

અમદાવાદ

અમદાવાદમાં આસારામ આશ્રમ પાસે આવેલા શિવનગર વિસ્તારમાં આજે વહીવટી તંત્ર દ્વારા એક બહુ મોટું અને કડક ડિમોલેશન ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. લાંબા સમયથી ચાલી રહેલા અનેક કાયદાકીય વિવાદો, સ્થાનિકોના ભારે આક્રોશ અને ઉગ્ર વિરોધ પ્રદર્શનોના અંતે આખરે આજે વહીવટી તંત્ર કાફલા સાથે ત્રાટક્યું હતું અને શિવનગરના મકાનોને જમીનદોસ્ત કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. આ મેગા ડિમોલેશન અંતર્ગત શિવનગર વિસ્તારના ૩૭ જેટલા મોટા મકાનો પર તંત્રનું પીળું પંજો એટલે કે બુલડોઝર ફરી વળ્યું છે. આ કાર્યવાહીના કારણે આ મકાનોમાં રહેતા અંદાજે ૬૭ જેટલા પરિવારો પળવારમાં બેઘર થઈ ગયા છે. વર્ષોથી જ્યાં પોતાનો સંસાર વસાવીને રહેતા હતા તે ઘરને પોતાની નજર સામે જ તૂટતું જોઈને સ્થાનિક રહીશોમાં ભારે આક્રંદ જોવા મળ્યો હતો. મહિલાઓ, બાળકો અને વૃદ્ધોએ ભારે રોકકળ કરી મૂકી હતી અને ભાવુક થઈને અધિકારીઓ સામે હાથ જોડી મકાન ન તોડવા માટે આજીજી અને રજૂઆતો કરી હતી.

જોકે, સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઘટનાસ્થળે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો હતો. સ્થાનિકોના વિરોધ પ્રદર્શન અને હોબાળા વચ્ચે પણ તંત્રએ પોતાની કડક કાર્યવાહી ચાલુ રાખી તમામ દબાણોને હટાવી દીધા હતા. એક તરફ કાયદાનું પાલન કરાવવાની તંત્રની મજબૂરી અને બીજી તરફ ઘરવિહોણા બનેલા ગરીબ પરિવારોની આંખોના આંસુએ શિવનગરમાં અત્યંત ગમગીન માહોલ સર્જી દીધો છે.

---

**નરાધમો સામે જનતાનો આક્રોશ**

# બળાત્કારીઓ માટે હવે કેસ નહીં પણ સીધો જ હિસાબ હોવો જોઈએ?

સમાજમાં દીકરીઓને સુરક્ષિત રાખવા માટે હવે કાગળ પરના કાયદાઓથી આગળ વધીને લોખંડી પગલાં લેવાનો સમય આવી ગયો છે

અમદાવાદ, (પવન માકન)

જ્યારે પણ દેશ કે રાજ્યના કોઈ ખૂણેથી કોઈ માસૂમ દીકરી પર બળાત્કાર અથવા હેવાનિયતની ઘટના સામે આવે છે, ત્યારે આખો સમાજ હચમચી ઊઠે છે. લોકો મીણબત્તીઓ લઈને રસ્તા પર ઉતરે છે, ન્યાય માટે બૂમો પાડે છે અને ગુનેગારોને ફાંસી આપવાની માંગ કરે છે. પરંતુ આપણી વર્તમાન કાયદાકીય પ્રક્રિયા અને વર્ષો સુધી ચાલતા કોર્ટ કેસોની ધીમી ગતિ જોઈને હવે સામાન્ય જનતાનો ધૈર્ય ખૂટી રહ્યો છે. આજે નાગરિકોના મનમાં એક જ પ્રચંડ અવાજ અને આક્રોશ ઉઠી રહ્યો છે કે, આવા નરાધમો પર હવે કોઈ લાંબા કેસ ચલાવવાની જરૂર જ નથી, ગુનેગારો માટે ફક્ત એક જ કાયદો હોવો જોઈએ: કાં તો એન્કાઉન્ટર અથવા તો શહેરના મુખ્ય ચોકમાં જાહેરમાં ફાંસી.

આજે સમાજનો એક બહુ મોટો વર્ગ એવું મક્કમતાથી માની રહ્યો છે કે કાયદાનો ડર ત્યારે જ પેદા થશે જ્યારે સજા તાત્કાલિક અને અત્યંત કડક હશે. વર્ષો સુધી જેલમાં બંધ રહીને સરકારી ખર્ચે રોટલા તોડતા અને કાયદાની છટકબારીઓનો લાભ લેતા નરાધમોને જોઈને પીડિત પરિવારના ઘા પર વધુ મીઠું ભરાય છે. જ્યારે હૈદરાબાદ જેવા એન્કાઉન્ટરના કિસ્સાઓ સામે આવે છે, ત્યારે આખી જનતા તે કદમને બિરદાવે છે કારણ કે તેમા ત્વરિત ન્યાય દેખાય છે. જો બળાત્કાર જેવા ઘૃણાસ્પદ ગુનાના સાબિત થયેલા આરોપીઓને વચગાળાના જામીન મળતા હોય કે તેમની સજામાં વિલંબ થતો હોય, તો ગુનેગારો બેફામ બને તે સ્વાભાવિક છે. સમાજમાં દીકરીઓને સુરક્ષિત રાખવા માટે હવે કાગળ પરના કાયદાઓથી આગળ વધીને લોખંડી પગલાં લેવાનો સમય આવી ગયો છે. વિકૃત માનસિકતા ધરાવતા તત્વોના મનમાં એવો ભય હોવો જોઈએ કે જો તેઓ કોઈ દીકરી સામે કુદ્રષ્ટિ કરશે, તો તેમનો અંત રસ્તાની વચ્ચે જ લાવવામાં આવશે. જાહેરમાં ફાંસી કે ત્વરિત કાનૂની એક્શન જ આવા નરાધમો માટે સાચો ઈલાજ બની શકે છે, જેથી અન્ય કોઈ ગુનેગાર આવું કૃત્ય કરતા પહેલા હજાર વાર ધ્રૂજી ઉઠે. જોકે, લોકશાહી અને બંધારણીય વ્યવસ્થામાં ન્યાયિક પ્રક્રિયાનું પાલન કરવું અનિવાર્ય છે જેથી કોઈ નિર્દોષ વ્યક્તિ અન્યાયનો ભોગ ના બને. પરંતુ બળાત્કાર જેવા જઘન્ય અપરાધો માટે ફાસ્ટ ટ્રેક કોર્ટથી પણ વધુ ઝડપી એવી સ્પેશિયલ સિસ્ટમ હોવી જોઈએ, જ્યાં મહિનાઓ કે વર્ષો નહીં પણ ગણતરીના દિવસોમાં જ અંતિમ ચુકાદો આવી જાય. જનતાનો આ પ્રચંડ આક્રોશ શાસકો અને કાયદાના રખેવાળો માટે એક મોટો સંદેશ છે કે, હવે કાયદાની છટકબારીઓ બંધ કરો અને દીકરીઓની સુરક્ષા કાજે નરાધમોને એવો પાઠ ભણાવો જે ઈતિહાસમાં અમર થઈ જાય.

---

# ભાજપ સરકારના શાસનમાં અસહ્ય મોંઘવારીએ પ્રજાની કમર તોડી : કોંગ્રેસ પ્રવક્તા ડૉ. હિરેન બેન્કર

અમદાવાદ

કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારની જનવિરોધી નીતિઓના કારણે દેશ અને ગુજરાતની જનતા મોંઘવારીના અસહ્ય બોજ હેઠળ દબાઈ ગઈ છે. અચ્છે દિનના પોકળ વાયદાઓ કરતી સરકાર પર આકરા પ્રહારો કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે જણાવ્યું છે કે, ૧૨ વર્ષના શાસનમાં સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. ૨૦૧૪ની સરખામણીએ આજે ૨૦૨૬માં જીવનજરૂરી તમામ ખાદ્ય ચીજવસ્તુઓ, દૂધ અને ઈંધણના ભાવો બે ગણાથી ત્રણ ગણા વધી ગયા છે, જે સરકારની સદંતર નિષ્ફળતા દર્શાવે છે. કોંગ્રેસ પ્રવક્તાએ આંકડાકીય માહિતી આપતા જણાવ્યું કે, મધ્યમ વર્ગ અને ગરીબોના રસોડાનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. જે રાઈનું તેલ ૨૦૧૪માં ૯૭ રૂપિયામાં મળતું હતું તે આજે ૧૮૯ રૂપિયાને વટાવી ગયું છે. સોયાબીન અને સિંગતેલના ભાવ પણ બમણા થઈ ચૂક્યા છે. ગરીબોના મુખ્ય ખોરાક એવા લોટ, દાળ, ચોખા અને દૂધના ભાવમાં પચાસથી પંચાણું ટકા સુધીનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. બાળકો માટે અનિવાર્ય એવા દૂધના ભાવમાં પણ ૨૩ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થયો છે.

---

# જમાઈના આંગણે સળગી દીકરીની ચિતા : દહેજના દાનવો સામે એક લાચાર પિતાનો કંપાવી દેતો આક્રોશ

શું ખરેખર દીકરીનું જીવન આટલું સસ્તું છે કે ચંદ રૂપિયા અને ગાડી-બંગલાના દહેજ માટે તેનો જીવ લઈ લેવામાં આવે? દીકરીઓને દહેજ પ્રથા અને ઘરેલુ હિંસાનો શિકાર થતી અટકાવવા માટે હવે માત્ર કાગળ પરના કાયદાઓ કામ નહીં આવે

અમદાવાદ

આપણા કહેવાતા આધુનિક સમાજને અંદરથી હચમચાવી મૂકે અને પથ્થર હૃદયના માણસને પણ રડાવી દે તેવી એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર ઘટના સામે આવી છે. એક લાચાર અને ક્રોધે ભરાયેલા પિતાએ પોતાની દીકરીની અંતિમ વિધિ અને ચિતા દહન અન્ય કોઈ જગ્યાએ નહીં, પરંતુ તેના જ સાસરિયાના એટલે કે જમાઈના ઘરના મુખ્ય દરવાજે જઈને કર્યું છે. જમાઈના આંગણે સળગાવવામાં આવેલું આ અગ્નિ સંસ્કાર માત્ર એક પિતાના ક્રોધનું પ્રતીક નથી, પરંતુ દહેજ ભૂખ્યા સાસરિયાઓ અને ઘરેલુ હિંસાથી દીકરીઓનો જીવ લેતા આ ક્રૂર સમાજના ચહેરા પર પડેલો એક જોરદાર તમાચો છે. જમાઈના આંગણે ધગધગતી આ ચિતા માત્ર લાકડાની આગ નથી, પરંતુ એક પિતાના કૂણા સપનાઓનું નિકંદન અને ન્યાય મેળવવા માટે આખા બ્રહ્માંડમાં ગૂંજેલી એક દર્દનાક ચીસ છે. જે દીકરીને પિતાએ લાડકોડથી



ઉછેરીને સાસરે વળાવી હતી, તેને દહેજની વેદી પર બલી ચડાવી દેવામાં આવી. દહેજના કારણે પોતાની વહાલસોયી દીકરીને ગુમાવનાર પિતાનો આ આક્રોશ અને લાચારી જોઈને દરેક સંવેદનશીલ વ્યક્તિનું હૃદય દ્રવી ઉઠ્યું છે. સાસરિયાના ઉંબરે લાગેલી આ આગ આખી સિસ્ટમ અને કાયદા કાનૂન સામે પણ સવાલ ઉઠાવી રહી છે. આ સમગ્ર કાળજું કંપાવી દેતી ઘટના આજે આખા દેશ અને સમાજ સામે એક સણસણતો સવાલ ઊભો કરે છે કે, શું ખરેખર એક દીકરીનું જીવન આટલું સસ્તું છે કે ચંદ રૂપિયા અને ગાડી-બંગલાના દહેજ માટે તેનો જીવ લઈ લેવામાં આવે? દીકરીઓને દહેજ પ્રથા અને ઘરેલુ હિંસાનો શિકાર થતી અટકાવવા માટે હવે માત્ર કાગળ પરના કાયદાઓ કામ નહીં આવે. જ્યાં સુધી આવા નરાધમ સાસરિયાઓ અને જમાઈને ભરી અદાલતમાં ફાસ્ટેસ્ટ ટ્રાયલ ચલાવીને ફાંસીના માચડે લટકાવવામાં નહીં આવે, ત્યાં સુધી આ સામાજિક દૂષણ અટકવાનું નથી. આ ભયાનક પરંપરાને તોડવા માટે હવે સમાજે પોતે જાગૃત થવું પડશે અને જે પરિવારો દહેજની માંગણી કરે છે તેમનો સામાજિક બહિષ્કાર કરવો પડશે. પાક્કો ગુજરાત ન્યૂઝ આ દુઃખની ઘડીમાં પીડિત પિતાની ન્યાયની લડાઈમાં તેમની સાથે ઊભું છે અને તંત્ર પાસે માંગ કરે છે કે દીકરીના હત્યારાઓને એવી સજા મળે જે ઈતિહાસમાં દાખલો બની જાય.

---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI